


જ્ઞાનાચાર્ય અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુવર્ય

# શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતો



સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૧૦

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ-૧૩

## શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છેઃ

### જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિકઃ** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણઃ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખાઃ** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશઃ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજઃ** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મઃ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો

**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.

**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.

**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

## અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

સં. ૨૦૪૨, શ્રીહરિજ્યંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

**નારાયણભાઈ ગી. ઠક્કર**
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# જ્ઞાનાચાર્ય
# અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુવર્ય
# શ્રી વૃંદાવનદાસજી સ્વામીની
# વાતો

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
૧૦

: સંસ્થાપક :
• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

❄ **પ્રકાશન સમિતિ** ❄

*: પ્રેરક - માર્ગદર્શક :*

❄ **અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર** ❄

© શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)
ઈન્કમટેક્ષ એક્ષેમ્પશન u/s 80(G)5

***પાંચમી આવૃત્તિ***
પ્રત : ૩૦૦૦
૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી
સં. ૨૦૬૯, મહા સુદ છઠ

***સેવા મૂલ્ય*** : રૂ.૧૦/-

***પ્રકાશક***
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ ✆ : ૨૭૬૮૨૧૨૦
E-mail : info@shriswaminarayandivinemission.com
Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***
મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ
આંબલી ગામ

# પ્રસ્તાવના

ગિરિમાળાઓમાં સંતાઈ નહિ રહેતાં નદીપ્રવાહો લોક કલ્યાણાર્થે જગત તરફ વળ્યા ત્યારથી ગંગા અને જમના ભારતભૂમિમાં લોકમાતાઓ થઈ પૂજાઈ. પવિત્રતાના એ પ્રવાહોની જેમ જ્ઞાનસાગરના અતાગ પ્રવાહો પણ બહાર નીકળી મુમુક્ષુ વર્ગને પાવન કરે છે ત્યારે અનેકાનેક આત્માઓ મહાપ્રાપ્તિને પામવાના માર્ગ પર ચડી જાય છે. આ પાવનકારી પ્રવાહો અપાર શક્તિથી ભરેલા છે, પણ ઘણી વાર તે જગતને દર્શન આપ્યા વિના જ ગણ્યા ગાંઠ્યા ભાગ્યવંત મુમુક્ષુઓને ઉદ્ધારીને જ અદૃશ્ય થઈ જાય છે, પરંતુ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનુપમ સંપ્રદાયમાં તો આવા અસંખ્ય મીઠા પ્રવાહો મોકળા વહ્યા છે, અને મહામોટા સદ્‌ગુરુવર્યોના સમાગમનો લાભ નહિ પામી શકેલા હરિભક્તો તેમની સંગ્રહિત વાતોમાંથી અનુભવજ્ઞાનના અમૃત પીને તૃપ્ત થયે જ ગયા છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો આ જ્ઞાન વારસો મોટા મોટા સદ્‌ગુરુ સંતો મુમુક્ષુઓને વહેંચતા જ રહ્યા છે. અ. મુ. સદ્. સ્વામી શ્રી ગોપાળાનંદ સ્વામી, અ. મુ. સદ્. સ્વામી શ્રી ગુણાતીતાનંદ સ્વામી, અ. મુ. સદ્. સ્વામી શ્રી નિત્યાનંદ સ્વામી, અ. મુ. સદ્. સ્વામી શ્રી નિષ્કુળાનંદ સ્વામી, અ. મુ. સદ્. સ્વામી શ્રી બ્રહ્માનંદ સ્વામી આદિ મહાસમર્થ જ્ઞાનાચાર્યોએ વિવિધ રીતે શ્રીજી મહિમા કહ્યા

બાદ, અ. મુ. સદ્. સ્વામી શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો જેવા પુસ્તકો દ્વારા એ જ્ઞાનપ્રવાહ જ્ઞાનપિપાસુ હરિભક્તોને તૃપ્ત કરતો ચાલ્યો જ આવ્યો છે. આ અણમોલા પ્રવાહની એવી એક મીઠી સેર અ. મુ. સદ્. સ્વામી શ્રી વૃંદાવનદાસજી સ્વામીની શાંત, દૃઢ, નિર્મળ અને દિવ્ય જ્ઞાનધારામાં હરહંમેશ, હરપળે, વર્ષો સુધી વહેતી રહી હતી, પણ એ મીઠી જ્ઞાનધારાનો લાભ લેવામાં અને તે જ્ઞાનામૃત પચાવી શ્રીજીની મૂર્તિના દિવ્ય સુખને પામવામાં જ સૌ સમાગમમાં આવનાર હરિભક્તોનું તાન રહેતું. સૌ સ્વામીશ્રીની મસ્ત, દિવ્ય, અમૃતવાણીમાં ગુલતાન થઈ બેસતા અને એ અમીપાન કરી અનુભવજ્ઞાનનું સુખ પામતા, પણ આવા ભાગ્યશાળી ભક્તો તો થોડા જ હતા. સ્વામીશ્રીની જ્ઞાનધારા સત્સંગમાં બહુ થોડાને પરખાઈ હતી, અને ઘણાને તે લાભનો ખ્યાલ સુધ્ધાં પણ ન હતો. એવા હરિભક્તો અને સમગ્ર સત્સંગને આ ચુકાયેલી તકનો લાભ મળે, અને ભાવિ હરિભક્તોને સર્વોપરી જ્ઞાનનો આશાતારો શ્રીજી પ્રાપ્તિના કઠિન માર્ગ પર સહેલાઈથી દોરે એની ચિંતા એક આત્મામાં થઈ ત્યારથી આ વેડફાઈ જતી જ્ઞાનગંગા ઝીલવાનું કાર્ય શરૂ થયું, અને આ વાતોના સંગ્રહનો આરંભ થયો.

આ પરોપકારી વ્યક્તિ સ્વામીશ્રીના સેવક પાર્ષદ સોમાભક્ત હતા. શરૂઆતમાં તેમણે આ વાતોનો સંગ્રહ શરૂ કર્યો અને પછી થોડા વખત બાદ સ્વામીશ્રીના ઐશ્વર્ય પ્રતાપથી આકર્ષાઈને પોતે સ્વામીશ્રીની સાથે રહેવા માટે અને સેવા લાભ ઉઠાવવા માટે દીક્ષા ગ્રહણ કરી ચૈતન્યદાસજી નામે સાધુ થયા હતા. સમાગામના વધારે મળતા લાભને લીધે તેમણે સંગ્રહ કાર્ય

ચાલુ જ રાખ્યું હતું. સ્વામીશ્રી પ્રત્યેની તેમની પૂજ્યભાવભરી મમતાને કારણે, શ્રીજીમહારાજની ઇચ્છાથી તેઓ ધામમાં જવા તૈયાર થયા ત્યારે પણ સ્વામીશ્રીની સેવા કરવા ઇચ્છા બતાવેલી, પણ સ્વામીશ્રીએ તરત જ તેમને ચેતવી દીધા કે મૂર્તિ વિના કોઈ પણ પ્રકારની ઇચ્છા જન્મ ધરાવે છે માટે મૂર્તિમાં જોડાઈ જાઓ. સ્વામીશ્રીનું આ શિક્ષાવચન તેઓ સાનમાં સમજી ગયા અને તરત તેમને મહારાજના દિવ્ય તેજોમય દર્શન થયાં.

સ્વામીશ્રીના આ જ્ઞાનપિપાસુ અને જ્ઞાની શિષ્યે છેક સુધી વાતોનો સંગ્રહ ચાલુ રાખ્યો હતો, અને સ્વામીશ્રીએ પણ તેમને કૃપા કરી મૂર્તિમાં રાખ્યાનું જ્ઞાન ટૂંક સમયમાં આપ્યું હતું, જે તેમણે પૂછેલા પ્રશ્નોમાં સ્પષ્ટ જણાઈ આવે છે.

'વાતો'ના દિવ્ય જ્ઞાન ઉપર વિવેચન અસ્થાને છે. શ્રીજીની મૂર્તિમાં સદૈવ રસબસ રહ્યા થકા આ લોકમાં દૃષ્ટિગોચર વર્તતા અનાદિમુક્તની દૃષ્ટિએ તો પોતાની સર્વ ક્રિયા કારણમૂર્તિ જ કરે છે. એવા મૂર્તિ સ્વરૂપ મુક્તો દ્વારે જે કાંઈ થતું હોય તેના કર્તા મહારાજ પોતે જ છે. આ વાત મોટા મુક્તની કૃપાદૃષ્ટિએ જ યથાર્થ સમજાય છે. એવા મૂર્તિ સ્વરૂપ મુક્તોની વાણી એ અનુભવજ્ઞાનની અમૃતવાણી છે. 'રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પય માંહી ભળી' - રસબસભાવે વર્તતા મુક્તો શ્રીજીની દિવ્ય સાકાર મૂર્તિમાં રહ્યા થકા દિવ્ય સાકાર છે. એવા મુક્ત રસબસભાવે ઓતપ્રોત તદ્રૂપ તલ્લીન રહીને જ મૂર્તિના દિવ્ય સુખનું પાન કરનારા હોવાથી એમનાં દર્શન ને સેવા તે સ્વયં શ્રીજીમહારાજનાં દર્શન-સેવા તુલ્ય મહારાજે ગણાવેલ છે. આવા મહામુક્તોની પંક્તિના આ જ્ઞાનસાગર સ્વામીશ્રીની જ્ઞાનવાણીનું પાન કરી શ્રીજીની દિવ્ય મૂર્તિનું અગાધ જ્ઞાન સહેજે આ 'વાતો'માંથી પમાય તેમ છે. આ દિવ્ય જ્ઞાનની

વાતોનું શ્રવણ, મનન કરી સાક્ષાત્કાર કરવાનો આગ્રહ રાખવો અને શ્રીજીનો રાજીપો મેળવવો એ મુમુક્ષુ માત્રને હવે સહેલ થઈ જશે. એ જ આ 'વાતો' પ્રસિદ્ધ કરવાનો ઉદ્દેશ છે.

આ પાવનકારી જ્ઞાનપ્રવાહમાં સૌ જ્ઞાનપિપાસુ મુમુક્ષુઓ તલ્લીન થઈ જાય અને શ્રવણ-મનનના અભ્યાસથી શ્રીજીની દિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર કરે એ જ આ પુસ્તકની પ્રસિદ્ધિની સાર્થકતા છે. વાચક બંધુઓ! આપ સૌ એ પવિત્ર પ્રવાહનો ખૂબ લાભ ઉઠાવો, શ્રીજીની પ્રસન્નતા મેળવો અને અનાદિમુક્તની અલભ્ય, અગમ્ય સ્થિતિની પ્રાપ્તિને પામો એ જ અમારી શુભ આશા છે!

સંવત ૨૦૦૧ — સત્સંગ સેવક

શ્રીહરિ જયંતી — **પરીખ બળદેવદાસ વલ્લભદાસના**

**અમદાવાદ** — **જય શ્રી સ્વામિનારાયણ**

# પાંચમી આવૃત્તિનું નિવેદન

મુમુક્ષુ સાધકને જ્ઞાનચક્ષુ ખોલવામાં અત્યંત ઉપયોગી એવા આ અલૌકિક પુસ્તકની વાચકવૃંદ દ્વારા ઊભી થયેલી માગને પ્રતિસાદ આપવા તેની પંચમ આવૃત્તિ ‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’ દ્વારા પ્રકાશિત થઈ રહી છે. શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપ સાથે સંલગ્ન એવા આ અનાદિમુક્ત કેવા સમર્થ ને પ્રભાવશાળી હોય છે તેની મુમુક્ષુને ઝાંખી થયા સિવાય રહેતી નથી. તે બાબત આવા જ્ઞાનામૃતની ઉત્તરોત્તર પ્રકાશિત થતી આવૃત્તિઓ દ્વારા સાબિત થાય છે.

સ. ગુ. શ્રી વૃંદાવનદાસજી સ્વામીની આ સ્વાનુભવ દિવ્યવાણી અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરવામાં ખૂબ જ પ્રેરક બનશે એ નિઃશંક છે. સત્સંગની આપણી નવી પેઢી પણ તેને અચૂક આવકારશે અને તેમાંથી અખૂટ પ્રેરણા ને સાચું માર્ગદર્શન મેળવી દિવ્યાનંદ અનુભવશે.

આ દિવ્યતમ પ્રકાશનના કાર્યમાં જે કોઈ સેવારૂપે સહભાગી થયા છે તે સર્વે પર શ્રીજીમહારાજ, બાપાશ્રી ને સદ્‌ગુરુઓની તેમ જ અ. મુ. સદ્‌ગુરુવર્ય પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા સદાય વરસતી રહે એ જ અભ્યર્થના!

સં. ૨૦૬૯, મહા સુદ છઠ — **પ્રકાશન સમિતિ**

ઈ.સ. ૨૦૧૩, ૧૬ ફેબ્રુઆરી — **શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**અમદાવાદ**

## અનાદિ મુક્તરાજ

# સદ્‌ગુરુવર્ય શ્રી વૃંદાવનદાસજી સ્વામીના સંસ્મરણો

સ્વામીશ્રી અતિ ચમત્કારી, અલૌકિક, દિવ્ય મૂર્તિ હતા. જેમના કૃપાપ્રસાદથી અસંખ્ય મુમુક્ષુઓ સુખિયા થઈ ગયા એવા એ સદ્‌ગુરુ સંતનાં અનેક પ્રતાપ કાર્યો નજરે પડે છે, પણ તે લખવામાં માત્ર સત્સંગના મુમુક્ષુ વર્ગને આ અલૌકિક પ્રસાદની ઝાંખી કરાવવાનો જ આશય છે. કારણ કે સ્વામીશ્રી પોતે જ્ઞાનમૂર્તિ હતા અને પોતાના રહસ્યજ્ઞાનમાં મુક્તને સર્વ ક્રિયામાં કે કાર્યમાં મૂર્તિનું-મહારાજનું જ મુખ્યપણું હતું. એટલે એ બધી ક્રિયા મહારાજ સ્વયં કરે છે એ જ સિદ્ધાંત હતો. મુક્ત થયા પછી મૂર્તિમાં તદાકાર થઈ ગયેલા મુક્તને નામ માત્રનો પણ જુદારો નથી; અને તેથી જ સ્વામીશ્રી જેવા મોટાનાં ઐશ્વર્યો કે ચમત્કારોનું વર્ણન કરવામાં તેમની સ્થિતિની મહત્તા વધારવા જેવું કશું જ નથી. તથાપિ સામાન્ય વર્ગના મુમુક્ષુઓને આવા સમર્થ દિવ્ય મુક્તની મોટપ તેમનાં કાર્યોમાંથી સમજાય અને તેમના દ્વારે શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિને વિશે સ્નેહ બંધાઈ છેવટે આવું સર્વોપરી જ્ઞાન સિદ્ધ થઈ જાય એ હેતુથી સ્વામીશ્રીના દિવ્યભાવનાં સંસ્મરણોની ટૂંક નોંધ અહિ પ્રસિદ્ધ કરેલી છે.

૧. આ સદ્. સ્વામીશ્રી ગામડામાં ફરતા હતા ત્યાં એક

બ્રાહ્મણે આવી વર્તમાન ધરાવવા માગણી કરી. ત્યારે પોતે એમ બોલ્યા કે, 'તમોએ તો અમદાવાદમાં બ્રહ્મચારી બાળમુકુંદાનંદજી પાસે વર્તમાન ધરાવ્યાં છે અને ફરી વાર કેમ વર્તમાન ધરાવવાની માગણી કરો છો?' આવાં સ્વામીશ્રીનાં વચન સાંભળી તે બ્રાહ્મણને બહુ જ દિવ્યભાવ આવ્યો. અને આ સદ્. સ્વામીશ્રીને અંતર્યામી જાણી આગ્રહપૂર્વક તેમની પાસે પણ વર્તમાન ધરાવ્યાં અને સ્વામીશ્રીના આશીર્વાદ મેળવી સત્સંગમાં દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતાં મહાસુખિયા થઈ ગયા.

૨. એક વખત મૂળી મંદિરના મેડા પર સંતોની સભામાં બાપાશ્રી વાતો કરતા હતા. ત્યાંથી સભા સમય થયો એટલે બીજા સંતો ગયા પણ સ્વામીશ્રી બેસી રહ્યા. તેથી બાપાશ્રીએ પૂછ્યું, 'સ્વામી, કેમ બેઠા છો?' ત્યારે પોતે જ રમૂજ કરતાં કહ્યું, 'પ્રસાદ આપો' ત્યારે બાપાશ્રી કહે, 'ધ્યાન કરો, પ્રસાદ મળશે.' આ આશીર્વચન બાદ સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં પછી પોતાને આસને જઈ ધ્યાન કરવા બેઠા. ત્યાં તો તેમને મહારાજનાં તેજોમય દર્શન થવા લાગ્યાં. તેથી આનંદભર્યા એમ ને એમ સવાર સુધી બેસી રહ્યા. પછી નાહી-ધોઈ પૂજા કરી બાપાશ્રી પાસે દર્શને આવતા હતા ત્યાં છેટેથી બાપાશ્રીએ કહ્યું, 'સ્વામી, પ્રસાદ મળ્યો ને!'

બાપાશ્રીની આવી અલૌકિક કૃપાની વાત કરતા સ્વામીશ્રી કેટલીક વાર સભામાં હરિભક્તોને કહેતા કે, મોટા મુક્ત કૃપા કરે તો તરત મૂર્તિ સિદ્ધ થઈ જાય. આ વાત સ્વામી ભગવતસ્વરૂપદાસજીને પણ સ્વામીશ્રીએ કરી હતી.

૩. સ્વામીશ્રી સંતોએ સહિત પાટડીમાં હતા ત્યાં એક પોસ્ટમેને આવી પોતાને ધ્યાન કરતાં વિક્ષેપ થતો હતો તે

વાત કરી. ત્યારે સ્વામીશ્રીએ તેના માથે હાથ મૂકી દિવ્યભાવે મહારાજનું ધ્યાન કરવાની લટક સમજાવીને કહ્યું, 'હવે આ રીતે ધ્યાન કરજો, વિક્ષેપ નહિ નડે.' તરત જ તે હરિભક્તે ત્યાં જ ધ્યાન કરવા માંડ્યું. ત્રણ, ચાર કલાકે જાગ્રત થઈ પોતાને દિવ્ય દર્શન થયાની વાત કરીને કહ્યું, 'સ્વામી! તમે તો મારો જન્મ સફળ કર્યો.' ત્યારે સ્વામીશ્રી કહે, 'આમ ને આમ મહારાજમાં વૃત્તિ રાખ્યા કરજો તો અખંડ સુખમાં રહેવાશે.'

૪. દદુકાવાળા પુરુષોત્તમભાઈના આગ્રહથી સ્વામીશ્રી બજાણા પધાર્યા હતા. એ વખતે મૂળીના સંતો, સ્વામી ભગવતસ્વરૂપદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજી વગેરે ગોરૈયે મૂર્તિ લેવા ગયા હતા. ત્યાંથી મૂર્તિ લઈ બજાણા આવ્યા ત્યારે સ્વામીશ્રીએ સભામાં કહ્યું જે, 'જુઓ! ભગવાન આવ્યા.' પછી સંતોને મળી મૂર્તિના સુખની વાતો કરવા માંડી. એ વખતે આસપાસનાં ગામડાંના હરિભક્તો સભામાં બેઠા હતા. તે સાથે માલવણનો સુંદર નામે ખોજો આવેલ તે પાસે બેઠો હતો. આ ખોજાએ બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીનાં સેડલામાં દર્શન કરેલાં ત્યારે પોતે સાકર ભેટ મૂકી પોતાના સંકલ્પ પ્રમાણે ચમત્કાર જોયેલ, તેથી સ્વામીશ્રીને મોટા પુરુષ જાણી વાતો સાંભળતો હતો. તેને સ્વામીશ્રીએ પૂછ્યું, 'આ કલ્યાણ થવાની વાતો થાય છે તેની તમને હા પડે છે?' ત્યારે તે કહે, 'તમારે મોટા પુરુષને શું? તમે તો જડ-ચૈતન્યના ધારો તેનાં કલ્યાણ કરી નાખો.' ત્યારે સ્વામી કહે, 'જડનાં કલ્યાણ કરવાં સહેલાં છે, પણ તર્કબુદ્ધિવાળા મનુષ્યને વિશ્વાસ ન આવે, તેથી વાર લાગે. જો મોટા પુરુષનાં વચન મનાય તો કલ્યાણમાં વાંધો ન આવે.' એમ કહીને તેને મોક્ષ થવાનું વચન આપ્યું.

૫. આ સદ્. સ્વામીશ્રી કારિયાણા ગામમાં હતા ત્યાં બજાણાના ખુશાલભાઈ સિંહાસન માટે ઉઘરાણું કરવા ગયા હતા. તેને સ્વામીશ્રીએ કહ્યું, 'ખુશાલભાઈ! તમારે ગામનું મંદિર તો થયું, પણ હવે ચૈતન્યમાં મૂર્તિ પધરાવો એટલે તમારું મંદિર થાય!' એમ કહી તેમના પર રાજી થઈ હાથમાં પાણી આપી આશીર્વાદ આપ્યા કે તરત જ તેમને ધ્યાનમાં મહારાજનાં દર્શન થવા લાગ્યાં. આ વાત તેમણે સેડલામાં સ્વામી ભગવતસ્વરૂપદાસજી હતા તેમને જણાવી કહ્યું કે આ ફેરે તો સ્વામીએ મને ન્યાલ કરી દીધો.

૬. સંવત ૧૯૬૨માં સમૈયા પ્રસંગે વડતાલમાં અનાદિ મુક્તરાજ બાપાશ્રી કચ્છી સંઘે સહિત પધાર્યા હતા ત્યારે કાણોતરના બાપુભાઈએ આખી રાત એ સંઘને પ્રદક્ષિણા ફરતાં ચોકી કરેલ, તે સેવાથી રાજી થઈ બાપાશ્રીએ તેમને સંઘે સહિત કાણોતર પધારવાનું વચન આપેલું હતું. જ્યારે બાપુભાઈને દેહ મૂકવા જેવો મંદવાડ થઈ ગયો ત્યારે તે હેતે સહિત સંભારવા લાગ્યા. તે વખતે બાપાશ્રીએ આપેલ વચન પ્રમાણે તેમને શ્રીજીમહારાજ અને બાપાશ્રીના સંઘે સહિત દર્શન થયાં. તે એમ ને એમ ત્રણ દિવસ સુધી દર્શન થયાં કર્યાં. આ વખતે સ્વામીશ્રી નળકંઠામાં ફરતા હતા ત્યાં એમને પણ એવાં જ દર્શન થાય; તેથી સભામાં મર્મ કરી કહેતા કે, 'મોટા મુક્ત કોઈને વચન આપે તે સત્ય કરે છે.' કોઈ હરિભક્તને વાત પણ કરતા. એ વખતે ત્યાં દેવથળના ડાહ્યાભાઈ, જે સ્વામીશ્રીના પૂર્ણ કૃપાપાત્ર હતા તે આવ્યા. તેમને પણ સ્વામીશ્રીએ આ વાત કરી. આથી એમણે કાણોતર ખબર કઢાવ્યા ત્યારે સ્વામીશ્રીના કહેવા પ્રમાણે જ તેમને

દર્શન થયાં હતાં.

૭. સંવત ૧૯૬૬માં મૂળીથી પુરાણી ધર્મકિશોરદાસજી, સ્વામી ભગવતસ્વરૂપદાસજી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી તથા સંતદાસજી વગેરે સંતો બાપાશ્રીનાં દર્શન કરવા કચ્છમાં ગયેલા. એક દિવસ કાળી તલાવડીમાં સંતો સાથે નાહી, ઝાડને છાંયે બેસી બાપાશ્રીએ મૂર્તિના સુખની વાતો કરી. પછી સૌને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપીને બોલ્યા જે, 'આ વચન સત્ય માનજો. આજથી અમે તમારા જમાન છીએ. શાહુકારની હૂંડી હોય તે ફરે નહિ તેમ આ વચન માનજો.' પછી આ સ્વામીશ્રીના મહિમાની વાત કરી કહ્યું જે, 'તમે દેશમાં જતી વખતે પ્રથમ સ્વામીશ્રી પાસે જજો.'

આ વચન પ્રમાણે સંતો સ્વામીશ્રી પાસે ગયા ત્યારે સ્વામીશ્રીને કહ્યું જે, 'બાપાશ્રીએ અમોને તમારી પાસે મોકલ્યા છે અને કહ્યું છે કે સુખિયા કરજો.' ત્યારે પોતે બોલ્યા કે, 'બાપાશ્રીએ તો ત્યાં જજો એટલું જ કહ્યું છે.' આથી સંતોએ જાણ્યું જે સ્વામીશ્રી તો દિવ્યભાવે ભેગા જ રહે છે અને બધું જાણે છે. પછી સંતોને સ્વામીશ્રીએ થોડા દિવસ પોતાની પાસે રાખી મૂર્તિના સુખની વાતો કરી રાજી કર્યા.

૮. સ્વામીશ્રી સંતોએ સહિત નળકંઠાના ગામડામાં જતા હતા. ત્યાં રસ્તામાં કોઈ મુમુક્ષુને વર્તમાન ધરાવવાં હતાં, પણ પાસે પાણી નહિ હોવાથી પોતે કૃષ્ણકેશવદાસજી નામના સાધુને કહ્યું કે તુંબડીમાં ગરણું લીલું હોય તો તે નિચોવીને પાણી આપો તો વર્તમાન ધરાવીએ. એ સંત વિશ્વાસી હતા. તેથી તુંબડી ખભેથી ઉતારી જોયું તો આખી તુંબડી પાણીથી ભરેલી! પછી તે પાણી લઈ તેમને વર્તમાન ધરાવ્યાં અને પોતે

પણ જળપાન કર્યું.

૯. ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને સ્વામીશ્રીએ મૂર્તિમાં રસબસ રહેવાની વાતો કરી પણ સમજાણી નહિ. પછી તેઓ જ્યારે બાપાશ્રી પાસે દર્શને ગયા ત્યારે સ્વામીશ્રીએ જે વાત કરી હતી તે જ વાત કરી હાથમાં પાણી આપી મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા કે તરત જ એ વાત સિદ્ધ થઈ ગઈ. તે વખતે પ્રથમ સ્વામીશ્રીએ જે વાત કરેલ તે અને બાપાશ્રીએ જે નક્કી કરાવ્યું તે એક થઈ ગયું. અને બાપાશ્રીની સાથે સ્વામીશ્રીનો પણ દિવ્યભાવ સમજાઈ ગયો. પછી તો સભામાં વાતો કરતા હોય તો ય એ જ વાત કરે કે, 'આપણને મહારાજે મૂર્તિમાં રાખ્યા છે.' આ બ્રહ્મચારીએ ભૂજમાં ઠાકોરજીની સેવા કરવા ઉપરાંત શ્રીજીમહારાજે કચ્છમાં કરેલ લીલા ચરિત્રનો ઉત્તમ સર્વોપરી સમજણના સારરૂપ 'પુરુષોત્તમ લીલામૃત સુખસાગર' નામનો ગ્રંથ લખ્યો છે. આમ મોટા મુક્તની કૃપાએ દિવ્ય ભાવ આવે છે.

૧૦. એક વખત મૂળી મંદિરના મેડા ઉપર સભામાં સ્વામીશ્રી મહારાજના મહિમાની વાતો કરતા હતા ત્યાં માલણિયાદવાળા ચતુરભાઈ તથા અખિયાણાના વિઠ્ઠલભાઈ આવ્યા. એ બેયને સ્વામી હેતે સહિત મળ્યા. પછી સભામાં ચતુરભાઈની પ્રશંસા કરી કહ્યું કે, 'આમની સ્થિતિ બાપાશ્રીએ વખાણી છે.' પછી વિઠ્ઠલભાઈને પાસે બોલાવી હાથમાં પાણી આપી મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા. એટલામાં તો તેમનું અંગ પલટાઈ ગયું ને મહારાજનાં દર્શન થવા લાગ્યાં. આવો મોટાનો પ્રતાપ છે.

॥ શ્રીજી ॥

## અનાદિ મુક્તરાજ

# સદ્‌ગુરુવર્ય શ્રી વૃંદાવનદાસજી સ્વામીનું જીવન ચરિત્ર

અક્ષરાધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનાદિ મુક્તરાજ સંતવર્ય સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામી એટલે પરમ પવિત્ર અને ચારિત્ર્યવાન સંત. લૌકિક દૃષ્ટિએ તેઓશ્રીએ આ લોકમાં ૯૫ વર્ષ સુધી દર્શન આપ્યાં. તેમાં ૭૫ વર્ષ સુધી સત્સંગની મહામોંઘી સેવા કરી અનેકને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના સુખભોક્તા કર્યા.

એમનો જન્મ કચ્છ દેશમાં ભારાસર ગામે કણબી જ્ઞાતિમાં થયો હતો. બાળપણથી જ તેમનો સુંદર ચહેરો અને હસતું મુખ જોઈ માતા, પિતા તથા સંબંધીજનોને સહેજે એમ જણાતું કે આ કોઈ દિવ્ય, ચમત્કારી પુરુષ છે. ઘરમાં તથા સગાંવહાલાંઓમાં સૌને સત્સંગ હોવાથી નાનપણથી જ પોતે મંદિરે જતા આવતા. સાત-આઠ વર્ષની ઉંમરે તો સહુ હરિભક્તો સાથે પોતે પૂજા, માનસી પૂજા વગેરે કરવા લાગ્યા. કથા-વાર્તા થતી હોય ત્યાં પણ બેઠા હોય. કોઈ વાર તો ધ્યાનમાં બેસી જાય. આમ દિન-પ્રતિદિન તેમનું અંગ સત્સંગમાં વૃદ્ધિ પામતું ગયું. કચ્છના રિવાજ પ્રમાણે થોડો વખત નિશાળે જઈ ભણ્યા. પોતાને ભગવાન ભજવા-ભજાવવાનું તાન વિશેષ હોવાથી બીજી ક્રિયામાં ચિત્ત ચોંટતું જ નહિ. કોઈ વાર ભૂજથી કે ગામડાંઓમાંથી સંતો આવ્યા

હોય ત્યારે સભામાં મહારાજના મહિમાની વાતો થાય ત્યારે પોતાને મનમાં એમ થતું જે, 'આ સંતો ભગવાનના સુખે સુખિયા છે, એવા સુખિયા કેમ થવાય? વ્યવહારમાં રહીને તો ભગવાન ભજવાની નવરાશ મળે તેવું જણાતું નથી.' આવા વિચારે જ્યારે કોઈ કોઈ વાર ભૂજ, અંજાર, માંડવી વગેરે ગામોમાં ઠાકોરજીનાં દર્શન કરવા જતા ત્યારે ત્યાં બે ચાર દિવસ રોકાઈ જતા. તેમનું ભગવદ્‌ભક્તિ અને વૈરાગ્યપરાયણ અંગ જોઈ કોઈ કોઈ સંતો તેમને ત્યાગી થઈ જવાનો બોધ પણ કરતા. પોતાની મૂળ રુચિમાં આ ઉપદેશ તેમને પુષ્ટિરૂપે થતાં ત્યાગી થઈ જવાની અતિશય ઉત્કંઠા થઈ આવી. જ્યારે પંદર વર્ષના થયા ત્યારે ભૂજ જવા માટે નિશ્ચય કર્યો, પણ વિચાર કરતાં એમ લાગ્યું કે આ દેશમાં ત્યાગી થવાથી માતાપિતા તેમજ કુટુંબીજનો ઉપાધિ કરશે. માટે ગુજરાતમાં જવાય તો આવી કોઈ ઉપાધિ થાય નહિ.

એક દિવસ પોતાની પાસે એકાદ બે કોરીઓ હતી ત્યારે પોતાના આ નિર્ણય પ્રમાણે ગૃહત્યાગ કરવાનો વિચાર નક્કી કર્યો. એટલી કોરીથી વહાણમાં બેસી સામે કાંઠે ઊતરી જવાશે પછી હરકત નહિ આવે, એમ જાણી ઘેરથી એકાએક ચાલી નીકળ્યા. બીજે દિવસે ખારી રોડ જઈ, વહાણમાં બેસી વવાણિયા બંદર ઊતરી, પગ રસ્તે ગામડાંઓમાં ફરતા ફરતા અમદાવાદ પહોંચ્યા. પાછળથી માતાપિતા તથા સંબંધીજનોને બહુ ઠેકાણે તપાસ કરવા છતાં મળ્યા નહિ ત્યારે સૌને એમ જણાયું જે, એમને વૈરાગ્ય બહુ હતો તેથી એ મૂળી, અમદાવાદ, ગઢડા, વડતાલ, એમાંથી કોઈક ઠેકાણે ગયા હશે. એમને આ લોકના સુખની રુચિ નહોતી એટલે એ કાંઈ બીજે

જાય તેવા નથી; તેમ વ્યવહારમાં રહે તેમ પણ નથી. આવા વિચારે એ વખતે તો ધીરજ રાખી રહ્યા. સ્વામીશ્રી તો પૂર્વના મુક્ત હોઈ તેમણે આ લોકની કે સગા-સંબંધીની ગણતરી જ ન રાખી.

થોડા વખત બાદ, અમદાવાદમાં આચાર્ય મહારાજશ્રીએ સ્વામીશ્રીની સહેજ રુચિ જાણવા ઘર તથા સંબંધીની હકીકત પૂછી, અને તેમની સાધુ થવાની ઇચ્છા જાણ્યા પછી પ્રથમ કોઠારી સંત પાસે રહેવા કહ્યું. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે, 'કોઠારને લીધે તેમને વ્યવહાર હોય ત્યાં મને ભગવાન ભજવાનું સુખ ન આવે.' પછી ભંડારી ભેળા રહેવા કહ્યું. ત્યારે પણ એવી જ રુચિ જણાવી. છેવટે ગવૈયા સંત પાસે રહેવા કહ્યું, ત્યારે પણ પોતે અરુચિ દેખાડી, અને પોતાને તો પ્રભુ ભજવા તરફ જ લગની હતી, તેથી પોતે પસંદ કરેલ સ્વામી માધવજીવનદાસજી પાસે રહેવા જણાવ્યું. તેથી આચાર્યશ્રીએ દીક્ષા આપી તેમને સાધુ કર્યા. જ્યારે તેમના માતાપિતાએ કચ્છમાં આ વાત જાણી ત્યારે તેઓ શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હોવાથી મન વાળી રહ્યા, અને સમજ્યા કે, 'એમણે તો એમનું સુધાર્યું! ત્યાં બેઠા એ અખંડ મહારાજનું ભજન કરશે અને આપણે દર્શન કરી રાજી થઈશું! બીજું શું થાય! હવે તો તેમનાં દર્શને સંતોષ માનવો રહ્યો!' આવા વિચારોની જાણ થતાં સ્વામીશ્રીને પણ ઘર તરફથી ઉપાધિ થવાની બીક મટી ગઈ.

સ્વામીશ્રીને નાની ઉંમરમાં જ ભગવાન ભજવાની રુચિ હોવાથી તેમ જ પોતે નિયમ-ધર્મમાં સાવધાન હોવાથી, મોટા મોટા સંતો તથા ગુરુશ્રી તેમના ઉપર વધુ ને વધુ પ્રસન્ન થવા

લાગ્યા. મંદિરમાં જ્યારે સંસ્કૃત ગ્રંથોની કથા થતી હોય ત્યારે સ્વામીશ્રી એમ વિચારે જે આવું ભણ્યા હોઈએ તો શ્રીજીમહારાજના લીલાચરિત્રની કથાઓ થાય. તેમના ગુરુ માધવજીવનદાસજી સ્વામીએ આ વાત જાણી એટલે તેમને ભણાવ્યા. સ્વામી તો પૂર્વના જ વિદ્વાન હોવાથી થોડા વખતમાં વિદ્યા સંપાદન કરી પુરાણી થઈ કથા કરવા લાગ્યા. તેમની કથા વાંચવાની તથા વાતો કરવાની ઢબ ઘણી અસરકારક હોવાથી સ્વામી માધવજીવનદાસજીને તેમના પર હેત વધતું ગયું. સ્વામીશ્રી પણ સંતગુણે સંપન્ન હોવાથી દિવસે દિવસે મંદિરના વ્યવહારની અને મોટા મોટા સંતોને રાજી કરવાની રીત શીખી ગયા.

અમુક સમય જતાં ગુરુશ્રીની હાજરીમાં જ પોતે આગેવાન થઈ અમદાવાદ મંદિરની મહંતાઈ લીધી. એ વખતે ધ. ધુ. આચાર્યશ્રી તથા મોટા મોટા સંત, હરિભક્તો વગેરેની મરજી સાચવી તેમને રાજી કરી દીધા. બીજી વખત તેઓશ્રી ધોળકા મંદિરના પણ મહંત થયેલા.

આમ પોતે ચારિત્ર્યવાન તથા વ્યવહારકુશળ સંત હોવા છતાં જ્યારે તેમને સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીનો સંબંધ થયો અને દિવ્ય ગુણોથી બંનેને પરસ્પર હેત થયું ત્યારે અતિ દુર્લભ પ્રાપ્તિ અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીનો યોગ થયો.

આ ત્રિમૂર્તિ દિવ્ય સ્વરૂપોનો અભિપ્રાય અનેક જીવોનો મોક્ષ કરવાનો હોઈ તેમણે નરનાટ્ય ધર્યું હશે એમ તો સૌ કોઈને એ વખતે ક્યાંથી સમજાય? એ વખતે તો આ સંતો બાપાશ્રી સાથે હેત જણાવે, યોગ સમાગમ કરે, સેવાઓ કરી

રાજી થાય, બાપાશ્રી પણ સંતોનો મહિમા કહે, ચંદન-પુષ્પથી પૂજાઓ કરે, મળે, આશીર્વાદ આપે. આ સંતો પણ પ્રતિવર્ષ કચ્છમાં સંત-હરિભક્તોને સાથે લઈને જાય. ત્યાં અનેક પ્રકારે બાપાશ્રીને રાજી કરે, મહારાજના મહિમાની તથા રહસ્યજ્ઞાનની વાતો સાંભળે. આમ કરતાં એવું ગાઢ હેત બંધાયું કે કોઈને જુદું રહેવું ગમે નહિ. આથી કેટલાક સંત-હરિભક્તોને સમજાઈ ગયું કે શ્રીજીમહારાજના સંકલ્પથી આ બંને સદ્‌ગુરુઓ તથા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી જીવોના કલ્યાણ કરવા દર્શન આપે છે. આ રીતે થોડા જ વખતમાં આ સમર્થ સંતોએ બાપાશ્રીનો અત્યંત મહિમા જાણી યોગ, સમાગમ અને સેવાએ રાજી કરી, રહસ્ય અભિપ્રાય જાણી લીધો કે શ્રીજીમહારાજે પોતાની દિવ્ય મૂર્તિમાં રસબસ કરવા રૂપ અનાદિમુક્તની સ્થિતિ કરાવવા બાપાશ્રીને સત્સંગમાં મોકલ્યા છે.

આ હેતુથી બંને સંતોએ પણ પોતાના સમાગમમાં આવનારને આ દિવ્ય સ્વરૂપની ઓળખાણ કરાવી મૂર્તિનું રહસ્યજ્ઞાન આપવા માંડ્યું. અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ જાણે એવી જ ઉતાવળ કરવા ધાર્યું હોય તેમ આ બને સંતોને પોતાની સાથે રાખી વર્ષોવર્ષ કાંઈ ને કાંઈ નિમિત્તો ઊભાં કરી, કચ્છમાં સાધારણ રીતે કોઈથી બની ન શકે એવા મોટા યજ્ઞો કર્યા. તેમાં હજારો સંત, હરિભક્તોને ગામેગામથી પોતાની પાસે બોલાવી મોક્ષનાં વરદાન આપવા માંડ્યાં. આ સંતોએ બાપાશ્રીને પ્રેમભાવે વશ કરી લીધેલ હોવાથી ગામોગામ ફેરવી, ઓળખાણ કરાવી, અનેકને મૂર્તિમાં રાખવા રૂપ આત્યંતિક મોક્ષના આશીર્વાદ અપાવ્યા.

આ રીતે સદ્‌ગુરુ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજીનો મેળાપ થયા પછી અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીની પૂર્ણ કૃપાનો લહાવ મળતાં આ સ્વામીશ્રીનો જાણે જીવન પલટો થઈ ગયો હોય તેમ જણાવા લાગ્યું. પછી તો સભા પ્રસંગે કે પોતાને આસને જ્યારે જ્યારે વાતો થતી હોય ત્યારે મુખ્યપણે એની એ જ વાત થાય. ‘મહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા છે,’ ‘અનાદિમુક્ત રસબસભાવે સુખ લીધા જ કરે છે,’ ‘આપણા બહુ મોટાં ભાગ્ય જે આવી પ્રાપ્તિ થઈ,’ ‘મહારાજને પ્રગટ જાણ્યા વિના પ્રગટ પ્રાપ્તિ ન થાય,’ ‘ચૈતન્યને મૂર્તિરૂપ કરી મહારાજે સાથે રાખ્યો ત્યારે દેખાવ કોનો રહ્યો?’ ‘મૂર્તિરૂપ થઈને જોઈએ તો મહારાજ જ દેખાય,’ ‘સૌને એવી જ પ્રાપ્તિ થઈ છે,’ આવી રીતે વાતો કરતા રમુજ કરે ત્યારે મુખાકૃતિનું હાસ્ય તો જાણે અજબ જ લાગે. આ સ્વામીશ્રીને અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ સદ્‌ગુરુ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી સાથે તેમની જોડ બાંધી છેલ્લા દિવસ સુધી દરેક કાર્યમાં સાથે રહેવાની આજ્ઞા કરેલી તેથી સત્સંગનાં નાનાં મોટાં દરેક કાર્યોમાં પોતે સાથે જ રહેતા.

સ્વામીશ્રી દરેક રીતે નિયમિત રહેતા હોવાથી તેમનું શરીર તદ્દન તંદુરસ્ત જણાતું. કોઈ વાર ગામડામાં ફરવા ગયા હોય ત્યારે હવાફેર કે પાણીફેરને લઈને અથવા તો શ્રીહરિની ઇચ્છાનુસાર શરીરમાં કાંઈ રોગાદિ જણાય, એ વખતે સંત-હરિભક્તો ઔષધ કરવા આગ્રહ કરે ત્યારે પોતે જ ના પાડે, ને કહે જે, ‘મહારાજની મરજી હશે તેમ થતું હશે. આપણે મૂર્તિ ધારી સૂઈ રહીએ એટલે મંદવાડ કે વ્યાધિ કાંઈ જણાય જ નહિ.’ કોઈ વાર સંત, હરિભક્તોના અતિ

આગ્રહથી ન છૂટકે સાધારણ ઉપચાર કરતા.

સ્વામીશ્રી મુખ્યપણે અમદાવાદ મંદિરમાં રહેતા તો પણ કડીના હરિભક્તોની પ્રાર્થનાથી પોતે ઘણો વખત કડી મંદિરમાં રહ્યા. આથી ત્યાં રહેતા નાના મોટા હરિભક્તો 'આ અમારા સ્વામી છે,' 'આ કડીના સ્વામી છે,' એમ જ કહેતા. એ વખતે ફરતા ગામડાના હરિભક્તો જોગ સમાગમ કરવા આવતા તેમને પોતે મૂર્તિના સુખરૂપ દિવ્ય જ્ઞાનની લહાણી કરતા. આવી જ રીતે નળકંઠા તથા ખાખરિયા દેશના ગામડામાં હરિભક્તોને સ્વામીની કૃપાનો લહાવ વધુ મળતાં તેઓ પણ આ 'આ સ્વામી અમારા છે,' એમ માની સેવા સમાગમે રાજી કરતા. તે દેશોમાં ફરવા ઉપરાંત, કચ્છમાં તો અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીના જોગ સમાગમ માટે વર્ષોવર્ષ જવું જ જોઈએ! આ રીતે બધા દેશોમાં આ બંને સંતોએ મૂર્તિના સુખની વાતો ઘણી કરી છે. મૂળીના સંતો પણ આ સંતોને ગુરુ સમાન માની મહિમા જાણતા, તેથી સમૈયા પ્રસંગે બોલાવી જોગ-સમાગમ કરતા. તેમ જ પોતાની સાથે ગામડાંઓમાં ફેરવી સૌ કોઈને મૂર્તિના રહસ્યજ્ઞાનની પ્રસાદી અપાવતા.

સદ્‌ગુરુ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી અને સ્વામીશ્રીની અખંડ જોડ હતી. બંને સદ્‌ગુરુઓ અતિ સમર્થ સ્થિતિવાળા હોવાથી શ્રીજીની મૂર્તિના સુખની દિવ્ય વાતો તેમના માટે સાહજિક હતી. સદ્. સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ તો અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીના રહસ્યજ્ઞાનનો મીઠો મેરામણ સત્સંગ સમુદાયમાં 'વાતો'ના બે ભાગ રૂપે રેલાવ્યો; શ્રીમુખની વાણી

'વચનામૃત'ના અતાગ અધ્યાત્મ-જ્ઞાન ગ્રંથને સરળ અને સ્પષ્ટ સમજાવવા, 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' બાપાશ્રીને પ્રશ્નો પૂછી કરી, અને એવા સમસ્ત સત્સંગ સમુદાયના લાભનાં કાર્યો કરી જ્ઞાનનું સજીવન સદાવ્રત ચાલુ કર્યું.

આ બે સદ્‌ગુરુઓએ શ્રીજીમહારાજના દિવ્ય સુખની તથા સર્વોપરીપણાની ઘણી ઘણી વાતો કરી છે, પણ જેમ 'ભાદરવે મહિને મે' મોંઘા ન હોય' તેમ તે વખતે શિષ્ય સમુદાયમાંથી તેમની ચમત્કારી વાતો લખી લેવા તત્પર થતા કોઈ કોઈ વાર પ્રયાસ થયેલ, તે વખતે આ સંતો કહેતા જે, 'બાપાશ્રીએ જે કહેવાનું અને સમજાવવાનું છે તે બધું કહ્યું છે - સમજાવ્યું છે. આપણે તે જ પ્રમાણે વાતો કરીએ છીએ તેથી વાતો લખી લેવાથી શું વિશેષ?' આવા કારણથી તેઓની વાતો વિશેષ વિગતે લખાઈ નથી.

તેમ છતાં પ્રસ્તાવનામાં ઉલ્લેખ છે તે પ્રમાણે સ્વામીશ્રીના શિષ્ય સોમાભક્ત-ચૈતન્યદાસજીએ આ સંગ્રહ મોક્ષાર્થી સંત, હરિભક્તોના લાભાર્થે કર્યો છે. આ 'વાતો'ના કરનારા પ્રતાપી, શુદ્ધ વૈરાગ્યાંક્તિ, દિવ્ય જ્ઞાનના અનુભવભોક્તા, શ્રીજીની મૂર્તિમાં સદા રસબસ રહ્યા થકા કેટલાય સુપાત્ર મુમુક્ષુઓને એ દુર્લભ પ્રાપ્તિ કરાવી સુખિયા કરનારા સદ્‌ગુરુ સ્વામી શ્રી વૃંદાવનદાસજી શ્રીજીના મૂર્તિરૂપ મુક્ત હતા, અને અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી સાથે રહી સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની જોડમાં સર્વોપરી જ્ઞાનનો અનોખો ચીલો પાડી ગયા છે. એ ચીલે ચાલી એ શ્રીજીની મૂર્તિની પ્રાપ્તિ કરવામાં વૃત્તિ સ્થિર કરવી એ જ સ્વામીશ્રીની સેવા છે.

# અનાદિ મુક્તરાજ
# સદ્‌ગુરુવર્ય શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતો

## વાર્તા ૧.

સ્વામીશ્રીએ કૃપા કરીને વાત કરી જે શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત અનાદિમુક્તો રસબસભાવે સુખ લીધા જ કરે છે, ત્યારે કોઈકે પૂછ્યું જે અનાદિનો અર્થ શું? ત્યારે પોતે કહે જે હું અખંડ છું - આમ હતો અને પછી આમ થયો એમ નહિ, સદાય આમ જ છું - મૂર્તિરૂપ છું. મહારાજે મને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરી રાખ્યો છે તેથી સદાય સુખભોક્તા છું. ॥ ૧ ॥

## વાર્તા ૨.

જેને શ્રીજીમહારાજની મૂર્તિ આવી તેને સર્વ આવ્યું. ચિંતામણિ, કામદુગ્ધા, કલ્પવૃક્ષ એ સર્વના કરનારા મહારાજ છે તેથી એ ઉપમાથી એમને ઓળખાવાય એમાં શું મહિમા કહેવાણો? કાંઈ નહિ. મહારાજ આવ્યા એટલે સર્વ આવી ગયું અને સર્વ સાધનની સમાપ્તિ થઈ ગઈ એમ જાણવું. ॥ ૨ ॥

## વાર્તા ૩.

શ્રીજીમહારાજમાં એવું સામર્થ્ય છે કે એક સંકલ્પ માત્રે

ધારે તેમ કરે. એક વખત મહારાજે કૃપા કરી સંતોને કહ્યું કે તમો અમારા સંકલ્પ છો; એમ કહેતાંની સાથે જ સંતોને એ વાત સમજાઈ ગઈ. આમ વિશ્વાસ હોય તો હા પડે, એટલે પૂરું થયું જાણવું. પછી સ્વામીએ સંતોને પૂછ્યું કે મહારાજે સંતોને અમારા સંકલ્પ છો એમ કહ્યું તે સંકલ્પ ચૈતન્ય થયો કે પોતે થયા? તેનો ઉત્તર કોઈ કરી શક્યા નહિ. ત્યારે સ્વામી બોલ્યા જે મહારાજ પોતે જ રહ્યા, એટલે દેખાવ પોતાનો થયો અને તેના ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો એટલે પોતે દેખાયા; એ જ સંકલ્પ છે. જેમ કાગળની નોટના રૂપિયા આવે છે તે કાંઈ કાગળના આવે છે? ના, એ તો રાજાએ પોતાના સિક્કાના નંબર પાડ્યા એ જ રૂપિયા છે, પણ કાગળના રૂપિયા નહિ. જો એ નંબર લઈ લે તો કાગળનું કાંઈયે ન ઊપજે. તેમ મહારાજ પોતે સંકલ્પરૂપ થયા અને તેના ચૈતન્યને મૂર્તિમાં રાખીને પોતાનો દેખાવ કર્યો, એમ જ્યારે હા પડી પછી એ મુક્ત એમ જાણે જે હું સદાય સાકાર દિવ્ય મૂર્તિમાન થકો મહારાજની મૂર્તિમાં છું ત્યારે જ મુક્ત થયો એમ જાણવું. ॥ ૩ ॥

## વાર્તા ૪.

શ્રી પુરુષોત્તમનારાયણના રાજ્યમાં અપાર સુખ છે, પણ વૈરાટના રાજ્યમાં નથી. એ રાજ્યમાંથી કેમ નીકળી શકાય? તો જેને મહારાજ મળે તેને એ વૈરાટના રાજ્યમાંથી કાઢીને પોતાના રાજ્યમાં લઈ લે, બીજાથી ન લેવાય. મહારાજ ક્યારે મળ્યા કહેવાય? તો મુક્ત મૂર્તિમાં રસબસ છે તેને મહારાજ દેખાય છે એવી સમજણ દૃઢ થાય ત્યારે મળ્યા

કહેવાય અને ત્યારે જ મહારાજનો અખંડ સંબંધ થયો કહેવાય. એવા અનેક મુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે એ સર્વને મહારાજ મુખ્ય રહે છે. એવા મુક્તને મતે એક મહારાજ જ છે, બીજું કાંઈ નથી. એ મૂર્તિમાં મુક્ત અપાર છે તે સર્વને એ કારણ મૂર્તિ છે - બીજી વસ્તુ જ નથી. ॥ ૪ ॥

## વાર્તા ૫.

મહારાજના રાજ્યમાં શું છે? તો એક મૂર્તિનું સુખ જ છે. તે સુખ પોતાના રાજ્યમાં રહેતા હોય તેને આપે. તે રાજ્યમાં એક પ્રભુ જ છે. આ વસ્તુ મેદાનમાં છે. કોઈ લ્યો! કોઈ લ્યો! ખૂટે તેવી નથી. તેમ કોઈ લૂંટે તેવી નથી. જેને લેવી હોય તે આવો. એમ કહી 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ' એ કીર્તનની ટૂંક બોલ્યા. ॥ ૫ ॥

## વાર્તા ૬.

મહારાજની મૂર્તિમાં રહ્યા તેને જરાય છેટું નહિ. તેને તો પુરુષ, વાસુદેવબ્રહ્મ, અક્ષરબ્રહ્મ આદિ સર્વનો લય થઈ ગયો. એક મહારાજના તેજરૂપ આકાશ રહ્યો, પછી તેમાં એક મૂર્તિ રહી એટલે એ આકાશનો પણ લય થઈ ગયો તેથી સાવ ઢૂંકડું થયું, અને એ મુક્ત થયો. તેને તો મહારાજ સાથે રસબસપણું, દાતાભોક્તાપણું, સ્વતંત્ર-પરતંત્રપણું, નિયામક-નિયામ્યપણું અને સ્વામીસેવકપણું છે, કહેતાં મહારાજ સ્વામી અને પોતે સેવક. એમને તો સેવા પણ એ. એ વિના બીજું કાંઈ છે જ નહિ. એમ કહીને પર્વતભાઈની વાત કરી કે તેમણે મહારાજ પાસે સમ ખાઈને કહ્યું જે હું આ લોકમાં આવ્યો નથી, મેં કંઈ કર્યું નથી. તેમ તમારી મૂર્તિ વિના બીજું કાંઈ

દેખ્યું પણ નથી. એવી રીતે આ ભાવવાળાને સમ ખાઈને કહેવું પડે તેમાં કોઈ વાંધો જ નહિ. ॥ ૬ ॥

## વાર્તા ૭.

એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે મુક્ત તો મહારાજની મૂર્તિ વિના બીજા કોઈને દેખતા નથી તો જીવોને ઉપદેશ કેમ કરી શકે? ત્યારે સ્વામી કહે મુક્તને મતે તો મૂર્તિ જ છે અને ઉપદેશ તો મહારાજ કરે છે. એ મહારાજ કેમ કરે છે? એમ તો આપણાથી કહેવાય જ નહિ, કેમ જે મહારાજનો કોઈ ઉપરી નથી. ॥ ૭ ॥

## વાર્તા ૮.

પ્રાગજી દવે સાધારણ સંસ્કૃત ભણ્યા હતા; તો પણ શ્રીજીમહારાજે તેમની પાસે મોટા મોટા ગ્રંથની કથા કરાવી. માટે મહારાજ તો ચાહે તેમ કરે. કેટલાક સત્સંગમાં આવે કે તુરત સભામાં વાતો કરવા માંડે છે. તે જો વિદ્વાન બ્રાહ્મણ સભામાં આવીને બેઠા હોય તો તેના આગળ પણ વાતો કરે. ત્યારે જુઓને! એ પ્રથમ કેવો હતો ને કેવો થયો!! એ બધો મહારાજનો પ્રતાપ. એ તો મહારાજ તથા મોટા સાથે જીવ જોડી દે અને એમની કૃપા થાય તો એ કામ થાય. જેમ કોઈને છપૈયે જાવું હોય પણ તે ચાલતી રેલગાડીમાં ન બેસે અને પોતાની રેલ બાંધીને છપૈયે જવા ઇચ્છે, એ ઘણું કઠણ છે. પણ જો કોઈને રેલગાડીવાળો એમ કહે કે તમારે છપૈયે આવવું હોય તો ગાડીમાં બેસી જાઓ, પૈસા નથી લેવા. એ વખતે જો વિશ્વાસ આવે ને હેત હોય તો બેસી જવાય અને છપૈયે પહોંચાય; પણ જો વિશ્વાસ ન આવે અને ન બેસે તો ત્યાંનો

ત્યાં જ રહે. તેમ મહારાજ તથા મોટાને વિશે હેત અને વિશ્વાસ હોય તો એમની કૃપા થાય અને કામ થાય; પણ હેત અને વિશ્વાસ ન હોય તો કંઈ કામ ન થાય. ॥ ૮ ॥

## વાર્તા ૯.

જીવને જ્યાં સુધી કામ, ક્રોધ, લોભાદિ મોસલ બેઠા હોય ત્યાં સુધી પોતાનો માલ ધીરે ધીરે બધોય ખાઈ જાય. એ તો જ્યારે મોસલ જાય ત્યારે માલ બચે. એ મોસલ કેવા છે? તો ઘરમાંથી બહાર નીકળવા દે નહિ અને ઘરમાં બેઠા બેઠા ખાવા માગે. પછી તો દેવું કરવું પડે અને દેવું વધતાં વધતાં દુઃખનો પાર ન રહે. માટે મોટાને વિશે જીવ જોડી સમજણે કરીને મોસલ કાઢી મૂકવા. સમજણવાળાને કેવું છે? તો જેમ બસેંહ બખ્તરિયા માલ સાચવવા સાથે લીધા હોય તેનો માલ કોઈથી લેવાય નહિ. તેમ સમજણવાળાને કોઈનો ભય ન રહે; માટે સમજણ કરવી પડશે. જો સમજણ ન હોય અને મહારાજ તેડવા આવે તો તેને ક્યાં મૂકે છે? તો જ્યાં સમાસ થાય ત્યાં સમજણ કરવા મૂકે છે. પછી સમજણ પૂરી થાય એટલે મહારાજના દિવ્ય સુખમાં પહોંચે. ॥ ૯ ॥

## વાર્તા ૧૦.

મહારાજ તથા મોટા મુક્ત પોતાના બિરદ સામું જોઈને જીવોનાં કલ્યાણ કરે છે. તે જુઓને! મહારાજે સસલાનો આત્યંતિક મોક્ષ કર્યો અને બાપાશ્રીએ માર્ગે જતાં ઉંદરનો મોક્ષ કર્યો. એમાં તો મહારાજ તથા મોટાએ પોતાનું બિરદ સાચવ્યું. તે ઉપર વાત કરી જે એક રાજા ઘોડા ઉપર બેસી ફરવા ગયેલ. માર્ગમાં તેને તરસ બહુ લાગી. પછી પાસેના ખેતરમાં

એક ખેડુ સાંઠીઓ ખોદતો હતો. તેને જોઈને એ રાજાએ વિચાર કર્યો કે મને એ પાણી પાય તો તેને મારે ગામ આપવું, એ વખતે ખેડુએ પણ રાજાને આવતો જોઈને એવો સંકલ્પ કર્યો કે જો રાજા પાણી માગે તો મારે ન આપવું. પછી તે ખેડુ પાસે જઈને રાજાએ પાણી માગ્યું. ત્યારે ખેડુએ ના પાડી ને પરાણે પાણી લેશે એમ જાણી પોતે પાણીની બતક ફોડી નાખી, પણ પાણી આપ્યું નહિ, અને કહ્યું જે મેં મારો સંકલ્પ પૂરો કર્યો, હવે કરવું હોય તેમ કરો. આ વાત જાણી રાજાએ પણ પોતાનો સંકલ્પ સત્ય રાખ્યો અને ગામ આપ્યું. પછી એ રાજાની મોટા દિવસે કચેરી ભરાય તેમાં જેને જેને ગામ બક્ષીસ આપેલાં તે તે ગામોના ધણી આવીને બેસે, ત્યારે આને પણ જવું પડે. એ વખતે એક બીજા માંહોમાંહી પૂછે કે તમને કેવી રીતે ગામ ઇનામ મળ્યું? તો કોઈ કહે કે મેં રાજાસાહેબનું આ કામ કર્યું, કોઈ કહે મેં આ કામ કર્યું અને આણે તો રાજાને પાણી પાયું નહોતું તેથી તેને કોઈ પૂછે એટલે તુરત નીચું ઘાલીને શરમાઈ જવું પડે, પણ શી રીતે બોલાય, જે મેં રાજાને પાણી નહોતું પાયું તેનું ગામ ઇનામ મળ્યું છે. તેમ આપણે પોતાના સ્વભાવ ટાળવા ને હેત કરવું તો મહારાજ તથા મોટા પોતાનું બિરદ નહિ મેલે.

વર્તમાનકાળે અનેક જીવોના આત્યંતિક મોક્ષ કરવા મહારાજે મોક્ષનાં દ્વાર ઉઘાડ્યાં તેમાં મોટા મોટા મહાસમર્થ સંતોને પોતાની સાથે લાવ્યા; તે દ્વારે અનેક જીવોનો ઉદ્ધાર કર્યો એ વાત સત્સંગમાં સૌ કોઈ જાણે છે. અત્યારે મોટાનો સંકલ્પ કેવો છે? તો ખંપાળી નાખી છે એટલે કેવળ કૃપા જ વાપરી છે. તે બાપાશ્રીના દરેક કાર્યમાં આપણે જોયું. પોતે

અંતર્ધાન થયા તે વખતે પણ સર્વની ચિત્તવૃત્તિઓનું આકર્ષણ કરી એવું સામર્થ્ય જણાવ્યું કે જાણે કોઈને દેહભાવ જ ન રહ્યો હોય, તેમ સૌની એક જ રીતે જણાણી. આમ સર્વના અંતરનું ફેરવવું તે મનુષ્યથી ન થાય. સર્વેના જીવાત્માને આકર્ષણ કરવા એવો ચમત્કાર તો મહારાજમાં હોય અથવા તેમના સિદ્ધ મુક્તમાં હોય. ॥ ૧૦ ॥

## વાર્તા ૧૧.

શ્રીજીમહારાજનો અસાધારણ મહિમા કોણ જાણી શકે? દેહધારી મહારાજનો મહિમા બરાબર જાણી શકે નહિ. મહારાજની મૂર્તિમાં રસબસ રહે તેને મહારાજના મસ્તકે મસ્તક, હાથે હાથ, ચરણે ચરણ એમ સર્વાંગે રસબસ ભાવ હોય તેથી એ ખરો મુક્ત કહેવાય. ॥ ૧૧ ॥

## વાર્તા ૧૨.

સ્વામીએ રામપુરવાળા દેવરાજભાઈને પૂછ્યું જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ તેને જાણો છો? ત્યારે તે કહે બરાબર ખબર નથી; આપ દયા કરીને સમજાવો. પછી સ્વામીશ્રી બોલ્યા જે આ દેખાય તે સ્થૂળ, ઘાટ સંકલ્પ થાય તે સૂક્ષ્મ, માયિક પદાર્થના અવ્યક્ત રાગ રહે તે કારણ અને ઐશ્વર્યના રાગ રહે અથવા સારપ્ય મનાય તે મહાકારણ કહેવાય. ॥ ૧૨ ॥

## વાર્તા ૧૩.

મહારાજ પોતાના સુખે સુખિયા છે, અને મુક્ત મહારાજના સુખે સુખિયા છે અને ભક્ત પણ જે જે સેવા કરે

છે તે પોતાને વાસ્તે કરે છે, કેમ કે સેવાથી મહારાજની પ્રસન્નતા થાય છે. પછી સેવાનું ફળ જે પોતાની મૂર્તિનું સુખ તે મૂર્તિમાં રાખીને આપે છે, પણ એ સેવાને મહારાજ પોતે વાપરતા નથી; સેવા કરનારને જ સુખરૂપે કરીને આપે છે માટે સૌ પોતપોતાને વાસ્તે જ કરે છે. ॥ ૧૩ ॥

## વાર્તા ૧૪.

સદ્. શ્રી સ્વરૂપાનંદ સ્વામી તથા વ્યાપકાનંદ સ્વામી જેવા મોટા મોટા સદ્ગુરુઓનો સમાગમ રાત્રિ પ્રલય સુધી કરે ત્યારે સત્સંગ થાય એવું કઠણ કામ છે, પણ જો મહારાજ તથા મોટા કૃપા કરે તો સત્સંગ અને કલ્યાણ થતાં વાર ન લાગે. તે જુઓને! વર્તમાનકાળે બાપાશ્રી સુગમપણે એક મિનિટમાં જીવોને સુખિયા કરી મૂકતા તે આપણે નજરે જોયું, એવો મોટા મુક્તનો પ્રતાપ છે. ॥ ૧૪ ॥

## વાર્તા ૧૫.

લોયાનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં મહારાજ કહે અમને આજ સ્વપ્નમાં શિવજી દેખાણા, તેમણે અમારા ઉપર ઘણું હેત જણાવ્યું પણ અમારે તો તેમના ઉપર ન જણાણું, કેમ કે એ તમોગુણના દેવ છે. પછી સ્વામી બોલ્યા કે આપણે તમોગુણ ન આવવા દેવો. તે કેમ ન આવે? તો તેનું સ્થાન જ ન રાખીએ તો ન આવે. મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ સમજાય એટલે સ્થાન ક્યાં રહ્યું? એ દોષ તો દેહાભિમાનમાં રહ્યા છે તેમાં ક્રોધરૂપ દોષ મોટો છે. માટે દેહાભિમાનને કાઢી આત્મસત્તારૂપ ગુણ રાખવો અને મૂર્તિમાં રહેવું; એટલે એ તમોગુણરૂપ સ્થાન કહેતાં દેહાભિમાન જાય. ॥ ૧૫ ॥

## વાર્તા ૧૬.

સભામાં હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું જે તન, મન, ધન અર્પણ કરે એટલે પોતાનું કાંઈ રહે નહિ. પછી તેમાંથી કોઈ પાછું લે તેનું પાપ કે નહિ? ત્યારે સ્વામી કહે જે, જેને મહારાજ અથવા મોટા મળે અને વર્તમાન ધરાવી અનાદિમુક્તની પંક્તિમાં રાખે તે તન, મન, ધન અર્પણ કર્યા પછી કયા હાથે વસ્તુ લઈ શકે? કેમ કે તન અર્પણ કર્યું તે ભેળા હાથ પણ અર્પણ થઈ ગયા, માટે લઈ શકાય જ નહિ, અને લે તો તેણે કાંઈ અર્પણ કર્યું જ નથી. અને એકાંતિક હોય તેણે તન, મન, ધન અર્પણ કર્યાં કેમ કહેવાય? તો કોઈ વંદે, નિંદે, પૂજા કરે તેનો સમભાવ થઈ જાય અને કામાદિક દોષ વ્યાપે નહિ ત્યારે તન અર્પણ કર્યું કહેવાય. મન અર્પણ કર્યું ક્યારે કહેવાય? તો પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈ ધૂળ તથા કાંકરા નાંખે તો જેવું વસમું લાગે તેવું મૂર્તિ વિના બીજું મનન થાય તો વસમું લાગે ત્યારે મન અર્પણ કર્યું કહેવાય. ધન અર્પણ કર્યું ક્યારે કહેવાય? તો દશાંશ વિશાંશ શ્રી ઠાકોરજીને અર્પણ કરે અને પોતાના ઘરનું દ્રવ્ય હોય તે પણ કુમાર્ગે ન વાપરે તો ગૃહસ્થે ધન અર્પણ કર્યું કહેવાય. અને ત્યાગી તો પોતાનું કાંઈ છે જ નહિ એમ વર્તે અને કોઈ વસ્ત્રાદિકે સેવા કરે તે પણ ધર્મામૃત પ્રમાણે રાખે અને તેથી અધિક જણાય તો જે મંદિરમાં પોતે રહેતા હોય ત્યાં ઠાકોરજીના કોઠારે આપી દે. એવી રીતે પોતાપણું ન રાખે તો ત્યાગીએ ધન અર્પણ કર્યું કહેવાય. ॥ ૧૬ ॥

## વાર્તા ૧૭.

શ્રીજીમહારાજ તેજને મધ્યે બિરાજે છે એમ કહ્યું છે. એ તેજ તે શું? એમ કહીને સ્વામીશ્રી બોલ્યા જે મહારાજની મૂર્તિનું તેજ જેને અક્ષરધામ કહે છે તે. અનાદિમુક્તને તો મૂર્તિ એ જ અક્ષરધામ છે. માટે મૂર્તિ આવી એટલે સર્વ આવ્યું, એમ જાણી મૂર્તિને મૂકી તેજને ઇચ્છવું નહિ. આ જીવ આદિ સૃષ્ટિથી ભક્તિ કરતા આવે છે અને ધોવાતા જાય છે એમ અનંતવાર ભક્તિ કરતાં કરતાં ચોખ્ખા થાય છે. એટલે જન્મ-મરણ રૂપી મેલ જાય છે પછી એ મૂર્તિને પામે છે. ॥ ૧૭ ॥

## વાર્તા ૧૮.

એક હરિભક્તે પૂછ્યું જે સ્વામી! મહારાજનું તેજ જે અક્ષરધામ કે જેને વિશે શ્રીજીમહારાજ સદા વિરાજમાન છે તે સ્વરૂપ અને બીજે રૂપે જે સેવામાં રહે છે તે કેમ સમજવું? ત્યારે સ્વામી બોલ્યા જે મૂર્તિને અને તેજને કાર્યકારણભાવ છે પણ સ્વામીસેવકભાવ નથી, કેમ કે મૂર્તિ અને તેજનું અભેદપણું છે અને બીજે રૂપે ઉત્પત્યાદિક કરે છે તે સેવા કહી છે, પણ બીજી સેવા નહિ. આ વાત બાપાશ્રીએ ૨. પ્ર. વચનામૃતમાં અને પોતાની વાતોમાં બહુ રીતે સમજાવી છે. ॥ ૧૮ ॥

## વાર્તા ૧૯.

સત્સંગ તો સૌ કરે છે પણ મૂર્તિની અને મૂર્તિમાં રહેલા મુક્તની ઓળખાણ પડી એ પૂરો સત્સંગ કહેવાય. તે જ્યારે

મુક્ત થઈ મૂર્તિમાં પહોંચે ત્યારે મૂર્તિમાં રહેલા મુક્તની ઓળખાણ પડે. એ વિના ઓળખાણ ન પડે તેમ પૂરો સત્સંગ પણ કહેવાય નહિ. ॥ ૧૯ ॥

## વાર્તા ૨૦.

સભામાં મુક્તના ભેદની વાત થતી હતી તે પ્રસંગે સ્વામી બોલ્યા જે એકાંતિક જીવન મુક્ત કહેવાય. પરમ એકાંતિક વિદેહી મુક્ત કહેવાય અને અનાદિ કૈવલ્ય મુક્ત કહેવાય. આ મુક્તો કેવી રીતે ઓળખાય? તો એકાંતિક હોય તે સાધને કરીને મૂર્તિમાં જોડાય અને આ લોકમાં ક્યાંય લેવાય નહિ. પરમ એકાંતિક હોય તે મહારાજની ઇચ્છાથી પૃથ્વી પર દેખાય ત્યારે પ્રથમ મુમુક્ષુને દર્શન થાય પછી તેમના સાથે હેત થવાથી તેમને મોટા પુરુષ જાણે. એમ કરતાં કરતાં હેત વધતું જાય ત્યારે તેમનો વિશ્વાસ આવે. પછી તેમની પાસેથી જ્ઞાન સાંભળીને તેને એમ થાય જે આ પરમ એકાંતિક વિદેહી મુક્ત છે; પછી પોતે પણ એવો થાય. અને અનાદિમુક્ત હોય તે તો મહારાજની મૂર્તિમાં અખંડ રહે છે એમ વાત કરી મુમુક્ષુઓને મહારાજને વિશે હેત કરાવે. પછી તે હેતે સહિત પોતાનું જ્ઞાન આપીને અનાદિમુક્તની સ્થિતિ ઓળખાવે ત્યારે તે મુમુક્ષુને હેત અને વિશ્વાસથી એમ જણાય જે અનાદિમુક્ત તો મૂર્તિમાં જ સદાય રહે છે એટલે મહારાજ દેખાય છે, અને મને ઉપદેશ કરી મહારાજે અનાદિમુક્તની સ્થિતિ ઓળખાવી. આમ અનાદિની સ્થિતિ થયા પછી મૂર્તિમાં રહેલા અનાદિમુક્તને દેખે ત્યારે ખરી રીતે દેખ્યા કહેવાય, ને પોતે પણ અનાદિમુક્ત થયો કહેવાય. ॥ ૨૦ ॥

## વાર્તા ૨૧.

શ્રીજીમહારાજનાં દર્શન જ્યાં જેને થાય ત્યાં બહુ જ આનંદ આવે. જન્મસ્થાન તો સૌને અધિક હોય જ પણ જેને જ્યાં દેખાણાં ત્યાં અધિક માનવું, કારણ કે ત્યાં તેને હેત અને શાંતિ બહુ જ થાય. એમ કહી પોતાને મહારાજનાં દર્શન થયેલ એ સ્થાનના મહિમાની વાત કરી. ॥ ૨૧ ॥

## વાર્તા ૨૨.

સ્વામીએ પૂછ્યું કે મહારાજે મૂર્તિમાં રાખ્યો એમ કોણ કહે છે? એમ કહીને પોતે જે બોલ્યા કે જે મુમુક્ષુને મૂર્તિમાં રહેવાનું સમજવું છે તેને એ અનાદિમુક્તની સ્થિતિ છે એમ મહારાજે સમજાવ્યું. પણ મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે નથી સમજાવતા, કેમ કે તે તો મૂર્તિના સુખે જ સુખિયા છે. ॥ ૨૨ ॥

## વાર્તા ૨૩.

સ્વામીએ પરમ એકાંતિક મુક્તની સ્થિતિની વાત કરી ત્યારે સોમા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે પરમ એકાંતિક મુક્ત એક નજરે મહારાજ સામું કેમ જોઈ રહ્યા હશે? ત્યારે સ્વામી બોલ્યા કે એ મુક્તને તો સમગ્ર મૂર્તિને જોવાપણું છે. એમ એક નજરે મૂર્તિ સામું જોઈ રહ્યા છે પણ સળંગ રસબસ ભાવે મૂર્તિમાં નથી રહ્યા. જેમ ચમક સામે લોઢું આકર્ષાય તેમ પરમ એકાંતિક મુક્ત જોઈ રહ્યા જાણવા. આ તો એકદેશી દૃષ્ટાંત છે પણ એમને જોવાની રીત તો અલૌકિક છે. ॥ ૨૩ ॥

## વાર્તા ૨૪.

સોમા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, અક્ષરને મહારાજનાં દર્શન કેવી રીતે થતાં હશે? ત્યારે સ્વામી કહે એમને તેજનાં કિરણો દ્વારા દર્શન થાય પણ વ્યતિરેક મૂર્તિનાં દર્શન ન થાય. જેમ સૂર્યચંદ્રનો પાણીના કુંડમાં આભાસ પડે છે તેમ. પણ તે આભાસે કરીને રાત્રિ ન ટળે, તેમ જ તેનાથી સર્વ ઔષધિનું પોષણ પણ ન થાય. એ રીતે અક્ષરને તેજ દ્વારે દર્શન છે અને આ સત્સંગમાં તો પંચવર્તમાને યુક્ત છે તે સૌને વ્યતિરેક મૂર્તિનો સંબંધ છે.

મહારાજે આપણને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યા પછી મુક્તને રહ્યાનું સ્થળ મૂર્તિ જ છે, તેથી જે મુક્ત મૂર્તિમાં રહ્યા છે તે એમ જાણે કે બીજા પણ મુક્ત થઈને મૂર્તિને પામે છે. ॥ ૨૪ ॥

## વાર્તા ૨૫.

સોમા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે મોહ ક્યારે ન ઊપજે? ત્યારે સ્વામી બોલ્યા જે શ્રીજીમહારાજની મૂર્તિ જો બરાબર ઓળખાય તો મોહ ન વ્યાપે, કેમ કે જ્યારે એ એમ જાણે કે મુક્ત મૂર્તિમાં છે અને મહારાજ દેખાય છે. પછી તેમાં મોહ જેવી વસ્તુ જ ન રહી એટલે શી રીતે મોહ ઊપજે? ન જ ઊપજે. ॥ ૨૫ ॥

## વાર્તા ૨૬.

મહારાજ અને મુક્ત એકદેશી થકા સર્વદેશી છે તે કેવી રીતે? તો મહારાજ તો એકદેશી થકા સર્વદેશી છે જ અને

મુક્તને તો મહારાજની મૂર્તિ એ જ દેશ છે, તેથી જ્યાં મહારાજ હોય ત્યાં એ મુક્ત હોય જ; માટે મુક્ત પણ એ રીતે સર્વદેશી કહેવાય. સ્વરૂપાનંદ સ્વામી લીમડા તળે સભાએ સહિત મહારાજને દેખતા હતા તેમની દૃષ્ટિમાં બીજું કાંઈ નહોતું તે એક દેશ. આવી સ્થિતિવાળાને મૂર્તિ વિના બીજું કાંઈ હોય જ નહિ, અને સુખભોક્તામાં તો દેશનું અનુસંધાન પણ ન રહે. મૂર્તિમાંથી સુખની સરર સરર શેડ્યું છૂટે છે અને સુખભોક્તા જે મુક્ત તે રસબસ રહ્યા થકા ભોગવે છે. માટે મૂર્તિના સુખમાં ઊતરવું. જ્યાં સુધી એ સુખમાં ઊતરે નહિ ત્યાં સુધી રાગરંગ ન ટળે. માટે મૂર્તિના સુખમાં ઊતરવું. મૂર્તિ વિના સુખ ન હોય. જેમ ભમરો સુગંધ ભોગવે છે પણ પુષ્પ વિના સુગંધ હોય નહિ, તેમ મૂર્તિ વિના સુખ હોય નહિ. માટે મૂર્તિ મૂકે તો સુખ ન મળે. એવી રીતે સ્વામી-સેવકભાવ દૃઢ કરવો. ॥ ૨૬ ॥

## વાર્તા ૨૭.

શ્રીજીમહારાજનો મહિમા જાણવાથી એ મૂર્તિનું અખંડ ચિંતવન થાય. ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક તથા અનાદિ એ સર્વે મૂર્તિના સંબંધે સુખિયા છે. તેમાં જેટલો જેને સંબંધ તેટલું તેને સુખ. પૃથ્વીથી લઈને અક્ષર પર્યંત એકબીજાના ઉપરી છે તે સર્વને શ્રીજીમહારાજના અન્વય સ્વરૂપનો સંબંધ છે, પણ વ્યતિરેક મૂર્તિનો સંબંધ નથી. વ્યતિરેક મૂર્તિનો સંબંધ તો મુક્તને જ છે. એવી રીતે શ્રીજીમહારાજના અન્વય અને વ્યતિરેક સ્વરૂપના સંબંધની રીત સમજી સમજણ દૃઢ કરવી.

શ્રીજીમહારાજની સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિની પ્રાપ્તિ થયા

વિના સુખ ન મળે. તે તો મોટા મુક્ત મૂર્તિમાં અખંડ નિમગ્ન રહેતા હોય તેને સેવા સમાગમે રાજી કરે અને તે કહે તેમ કરે તો સાક્ષાત્ મૂર્તિનું સુખ મળે. મોટા સંત વાત કરતા કે લાખ કરોડ જન્મ ધરે પણ સમજણ દૃઢ કર્યા વિના અને મોટાનો અભિપ્રાય જાણ્યા વિના સુખ લેતાં ન આવડે. ॥ ૨૭ ॥

## વાર્તા ૨૮.

કેટલાક કહે છે કે આ ચિત્ર પ્રતિમા સારી છે, આમાં ભાવ સારો આવ્યો છે. એમ કેવળ બોલવાથી સુખ શું મળે? પણ જો મહિમા જાણી તેમાંથી પ્રતિમા ભાવ ટાળી મૂર્તિના સુખમાં ઊંડો ઊતરે તો મૂર્તિમાં ફરરર ફરરર સુખ છૂટે છે તેમાં લુબ્ધ થવાય, એટલે સુખનો પાર રહે નહિ; કેમ કે સુખનું કારણ તો મૂર્તિ છે અને તે સાથે જ છે. તેથી મૂર્તિના સુખમાં ટકાય તો લાભ મળે. એ અવિનાશી સુખને કોઈની ઉપમા દેવાય નહિ. એ સુખમાં જોડાવાય તે જ ભક્તિ છે. મોટા તો એ સુખમાં જોડાઈ જાય તો પાછા આવે જ નહિ એવું એ સુખ છે. સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ સદ્ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને કહ્યું કે, સ્વામી! તમે બીજાને સમાધિ કરાવો છો, તેમ મને પણ સમાધિ કરાવો તો ઠીક. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે તમોને ઓરી સમાધિ કરાવાય નહિ; અને જો ઠેઠની સમાધિ કરાવીએ તો તમે પાછા આવો નહિ. તેથી અહિ ઘણા જીવોનો તમારાથી સમાસ છે તે બંધ થઈ જાય. માટે તમોને સમાધિ કરાવતા નથી. એમ મોટા મુક્ત સુખમાં જોડાઈ જાય તો પાછા આવે જ નહિ. ॥ ૨૮ ॥

## વાર્તા ૨૯.

સ્વામીશ્રીએ વાત કરી જે એક સમયને વિષે બાપાશ્રીને

કોઈકે પૂછ્યું કે તમો સમાધિ કરો છો તે શું કરવા કરો છો? ત્યારે કહ્યું જે સર્વને ઓળખાણ પડે તે માટે તથા જે જે જોગમાં આવે તેના પર દયા કરીને ધામમાં લઈ જવા માટે, પણ અમારે સમાધિ કરવાનું બીજું કાંઈ પ્રયોજન નથી. એમ મોટા મુક્તના અભિપ્રાય જીવોને મહારાજના સુખમાં લઈ જવાના હોય છે. ॥ ૨૯ ॥

## વાર્તા ૩૦.

સ્વામીએ દૃષ્ટાંત આપી વાત કરી જે પુષ્પને ઠેકાણે મહારાજની મૂર્તિ છે અને સુગંધને ઠેકાણે સુખ છે એ જ રીતે સાકરના ગાંગડાને ઠેકાણે મૂર્તિ છે અને ગળપણને ઠેકાણે સુખ છે. એ સુખ દિવ્ય છે, પણ જે એના ભોક્તા થાય તેને મળે છે, માટે સુખભોક્તા થવું. ॥ ૩૦ ॥

## વાર્તા ૩૧.

જીવને વાસના ટાળવી એ બહુ કઠણ કામ છે પણ મહારાજની સાથે જીવ જોડે તો વાસના તૂટે. પછી એમ જાણે જે મહારાજ વિના કાંઈ છે જ નહિ. ત્યારે વાસના નિર્મૂળ થઈ જાણવી. મહારાજ વિના બીજે જેટલી જેટલી સારપ્ય રહે છે અને મૂર્તિ વિના બીજું કાંઈક છે અથવા બીજે પણ સુખ છે એવું મનાય છે એ જ વાસના છે. અને જેને જેટલો મૂર્તિના સુખનો અનુભવ થયો તેને તેટલી બીજેથી સારપ્ય ટળે પણ તે વિના ઉપરથી જોગ કરે તો સારપ્ય ન જાય. જેમ ચિતારા મૂર્તિઓ કરે છે તે મૂર્તિ તદાકાર દેખે છે, વર્ણન કરે છે પણ વાસના ટળતી નથી. એ તો જ્યારે મૂર્તિના સુખમાં જોડાય ત્યારે વાસના ટળે, પણ મૂર્તિનું ચિંતવન કર્યા વિના તથા

મોટાને રાજી કર્યા વિના કલ્યાણ થતું નથી. પછી એક ચિતારાની વાત કરી જે તેણે મૂર્તિઓ ચીતરીને પૈસા ભેગા કર્યા, પછી એ પૈસાની વાસનાએ ધામમાં જવાણું નહિ; માટે જાળવવું. ભરતજી ઋષભદેવ ભગવાનના પુત્ર હતા પણ મૃગલા સાથે હેત થયું તેણે કરીને તેમને ત્રણ જન્મ ધરવા પડ્યા. માટે મૂર્તિ વિના બીજે હેત ન રાખવું. નિર્વાસનિક થઈ જવું. સમુદ્ર રત્નાકર કહેવાય છે, પણ વહાણના ખેવટિયા લોકો પાસે ખાવા માગે છે. એ ભિખારી મટતા નથી. તેનું કારણ ઉપર ઉપર ફરે છે. જો ઊંડા ઊતરે તો રત્ન મળે અને લાખોપતિ કરોડપતિ થાય. તેમ મૂર્તિઓ બહુ સારી કરે પણ મૂર્તિના સુખમાં ઊંડા ન ઊતરે તો ભિખારીપણું ન મટે; એવા ને એવા રહે, માટે બહુ જ વિચારવું. એક બાવાને અડધા રૂપિયામાં વાસના રહેલ તે પાપે સર્પ થયો હતો. તે વાત કરીને કહ્યું જે ભૂત, પ્રેત અને વૈતાળ, ગરબડિયામાં ગડબડે. માટે વાસનાથી બહુ જ બીવું. વાસના ટાળવી છે, ટાળવી છે એમ વિચાર કરતાં કરતાં મરી જાય તો ય ભૂત થવું પડે છે. જેમ ભરતજીને મૃગનું ચિંતવન કરતાં કરતાં દેહ પડ્યો તો મૃગરૂપ થઈ ગયા, તેમ જેનું ચિંતવન રહે તે રૂપ થવાય; માટે મૂર્તિ વિના બીજું ચિંતવન ન કરવું; નહિ તો જન્મ ધરવા પડે. ॥ ૩૧ ॥

## વાર્તા ૩૨.

ભગવાન તો બહુ જ મોટા નાણાવટીને ઠેકાણે છે. તેમની સાથે ભાગ રાખે તો ન્યાલ કરે, પણ જ્યાં ત્યાં ફરતો ફરે તો કાંઈ ન મળે. માટે મૂર્તિનો રાજીપો લેવો એટલે કામ

થઈ જાય. એ વિના કાંઈ ન થાય. મહારાજની મૂર્તિ ચિંતામણિ તુલ્ય છે. માટે જે ચિંતવે તે પ્રાપ્ત થાય. ચિંતામણિની ઉપમા મહારાજને દેવાય છે, તેનું કારણ પણ સર્વેના કર્તા નિયંતા મહારાજ છે તેથી એ દૃષ્ટાંતે સમજાવાય છે, પણ તે વિના ભગવાનને કોઈ દૃષ્ટાંત કે ઉપમા આપી શકાય એવું નથી. અનાદિમુક્ત તો એમની સાથે જ છે, એટલે અનાદિરૂપે પણ કામ કરનારા મહારાજ પોતે છે. માટે એ જેમ અનંત જીવોને સમાસ થાય તેમ દેખાય છે અને કલ્યાણ કરે છે. એટલું તો જાણી રાખવું જે મુક્ત હોય ત્યાં ભગવાન હોય અને ભગવાન હોય ત્યાં મુક્ત હોય; કેમ કે એ તો સદાય ભેળા જ છે. ॥ ૩૨ ॥

## વાર્તા 33.

સુખ માત્રનું કારણ શ્રીજીમહારાજ છે. તે પોતાની દિવ્ય મૂર્તિમાં રહેલા અનંત મુક્તને અખંડ સુખ આપ્યા જ કરે છે અને એ મુક્ત સુખ લીધા જ કરે છે, ક્યારેય તૃપ્ત થતા નથી. એમ સુખને આપવું-લેવું એ જ સ્વામી-સેવકભાવ છે. એ સુખમાં ખરેખરા ઊતરીને સુખ લેવું. 'ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના.' તે ભવસાગર શું? તો સંકલ્પ-વિકલ્પ થાય એ જ. માટે મૂર્તિરૂપ થઈને મૂર્તિમાં જોડાઈ જાય તો તેનો પાર આવે; માટે એક મૂર્તિ જ રાખવી. વનમાં દવ લાગ્યો ત્યારે અનેક જીવજંતુઓ ઊગરવા આમ તેમ દોડવા લાગ્યાં, પણ એક શિયાળ તો ઊભે માર્ગે ભાગ્યું અને એમ બોલ્યું જે, 'કરોડ મત કડકડી, લાખ મત લડબડી; સો મત સડસડી, એકમત આપડી - તે ઊભા માર્ગે મેલ્યા તાપડી;' તે બચી ગયું. તેમ

બીજી દોડાદોડ મૂકી મૂર્તિરૂપ એક મતમાં જોડાવું તો સર્વે વાત સંપૂર્ણ થઈ જાય. તે વિના પૂરું થાય નહિ. રાવણ જેવા બળિયા કોઈ નહિ તો પણ ઘણાં કામ રહી ગયાં. જેણે સર્વ દેવો વશ કર્યા હતા અને તે એનું કામ કરતા, પણ પૂરું થયું નહિ. એ રાવણ પુલસ્ત ઋષિનો દીકરો હતો. તેનું કુળ બ્રાહ્મણમાં ઊંચામાં ઊંચું કહેવાય, પણ ભગવાન સામો થયો ને સીતાજી પર કુદૃષ્ટિ કરી તો નીચો થઈ ગયો, અને છેવટે નાશ પામ્યો. માટે ભગવાનને ભેગા રાખવા અને કુરાજી થાય તેમ ન કરવું, નહિ તો સારું ન થાય અને કુળ પણ બદલી જાય. અને કપટ તથા માન આદિ દોષ છે તે જ અપરાધ કરાવે છે માટે ભગવાનના ભક્તને એવા દોષ ન રાખવા.

સાધુ તો ઘણાય હોય પણ મહારાજના સુખે સુખિયા હોય તે ખરા સાધુ. એવા સાધુ આ લોકમાં રસાસ્વાદ આદિમાં લેવાય નહિ, એમ કહી પુરાણી કેશવપ્રિયદાસજી તથા તેમના સાધુ શ્રીરંગદાસજી અને ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની વાત કરી કહ્યું જે એવા વૃત્તાંતવાળા જોતાં ન મળે. મહારાજના સંબંધે એવા થવાય. મૂર્તિ વિના બીજું તાન રહે તેને મોટપ ક્યાંથી વધે? જેમ બે મિત્ર જમતા હતા પણ વાતોના તાનમાં શું જમણ જમ્યા તેની ખબર ન રહિ. તેમ સત્સંગ કરીએ પણ બીજી વાતોમાં તાન જતું રહે તો બળ ન આવે. માટે આપણે બીજી વાતોનો ત્યાગ કરી મહારાજના સુખરૂપ જમણની જ વાતો કરવી તો જમ્યાનું સુખ આવે. તે કેવી રીતે વાતો કરવી? તો મહારાજની કેવી દયા છે! કેવાં સુખ આપે છે! મુક્ત કેમ સુખ લે છે! તેવી વાતો આપણા કામની છે અને સુખદાયી છે. માટે તેમ કરવાથી ભૂખ ભાગે

અને ખરું સુખ થાય. ॥ ૩૩ ॥

## વાર્તા ૩૪.

કોઈ સમુદ્રમાં નહાવા ઊતરે તે વહાણ સાથે દોરડું બાંધીને ઊતરે તો નાહીને પાછો આવે, પણ જો દોરડું છૂટી જાય તો તણાઈ જાય અને મોટા મગરમચ્છ ખાઈ જાય. તેમ ભવસાગર પાર ઊતરવા ખરા ખબડદાર થઈ શ્રીજીમહારાજની મૂર્તિરૂપ દોરડું ઝાલી રાખવું, નહિતર કામ, ક્રોધ, લોભ, માન આદિ મગરમચ્છ ખાઈ જાય. માટે મૂર્તિના સુખમાં જોડાવું. અને ધ્યાન કરતાં ઉપશમ થાય તો મૂર્તિ ભુલાય નહિ ને સુખ આવે. માટે બરાબર સુખભોક્તા થવું તે જ આપણે કરવાનું છે.

મહારાજનો મહિમા જેમ જેમ સમજાતો જાય તેમ તેમ મૂર્તિ વધુ સાંભરે. એ મહિમા પ્રાપ્ત થવા મૂર્તિમાં આપોપું કરવું. મૂર્તિમાં નિમગ્ન થવાથી સર્વે પ્રાપ્તિ થઈ જાય; કાંઈ બાકી ન રહે. જેમ ચંદ્રમાથી સર્વે ઔષધીઓનું પોષણ થાય છે. બાજરી, ઘઉં આદિમાં રસ ચડે છે, અને સૂર્ય તેને પકવે છે, પણ જો વાદળાં આડાં આવે તો તેવો દાણો ન પાકે. તેમ મહારાજની કૃપા વડે જીવમાં મુક્તતા આવે છે; પણ વચમાં છળકપટ, દગા, પ્રપંચરૂપ વાદળાં ન હોય તો મુક્તતા આવે, નહિ તો ન આવે. આ સિદ્ધાંત વાત છે. ॥ ૩૪ ॥

## વાર્તા ૩૫.

આપણે મોટા મુક્ત તથા સંત હરિભક્ત એ બધાયને ઘરના જાણવા, કેમ કે બધાયમાં કર્તા એક મહારાજ છે; તેથી તેમને સેવાએ રાજી કરવા. આ સત્સંગરૂપ બગીચો

શ્રીજીમહારાજનો કરેલો છે તેની પુષ્ટિ કર્યા કરવી. જેમ બગીચામાં કોઈ નવાં નવાં ઝાડ નાખે તેણે બગીચાની પુષ્ટિ કરી કહેવાય તેમ શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે જે કાંઈ સેવા થાય તે સત્સંગરૂપ બગીચાની સેવા કરી કહેવાય. ॥ ૩૫ ॥

## વાર્તા ૩૬.

સ્વામીએ સભામાં વાત કરી જે, જેમ ભ્રમર પુષ્પમાંથી સુગંધ લીધા કરે તેમ પુષ્પરૂપ મૂર્તિમાંથી ભ્રમરરૂપી અનંતકોટી મુક્ત છે તે સુખરૂપ સુગંધ લીધા જ કરે છે. મહારાજની મૂર્તિમાં સુખનું વિભાગપણું નથી, કેમ કે મૂર્તિ એક જ છે તેમ જ સુખ અને જાણપણું પણ એક છે; પણ જ્યાં સુધી બીજે સારપ્ય રહેતી હોય ત્યાં સુધી વિભાગપણું જણાય છે. તે માટે મોટા મુક્તના જોગ સમાગમ અને રાજીપા વડે બીજેથી સુખની ભાવના ટાળી એક મૂર્તિના સુખની જ ભાવના કરવી, એટલે સંપૂર્ણ વિભાગ ટળી જાય અને જે કાંઈ સમજાવે તે સમજાવનારા મહારાજ જ છે, એવું અનુસંધાન રાખે તો યથાર્થ સમજાય. પણ હું સમજું છું એમ જાણે તો કાંઈ હાથ ન આવે.

મહારાજની મૂર્તિમાં અનહદ સુખ છે; તેજના અંબાર છે. અનંત કિરણો છૂટે છે. તેજ છે તે તો તેમનું તેમ જ છે પણ જોનારની દૃષ્ટિમાં કિરણના વિભાગ પડે છે તેને સમજાવવા માટે કિરણો કહેવાય છે. જેમ સૂર્યનું તેજ સર્વત્ર ભર્યું છે, પણ જોનારને કિરણો દેખાય છે, તે તો જ્યારે સૂર્યના જેવી દૃષ્ટિ થાય ત્યારે કિરણો મટી જાય; અને જો તેજ કે સુખ હાલે ચાલે

તેવું હોય તો વધુ ઓછું થઈ જાય, પણ એમ નથી. એ તો જેની દૃષ્ટિ એવી નથી થઈ તેને મતે વધુ ઓછું જણાય છે, પણ સુખ ને તેજ તો મૂર્તિમાં છે તેમના તેમ જ છે. આવી દિવ્ય સુખની વાતો એ સ્થિતિમાં રહેવા માંડે તેને યથાર્થ સમજાય, અને ત્યારે જ સુખમાં ઊંડું ઉતરાય. ॥ ૩૬ ॥

## વાર્તા ૩૭.

સ્વામી કહે બાપાશ્રીના જોગસમાગમથી આપણને લાભ બહુ જ મળ્યો, કૃપા પણ બહુ થઈ. હવે તો આપણે ભેગા થઈને કથા-વાર્તા કરી મૂર્તિનું મનન કરવું. કથા-વાર્તા બરાબર થઈ ક્યારે કહેવાય? તો પોતાના અંગની વાર્તા આવે તે શબ્દ સાંભળીને જ્યાં એ વસ્તુ હોય ત્યાં પહોંચી જવાય. જેમ લીમડાનું નામ લીધું એટલે વૃત્તિ લીમડે પહોંચી જાય ત્યારે જ નામ લીધું કહેવાય, તે રીતે આપણા અંગની વાત આવે એટલે તે શબ્દ સાંભળીને મૂર્તિમાં પહોંચી જવાય તો એ કથા-વાર્તા બરાબર કહેવાય. જુઓને! પરોક્ષમાં મંડળીઓવાળા ઘણી જ ધામધૂમ કરે છે પણ બધું ઉપર ઉપરનું; એણે કરીને કામ ન થાય. આપણામાં પણ કેટલાક ઉપર ઉપરની કથા-વાર્તા કરતા જણાય છે, પણ તેમાં શું આવે છે એનો વિચાર નહિ; માટે એમ ન કરવું. મૂર્તિનું અનુસંધાન બરાબર રાખવું તો કથા-વાર્તા કરી કહેવાય. અને મહારાજનો સદા સંબંધ રહે ત્યારે જ મુક્તની પંક્તિમાં ભળાય. એવા મુક્તને ક્યારેય મહારાજનો વિયોગ નથી. જેમ પૃથ્વીને આકાશનો કોઈ ઠેકાણે વિયોગ નથી તેમ મહારાજને અને મુક્તને અખંડ સંબંધ છે, ક્યારેય છેટાપણું નથી. ॥ ૩૭ ॥

## વાર્તા ૩૮.

એક સમયે સ્વામી શ્વેતવૈકુંઠદાસજી સભામાં વચનામૃતની કથા વાંચતા હતા, તેમાં 'ઇંદ્રિયોના દોર્યા દોરાય તે વેશ્યાના ગળામાં હાથ નાખ્યા જેવું ગણાય,' એમ વાત આવી. ત્યારે શામજીભાઈએ પ્રશ્ન પૂછ્યો જે કેમ હોય ત્યારે ઇંદ્રિયોના દોર્યા દોરવાણા કહેવાય? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, મહારાજના સંબંધ વિનાના તથા આજ્ઞા વિનાના બીજા વિષયમાં મન તથા ઇંદ્રિયોને પ્રવર્તવા દે એ દોરવાણા કહેવાય. જે મહારાજની આજ્ઞામાં વર્તે છે તે દોરવાણો ન કહેવાય.

પ્રથમ કચ્છ દેશ કેવો હતો? પણ મહારાજ અને મોટા મુક્તના જોગ સમાગમે સત્સંગનો રંગ ચઢતો ગયો. એમ મોટા પુરુષના જોગ સમાગમ અને રાજીપાથી વધાય છે. જુઓને! સદ્. શ્રી અચ્યુતદાસજી સ્વામીએ તથા મોટા મોટા સંતોએ ગામોગામ ફરી કચ્છના સત્સંગને બહુ સુધાર્યો; ત્યાર પછી સદ્. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામીએ પણ પુષ્ટિ બહુ કરી અને બાપાશ્રીએ તો મણા જ ન રાખી, કેમ કે અનાદિમુક્તની સ્થિતિ સમજાવી. આમ મહારાજ તથા મોટાના પ્રતાપે સુખ મળે છે.

આગળ મોટા સંત કહેતા કે ધન મળશે, વૈભવ મળશે, સોનાનાં મંદિર થશે પણ ધર્મ રાખવો કઠણ પડશે. આપણે એવા મોટા સંતના વચનને વિચારતા રહેવું તો ધર્મ રહે. જીવને એવા ઢાળ પડી ગયા છે કે કથા-વાર્તા કરે, સેવા કરે, મહિમા કહે, પણ પોતાપણું મુકાય નહિ. જ્યાં સુધી પોતાપણું મૂકે નહિ ત્યાં સુધી મોટાના આશીર્વાદ મળે

નહિ. માટે પોતાપણું મૂકી દેવું, તો મહારાજ તથા મોટા રાજી થાય. ॥ ૩૮ ॥

## વાર્તા ૩૯.

સોમા ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, પારસ અડે એટલે તુરત પારસ થાય છે, તેમ મૂર્તિનો સંબંધ થતાં જ જીવ દિવ્ય થઈ જવો જોઈએ, પણ દિવ્ય થવામાં ફેર રહે છે તેનું શું કારણ? ત્યારે સ્વામી બોલ્યા કે લોયાના સાતમા વચનામૃતમાં સંબંધના ત્રણ પ્રકાર કહ્યા છે, તેમ પારસના સંબંધનું પણ જાણવું. જેમ ગોટલો વાવ્યો ત્યારથી આંબો કહેવાય, પણ ધીરે ધીરે પાંદડાં તથા મોર આવે, પછી ફળ થાય ને આંબે કેરી આવે. તે પણ પ્રથમ તો નાની હોય, પછી થોડે થોડે મોટી થાય, પછી સાખ પડે તો પણ તેમાં ખટાશ તો હોય. એ તો જ્યારે પકવે ત્યારે મીઠી થાય. જે કેરી વખારમાં ન પડી હોય અને એમ ને એમ પાકી હોય તે કેરીમાં ખાંડ જોઈએ; પણ જે વખારમાં પડી હોય તે કેરીના રસમાં ખાંડ ન જોઈએ. માટે જ્યાં સુધી વખારમાં ન પડી હોય ત્યાં સુધી મીઠી ન થાય. કેરી તો એની એ હતી, પણ વખારમાં નહોતી પડી ત્યાં સુધી મીઠી થવાનું બાકી હતું; તેમ સમાગમ કરતાં કરતાં સિદ્ધ તથા સર્વજ્ઞ થાય અને મૂર્તિના સુખે સુખિયો થાય, ત્યારે પારસના જોગે પારસ થયો જાણવો. મહારાજની મૂર્તિમાં રસમાત્ર રહ્યા છે, પણ કામ ક્રોધાદિમાં તો લગારેય રસ નથી. ઊલટું દુઃખ જ જણાય છે. એમ જાણી એ સર્વનો ત્યાગ કરી મૂર્તિ વિના બીજે ક્યાંય માલ માનવો નહિ. ॥ ૩૯ ॥

## વાર્તા ૪૦.

મંદિરમાં મૂર્તિ પધરાવવી હોય ત્યારે પ્રથમ સિંહાસન સામી મૂર્તિ હોય, પછી પધરાવીએ એટલે સિંહાસનના મુખેમુખ થઈ જાય. તેમ મૂર્તિ વિશે આપોપું થાય એટલે દેહભાવ ટળી જાય, પછી કામ ક્રોધાદિક દોષ રહે જ નહિ; ત્યારે જાણવું જે મૂર્તિના સુખરૂપ રસનો ભોક્તા થયો તેને અનાદિ કહેવાય. જ્યાં સુધી મહારાજ સન્મુખ હોય ત્યાં સુધી વિધિ કરવાનો બાકી જાણવો, પણ પ્રતિલોમપણે હસ્તેહસ્ત, મુખેમુખ, ચરણેચરણ થયાં એટલે વિધિ પૂરો થયો જાણવો. જ્યાં સુધી એવું ન થયુ હોય ત્યાં સુધી સત્સંગ અધૂરો જાણવો. માટે મોટાના જોગે કરીને સત્સંગ પૂરો કરી લેવો. મૂર્તિ દેખાય એટલે સુખિયા થયા એમ નહિ. એમ તો ચિતારા મૂર્તિને દેખે છે, પણ તેણે કરીને સુખિયા થતા નથી; એ તો જ્યારે મૂર્તિરૂપ થઈ મૂર્તિના સુખમાં ઊતરે ત્યારે સુખિયા થાય. એક ચકલી મેરૂ પર્વત ઉપર બેઠી હતી, તેને પાણી પાવા સારુ ભગવાને બધું બ્રહ્માંડ બોળી નાખ્યું; તેમ જે મૂર્તિમાં જોડાણો તેને અનંતકોટી બ્રહ્માંડ બોળાઈ ગયાં અને મહારાજની મૂર્તિના સુખરૂપ પાણી પીધું. માટે ભગવદ્‌ભાવ આવ્યો એટલે મૂર્તિના સુખમાં જોડાઈ ગયો જાણવો. ॥ ૪૦ ॥

## વાર્તા ૪૧.

અધો ઉર્ધ્વ પ્રમાણ રહિત તેજના સમૂહને મધ્યે મહારાજની મૂર્તિ છે તે મૂર્તિમાં મહારાજે મને કૃપા કરી રાખ્યો છે, એમ જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે જ સુખિયો કહેવાય. મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત છે તેને મૂર્તિના જેવું જ

જાણપણું હોય છે. તે જાણપણું શું તો એક સુખ જ. તેને તો એક મહારાજ જ દાતા અને પોતે સુખના ભોક્તા, એટલું સ્વામીસેવકપણું થયું. એક મહારાજ વિના બીજો કોઈ ધણી ન મળે. કલ્યાણ કરવું તે પણ એ ધણીનું જ કામ. પોતાને તો દિવ્ય સુખમાં પૂર્ણ થવાતું જ નથી. આમ સમજાય તો કાંઈ બાકી રહે નહિ. આ તો ઉપર ઉપરનો સત્સંગ કરે, પણ મોટા મુક્તને રાજી કરવાનું તાન નહિ તેને શું હાથ આવે? જો મોટા મુક્ત સાથે હેત રાખે તો તુરત કામ થાય; માટે વિચારીને સમાગમ કરવો. મહારાજે બુદ્ધિવાળાને વખાણ્યા છે, કેમ કે તે આવી વાત સમજી શકે. જેમ પાકશાસ્ત્રના પટારા ભર્યા હોય તે જમવા ટાણે આગળ મૂકે અને તેમાંથી પુસ્તકો કાઢી કાઢીને વાંચ્યા કરે તો પણ પેટ ભરાય નહિ. એ તો જ્યારે રસોઈ કરીને જમે ત્યારે જ ભૂખ ભાગે. તેમ સમજ્યા વિના કથા-વાર્તા પાંચ વખત કરે ને આખો દિવસ વાંચ્યા કરે તે નવરો જ ન રહે, પણ જો મૂર્તિના સુખમાં ન ઊતરે તો કથાની કાંઈ પણ અસર તેનામાં આવી ન કહેવાય. તે તો પાકશાસ્ત્રના પટારા ભરી રાખ્યા જેવું થયું, પણ જમ્યા વિના એ શું કામમાં આવ્યા! ॥ ૪૧ ॥

## વાર્તા ૪૨.

કોઈ મોટા મંદિરમાં રહી કથા-વાર્તા કરતો હોય અને અતિ નિયમ પાળતો હોય પછી બીજા મંદિરમાં એ જાય ત્યાં એવું ને એવું ન રહે પણ ઊતરતા જેવું વર્તન થઈ જાય, તો જાણવું જે તેને પ્રથમ કથાની વાત સમજાણી નહોતી. તેને તો મુખપાઠ જેવું હતું તેથી શું થાય! પણ જો લગારેક ઊંડો

ઊતરેલો હોય તો ગમે ત્યાં જાય, પણ તેનો સત્સંગ વૃદ્ધિ પામે, માટે કથામાં ઊંડા ઊતરવું. હળવદના ખત્રી અમરશીભાઈના દીકરા મહાદેવભાઈને થોડી જ વાત સમજાણી હતી પણ સત્સંગ વૃદ્ધિ જ પામતો ગયો, ને વધતાં વધતાં અતિશે બળિયા થયા; પછી તો એ મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા. તેમ કથા-વાર્તા કરી સાંભળીને ફળ જે મૂર્તિ તેમાં દૃષ્ટિ પહોંચે તો આ લોકના સુખ-દુઃખમાં સત્સંગ મોળો ન પડે. દિન-પ્રતિદિન મૂર્તિનું સુખ વધતું જ જાય. ॥ ૪૨ ॥

## વાર્તા ૪૩.

પુરાણી ધર્મકિશોરદાસજીએ પ્રશ્ન પૂછ્યો જે, મહારાજ હાથ આવ્યા અને મુક્ત હાથ આવ્યા, પણ સુખ હાથ ન આવ્યું તેનું શું કારણ? પછી સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, કારણ આવ્યું તો કાર્ય કેમ ન આવે? ત્યારે સ્વામી બોલ્યા જે એને મહિમા સમજાણો નથી. જો મહિમા સમજાય તો તુરત સુખ આવે. મૂર્તિ અને સુખ જુદાં નથી. જેમ કેરી અને રસ સાથે જ છે. એ રસ મીઠો-ખાટો કોણ જાણે? તેને તો જમનારો જાણે. કેરી કહે તો ય રસ અને રસ કહે તો ય કેરી; તે તો એક જ વસ્તુ છે. તેમ મૂર્તિ અને સુખની એકતા છે, પણ સમજનાર ને સમજાવનારા અધૂરા મળ્યા છે; એટલે મૂર્તિના સુખભોક્તા મુક્ત મળ્યા નથી, તેથી મૂર્તિ અને સુખ જુદું થઈ જાય છે. કદાપિ કોઈને મોટા તો મળ્યા હોય પણ જો તેમના વચનમાં વિશ્વાસ ન હોય તો મૂર્તિ અને સુખ જુદું સમજે. પણ વસ્તુતાએ મૂર્તિ અને સુખ જુદાં નથી; એક જ છે. પછી એમ બોલ્યા જે ગાયને જ્યારે વાછરડું ધાવતું હોય ત્યારે મોઢામાં

દૂધ આવે તો પૂછડું પલકાવે છે, પણ દૂધ ન આવે ત્યાં સુધી પલકાવે નહિ. તેમ જેને મૂર્તિનો સંબંધ મહિમાએ સહિત થાય તેને સુખ બાકી ન રહે. જો બાકી છે એમ રહેતું હોય તો જાણવું જે મહિમા કહેવા માત્ર જ છે. ઉપાસના, ભક્તિ, મહિમા તથા પરચા, એ બધામાંથી શું નીકળે છે? તો મૂર્તિનું સુખ નીકળે છે. જેમ દૂધમાંથી ઘી નીકળે છે તેમ. માટે મૂર્તિના સુખમાં ઊંડો ઊતરે તેને એ હાથ આવે, પણ વાચ્યાર્થથી કાંઈ ન થાય. જેને બીજે ક્યાંય આશ્ચર્ય જેવું લાગે છે તેને તો મૂર્તિ વિના બીજે ક્યાંય સારપ્ય રહેતી હશે, પણ જો એક મૂર્તિમાં જ માલ મનાણો હોય તો પછી બીજે ક્યાંય આશ્ચર્ય જેવું રહે જ નહિ. ॥ ૪૩ ॥

## વાર્તા ૪૪.

કેટલાક સત્સંગ કરતા જણાય છે, પણ તેને કામ, ક્રોધાદિક દોષ કેમ ટળતા નથી? તો તેનું તો એમ છે જે એને મૂર્તિનો યોગ થયો નથી. જો મૂર્તિનો યોગ થાય તો એ દોષ તુરત જતા રહે. સત્સંગ તે શું? તો સત્ય એવા જે ભગવાન તથા સત્ય એવા જે મુક્ત અને સત્ય એવો જે આત્મા તેનો યોગ તે સત્સંગ કહેવાય. જો બધે યથી વૃત્તિ ઉખાડી મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવાય તો મૂર્તિનું સુખ મળે અને દોષમાત્ર તુરત ટળી જાય. એ વિના તો બીજો દેહનો વ્યવહાર, નાતનો વ્યવહાર તથા સત્સંગનો વ્યવહાર કહેવાય; તે તો સર્વના ઢાળ પ્રમાણે વર્તવું જોઈએ. જો ન વર્તે તો નિંદા થાય. પણ એકલા વ્યવહારમાં જ રહે અને મૂર્તિનો સંબંધ ન રાખે તો ઘાણીના બળદ જેવું થાય. ને તેણે કરીને પંથ ન

કપાય. તેમ મૂર્તિના સંબંધ વિના સુખની પ્રાપ્તિ ન થાય. કેટલાક માળા ફેરવે, કથા કરે, પણ મૂર્તિનો સંબંધ ન હોય તો કાંઈ નહિ. એક હરિભક્ત બાપાશ્રી પાસે દર્શને આવેલ પણ મહિમાની ખબર નહિ અને ઊઠે, બેસે, જાય, આવે, કથા કરે એ બધું વેગથી કર્યા કરે. કેટલીક વાર તો પોતાની મેળાએ પારાયણો પણ વાંચી, એમ ઘણો વખત ત્યાં રહ્યા, પણ બાપાશ્રી કોઈ વાર જણાવતા જે આ અમારી પાસેથી કાંઈ લેતા નથી. આ રીતે દિનકઢણી જેવા ભણતરથી મહારાજની મૂર્તિનું સુખ ન આવે. આગળ એક સંતને અક્ષરરૂપે રહેવાનું અંગ બંધાયેલું હતું, તે ગમે ત્યાં જતા પણ તેનો કેફ એવો ને એવો જણાતો. તેમ આપણે મૂર્તિનો કેફ રાખવો. જ્યારે એવો કેફ અખંડ રહે ત્યારે જાણવું જે મૂર્તિનું સુખ હાથ આવ્યું. ॥ ૪૪ ॥

## વાર્તા ૪૫.

સત્સંગમાં સૌને કારણ મૂર્તિ જે શ્રીજીમહારાજ તેનું કામ છે. એ મૂર્તિ જો પકડી રાખી હોય તો ગમે ત્યાં જાય પણ તેને ખુમારી ઊતરે નહિ. આપણે સત્સંગ કર્યો છે તે કાંઈ કોઈને દેખાડવા માટે નથી કર્યો. આ તો માંહી વધવા માટે છે. પણ આવું અનુસંધાન ન હોય અને ઉપર ઉપરથી થાબડી રાખે તે ક્યાં સુધી નભે? જેણે ચોખ્ખું અંગ કરેલું હોય તે તો ગમે ત્યાં જાય પણ સુખિયો રહે. અત્યારે તો સત્સંગમાં દિનકઢણિયા, સ્વાર્થીઓ તથા રોટલીયા એવા અનેક પ્રકારના માણસો જોવામાં આવે છે તે પોતાનું શું રૂડું કરી શકે? માટે ચોખ્ખું અંગ કરવું. ઋષભદેવ ભગવાને દીકરાની પણ

મહોબત ન રાખી તેનું કારણ શું? તો એને (દીકરાને) મૂર્તિનો સંબંધ નહોતો રહ્યો. માટે આપણે તો એક શ્રીજીમહારાજ સાથે સંબંધ રાખવો. કરવા બેઠા તે પહેલું પૂરું કરી લેવું, પછી કરશું એમ ન રાખવું. મોટા મુક્તનો અહોનિશ સંગ રાખવો. તેમનાં વચન અધ્ધર ઝીલવાં, ગરજું થવું, ત્વરા રાખવી, તો પૂરું થઈ જતાં વાર ન લાગે. બાપાશ્રીના જોગમાં જે જે આવતાં તેને તો પોતે રાજી થઈને આશીર્વાદ આપતા અને કહેતા કે જાઓ! તમારું પૂરું થઈ ગયું પણ ઉધારો રાખતા નહિ. એવા મોટા હોય તે તરત પૂરું કરી દે. ॥ ૪૫ ॥

## વાર્તા ૪૬.

ચરાડવામાં દરબાર વિભોજીભાઈ હતા, તેમણે સદ્. અવદાતાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં અને મહિમાની વાતો સાંભળી. પછી તો એવો કેફ આવી ગયો તે જાણે પૃથ્વીએ પગ જ મંડાતા નથી, અધ્ધર ઉડાય છે. માટે એવા આપનાર અને લેનાર જોઈએ તો તરત દિવ્યભાવ આવી જાય, પણ લોચાપોચાથી કાંઈ ન બને. ॥ ૪૬ ॥

## વાર્તા ૪૭.

પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે, મહારાજનો મહિમા કેવી રીતે જાણે તો મૂર્તિ વિના બીજું કાંઈ રહે જ નહિ? ત્યારે સ્વામી બોલ્યા જે, મહારાજની મૂર્તિમાં જ સુખ છે એવી સમજણ દૃઢ કરી મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં મહારાજ તથા મોટા મુક્તનો કૃપાપાત્ર થાય ત્યારે મહારાજ તેને પોતાને સુખે સુખિયો કરે, પછી તેને બીજું કાંઈ રહે નહિ,

એટલે તે એમ જાણે જે યત્કિંચિત્ જ્યાં જ્યાં સુખ છે તે સર્વે મૂર્તિનું છે એવો મહિમા સમજાય તો બીજેથી પાછો વળે. પછી તેને મૂર્તિ વિના કાંઈ ન દેખાય. એટલે એક મહારાજને જ દેખે. આવી રીતે સુખરૂપ થયો એ નિરાકાર નહિ, પણ જેમ મહારાજ સાકાર છે તેમ એ ભક્તનો ચૈતન્ય પણ સાકાર થયો; માટે આ વિચાર એ જ દેહ ભૂલવાનું પ્રાયશ્ચિત્ત છે. તે વિના બીજો ઉપાય એવો નથી.

પછી વાત કરી જે આપણે ત્યાગીએ, બે વાનાં જે ધન અને સ્ત્રી, તેનો ત્યાગ દૃઢપણે રાખવો જોઈએ તો મોટાનો જોગ કર્યો ય પ્રમાણ. પણ એ બે વાનાં નકરાં જાળવી બેસી રહે તો શું થાય? માટે ફળ સામી પણ દૃષ્ટિ રાખવી જોઈએ. ફળ હશે તો એ બે વાનાં સહેજે જળવાશે. માટે ફળ જે મૂર્તિ તે મુખ્ય રાખવી અને એ બે વાનાંનો ત્યાગ રાખવો તો સંપૂર્ણ સાધુતા કહેવાય, અને મોટાનો જોગ કર્યો ત્યારે જ પ્રમાણ કહેવાય. ॥ ૪૭ ॥

## વાર્તા ૪૮.

કોઈ આંબો વાવીને ઉખેડી જુએ તો તે આંબો ન થાય. તેમ મોટા મુક્તના જોગ સમાગમે કરીને મહારાજનો નિશ્ચય કર્યો હોય તે પાછો કોઈના વચને ઉખેડીને આઘોપાછો ફરે તો તેનો નિશ્ચય ન રહે. અને એમ માને જે મારા જેવો બીજાને નિશ્ચય નથી તો પણ ઉખેડ્યો કહેવાય, માટે એમ ન કરવું. મૂર્તિ સંભારતાં વચમાં ઘાટ સંકલ્પ થાય તે તુરત ટાળી નાખે તો ઠીક રહે, પણ એમ ને એમ ઘાટ સંકલ્પ થયા કરે તો મૂર્તિથી છેટું પડે, જેમ હિસાબ કરવા બેસે ને ભેળું બીજું ય

સંભાર્યા કરે તો હિસાબ ન મળે. તેમ બીજું સંભારે-બોલે તો મૂર્તિથી છેટું પડે. જેને નિશ્ચય ન હોય તેને તો જ્યાં ત્યાં દહાડા કાઢવાના હોય તેને મૂર્તિનું સુખ ક્યાંથી મળે!

જીવને મહારાજની પ્રાપ્તિ થવી તે બહુ જ દુર્લભ છે. વર્તમાનકાળે એ પ્રાપ્તિ બાપાશ્રીએ દયા કરી સુગમ કરી અનેકને સુખિયા કર્યા તે આપણે જોયું. અત્યારે બીજા ગમે તેટલું ડહાપણ કરે ને કામ કરે પણ બાપાશ્રીએ જે કામ કર્યાં તેવાં કોઈથી થઈ શકે એવું નથી. એમણે તો નકરી મૂર્તિના સુખની જ વાતો કરી છે. પોતે તો ઐશ્વર્ય સંતાડી સંતાડીને જ વર્તતા, પણ જો એમનું ઐશ્વર્ય જણાવ્યું હોત તો અક્ષર પર્યંત કોઈ તેમની નજરમાં આવે તેવું ક્યાં હતું? તેમ એકાંતિક, પરમ એકાંતિકનું પણ એવું જ. એમને તો મહારાજ અને અનાદિમુક્ત એ બે જ વસ્તુ હતી, તેથી બીજા કોઈ નજરમાં ક્યાંથી આવે? આવા મોટા જાણે તો મહિમા બહુ સમજાય. જુઓ તો ખરા! જેને એક મહારાજ જ છે, બીજું કાંઈ છે જ નહિ. તેનું જાણપણું કેટલું! તો મૂર્તિ જેટલું જ. જો આ વિચાર કરો તો દિવાનું થઈ જવાય. પણ જેવો મહિમા તેવું સુખ. પાત્ર પણ તેવો થયો, પછી એ છલકાય નહિ. પોતાપણું રહે તેટલો સવિકલ્પ અને દિવાનું થવાય તેટલો સાધન દશામાં કહેવાય. પણ સિદ્ધ દશામાં તો જેમ છે તેમ જ દેખાય.

**યદ્‌ગત્વા ન નિવર્તન્તે** એ શ્લોક પ્રમાણે જે મૂર્તિના સુખમાં પહોંચ્યો તે પાછો ન વળે, પણ જો વળ્યો તો સુખમાં પહોંચ્યો નથી. એક હરિભક્ત હતો. તે મહારાજનાં દર્શન કરીને ઘેર ગયો. પછી તેની માને કહ્યું કે હું ભગવાનનાં દર્શન કરીને આવ્યો. ત્યારે તેની મા કહે તેં ભગવાનનાં દર્શન કર્યાં નથી.

જો ભગવાનનાં દર્શન કર્યાં હોય તો પાછો કેમ આવે? માટે દર્શન તો કર્યાં પણ ઉપર ઉપરથી, જેવા છે તેવા ઓળખીને નહિ. તેમ જે મૂર્તિના સુખમાં પહોંચ્યો તે શું કરવા પાછો વળે? ન જ વળે. ॥ ૪૮ ॥

## વાર્તા ૪૯.

આપણે મોટા મુક્ત સાથે હેત બાંધવું અને મહિમા જાણવો તો પૂરું. તે હેત કેમ થાય, તો અરસપરસ મહિમા સમજાય તો હેત થાય. બાપાશ્રીને અમે વાતો કરવાનું કહીએ ત્યારે કહેતા કે વાતોનો ખપ છે કે વાતોના કરનારાઓનો ખપ છે? એ સમજી લેવું. માટે ભેગા રહીને વાતોને તાને ચડી જવાય તે ઠીક નહિ. પણ વાતો કોણ કરે છે તે ઉપર લક્ષ રહે તો વાતના કરનાર ઉપર હેત થાય. માટે હેત થયાનું કારણ એવા મોટાનો મહિમા સમજવો એ જ છે. ॥ ૪૯ ॥

## વાર્તા ૫૦.

મહારાજનો મહિમા જાણી સેવા કરતાં તથા મહિમાની વાતો કરતાં કાંઈ ઉપાધિ થાય તો પણ તે નિમિત્તની સારી; કારણ કે એમાં મૂર્તિ બહુ જ સાંભરે. તે વિષે વાત કરી જે બાપાશ્રી છપૈયે જન્મસ્થાનમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવવા નિમિત્તે આવવાના હતા તે વખતે અમો બાપાશ્રીને તેડવા સારુ કચ્છમાં ગયા હતા. કેમ કે આગળથી હરિભક્તોને મોકલેલ કંકોત્રીઓમાં 'અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી છપૈયે શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પ્રસંગે પધારવાના છે,' એવું લખાવેલ હતું. તેથી ત્યાં જઈ પ્રાર્થના કરતાં બાપાશ્રી અમારી સાથે અમદાવાદ પધાર્યા,

ત્યાંથી છપૈયે જવાનું નક્કી કર્યું. એ વખતે અમદાવાદમાં સહેજ ઉપાધિ થઈ; તે એટલી કે બાપાશ્રી છપૈયે મૂર્તિ પધરાવવા પ્રસંગે ન જાય. એ વાત જ્યારે બાપાશ્રીના જાણવામાં આવી ત્યારે ધનજીભાઈ આગળથી સિદ્ધપુર ગયા હતા તેને તાર કરી પાછા આવવાનું જણાવ્યું. વળી પોતાની મેળાએ જ બીજો તાર કરાવ્યો કે અમારા બીજા ખબર મળે ત્યાં સુધી તમો ત્યાં ને ત્યાં જ રહેજો. પછી રાત્રે નક્કી કરી બીજે દિવસે સૌ છપૈયે જવા નીકળ્યા અને ધનજીભાઈને એ ખબર આપ્યા. આ વખતે છપૈયે જવા દેવામાં જે રાજી ન હતા તે પણ સાથે ચાલ્યા. તે સૌ સાથે અમો છપૈયે પહોંચ્યા. પછી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ રહી અને હજારો રૂપિયાની સેવા પણ થઈ ત્યારે એના એ કહેવા લાગ્યા જે, શ્રી ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પ્રસંગે બાપાશ્રી આવ્યા તે કામ બહુ સારું થયું, કેમ કે એમને લીધે બહુ મનુષ્ય આવ્યા, અને સમૈયો સારો થયો. અમો જાણતા નહોતા કે આવા સમર્થ છે. આ બધું સંભારીએ છીએ તે ભેળા શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ તથા સમૈયો સાંભરી આવે છે, માટે એવી ઉપાધિ તો મૂર્તિ સંભારી આપે. જો આવી વાતો પાનામાં લખી રાખી હોય તો પાનામાં જ પડી રહે. મોઢે કરો તો મોઢે રહે, પણ મૂર્તિ તો છેટી ને છેટી જ રહે. માટે મૂર્તિ ઢૂંકડી રહે તેમ કરવું. આ રીતે મોટાની મોટાઈ ટાણે જણાયા વિના ન રહે. ॥ ૫૦ ॥

## વાર્તા ૫૧.

શ્રીજીમહારાજનો દરજ્જો સૌથી પહેલો છે અને અનાદિમુક્તનો દરજ્જો બીજો છે; મહારાજ પૂજાય તે ભેગા

એ મુક્ત પણ પૂજાય છે. જો આ દરજ્જાની ખબર રાખે તો તેમની પાસે પોતાને કાંઈ માન ન રહે, કારણ કે એ સર્વ મહારાજને લઈને છે. તેથી બધી પૂજા, પ્રતિષ્ઠા, સત્કાર, સન્માન મહારાજને જ થાય છે; એમ જાણે તો એમની મોટપ જણાય. પછી એમની પાસે પોતાના ડહાપણનો સંકલ્પ કેમ રહે? ન જ રહે.

બાપાશ્રી કહેતા કે જેને લાખો માણસો માનતા હોય તો જાણવું જે એ જરૂર મોટા હશે. એટલા માણસો માને અને જેમ છે તેમ સ્થિતિ રહે તો મહારાજ પૂજાય છે, એમ જાણવું. જો પોતે પૂજાતા-મનાતા હોય તો તે સન્માન જીરવી શકાય નહિ અને સ્થિતિ પણ રહે નહિ.

બીજાને સમજાવવાનું તાન રહે પણ પોતાના જીવને ન સમજાવાય તે કેટલી ખોટ? માટે પહેલો તો પોતાના જીવાત્માને બરાબર સમજાવવો; પછી બીજાનું કરવું અને કહેતા રહેવું જે ભાઈઓ! જો જો! સત્તાવનનું ટોળું છે તે ગાફેલ રહેશો તો લૂંટી લેશે. ॥ ૫૧ ॥

## વાર્તા ૫૨.

ત્યાગી થઈને મહારાજના વચન પ્રમાણે ન વર્તાય તો બહુ જ મોટી ખોટ આવે. મહારાજ પાસે પહોંચવું હોય તેને એવો વિચાર કરવો જોઈએ કે હું કયા આશ્રમમાં છું. એવું ન વિચારે ને હું ત્યાગી છું એમ માની જેટલું પ્રથમ રાખતો હતો તેટલું ને તેટલું રાખી રહે તો પછી શું ત્યાગ્યું? તેનો વિચાર રાખવો. કોઈ માણસ સંન્યાસી થઈ પાછો પોતાને ગામ ગયો ત્યારે ગામના માણસો નોતરાં દઈ જમાડવા મંડ્યાં. એક

દિવસ  તેમના ઘરના માણસે પણ નોતરું દીધું. એટલે પોતાને ઘેર જમવા ગયો. ત્યાં તેના ઘરના માણસે ઘેંસ પીરસી પણ તેને એ ભાવી નહિ, તેથી તેની સ્ત્રીને કહ્યું જે આ તો સારી નથી લાગતી, ઓલ્યો મારો ઝોળો લાવ. પછી તેણે ઝોળો આપ્યો તેમાંથી મીઠાઈ, અથાણાં અને બીજો માલ પણ કાઢ્યો. પછી તેની સ્ત્રી કહે, સ્વામીજી! આમાં તો બધું ય છે, એક હું નથી; મેં શું ગુનો કર્યો છે? પછી તો એ ઘેર જ રહી ગયો. એવું ન કરવું, પણ ખરા ત્યાગી થવું. ॥ ૫૨ ॥

## વાર્તા ૫૩.

મહારાજની અખંડ સ્મૃતિ કેમ રહે? તો હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, નહાતાં-ધોતાં, સર્વ ક્રિયામાં મૂર્તિનું મનન કરવું. એમ કરતાં કરતાં સ્વપ્ન પણ મહારાજ સંબંધી જ આવે તેથી આનંદ વધતો જાય. પછી એમ જાણવું જે મને મૂર્તિરૂપ દિવ્ય ચિંતામણિ મળી છે અને તેમાં જ બહુ સુખ છે. બીજે તો દુઃખ ડોકાં કાઢી રહ્યાં છે. એવી સમજણ દૃઢ થાય તો અખંડ સ્મૃતિ રહે. બાપાશ્રીએ અનેકને મૂર્તિના સુખમાં મેલવાની દયા કરી એ બહુ મોટું કામ કર્યું. પોતે સત્યસંકલ્પ હતા તેથી એમના સંકલ્પ સર્વ સત્ય થતા, એ આપણે નજરે જોયું. આમ અનાદિમુક્તની વાત જબરી છે, કારણ કે અનાદિમુક્ત મહારાજ ભેળા રસબસ ભાવે સદાય રહે છે. એ અનાદિમુક્તનો મહારાજ વિના બીજો કોઈ ઉપરી નથી. ॥ ૫૩ ॥

## વાર્તા ૫૪.

**ऋते ज्ञानान्न मुक्तिः ।।** એ શ્લોકમાં જ્ઞાનનું મુખ્ય કામ

પડે એમ કહ્યું છે, માટે જ્ઞાન જોઈએ. દુઃખનું જ્ઞાન હોય તો ય સાંભરી આવે કે આ જગ્યાએ દુઃખ પડ્યું હતું, તેથી ત્યાં જવાનું મન પણ ન થાય. ત્યારે આ તો સુખનું જ્ઞાન છે તે કેમ ભુલાય? ન જ ભુલાય? હવે એ સુખ કેમ સંભારવું! તો મહારાજ તથા મોટા મુક્ત અહીં જમતા, પ્રસાદી દેતા, મળતા એ બધું સુખ જાણી સંભારવું અને તેનું જાણપણું રાખવું. કેટલાક શરીર સારું રાખવા ખાધાપીધામાં કેવો ખટકો રાખે છે, કે આ કાચું હશે તો મને નહિ પચે! એ વિચારે તે હળવે હળવે ચાવીને ખાય છે તેમ સુખ લેવામાં પણ બહુ જાણપણું રાખવું જોઈએ. કેટલાક તો મોટાને માથે નાખી દે છે જે એ આપણું પૂરું કરશે. તે મોટા તો પૂરું કરે, પણ જો તેમની મરજી પ્રમાણે વર્તે તો; પણ મનને મતે વર્તતો હોય તો મોટા તેનું શી રીતે પૂરું કરે? માટે વિચારનું બળ રાખવું, નોરમાં રહેવું.

સત્સંગમાં કહેવાય છે કે સિદ્ધાંત હાથ રાખવો તો કાંઈ વાંધો રહે નહિ. તે સિદ્ધાંત શું? તો મહારાજ અને મુક્ત. એ બે સાથે હોય તો કામ થઈ જાય. કાંઈ બાકી ન રહે. સમજનારને એમ જણાય કે મહારાજ બોલે છે, વાતો કરે છે અને મુક્ત તો મૂર્તિમાં જ રહે છે. એમ સર્વ ક્રિયામાં મહારાજ દેખાય તો સંપૂર્ણ સુખ આવે. ॥ ૫૪ ॥

## વાર્તા ૫૫.

સવિકલ્પ અને નિર્વિકલ્પ કેવી રીતે? તો કોઈ માણસ બે ગાઉ ઉગમણો દોડે અને બે ગાઉ આથમણો દોડે એમ ઘણા કાળ દોડ્યા કરે પણ પંથ ન કપાય અને કહે કે લાખો ગાઉ

દોડ્યો, તેના જેવો સવિકલ્પ કહેવાય, અને તેની બહુધા વૃત્તિ કહેવાય. જે એક જ દિશાએ  દોડતો હોય તેનો પંથ કપાય અને મુકામ આવે તે નિર્વિકલ્પ કહેવાય; તેની એક જ વૃત્તિ કહેવાય. એવી રીતે સાધનદશાવાળા ભક્તને ઘડીક પુરુષોત્તમરૂપે ને ઘડીક દેહરૂપે વર્તાય તો ઉગમણા આથમણા દોડ્યા જેવું ગણાય અને કેવળ પુરુષોત્તમરૂપે જ વર્તવું તે એક જ દિશાએ દોડ્યા જેવું ગણાય અને તેને મૂર્તિનો સાક્ષાત્કાર થાય; એ મુકામે પહોંચ્યો કહેવાય. ॥ ૫૫ ॥

## વાર્તા ૫૬.

ધર્મ-અધર્મના સર્ગની વાત નીકળી ત્યારે સ્વામી કહે કે ધર્મનો સર્ગ તો મહારાજમાંથી ચાલ્યો અને અધર્મનો સર્ગ માયામાંથી ચાલ્યો. તેથી મહારાજને ધર્મધુરંધર કહ્યા છે, માટે બીજે ક્યાંય સુખ નથી. મૂર્તિનું સુખ તો સમુદ્રના જળ જેવું અપાર છે અને બીજે તો સુખાભાસ કહેવાય. તે પણ ઝાંઝવાના જળ જેવું છે. વડનગરનો એક હરિભક્ત હતો, તેણે વડોદરાના રાજાનું કાંઈક કામ રાખ્યું; તેમાં વીશ હજાર રૂપિયા નફો મળ્યો. તે રૂપિયા તેણે બારોબાર કોઈને ત્યાં વ્યાજે મૂક્યા. પછી જેને ત્યાં રૂપિયા મૂક્યા હતા તે આસામી ખૂટ્યો, તેથી એક પાઈ પણ ન આપી; તેથી તેણે ફરિયાદ કરી. તેમાં વડોદરા અને વડનગર વચ્ચે આંટા ખાઈખાઈને કેટલુંક ઘરના પૈસાનું ખર્ચ કર્યું તો પણ કાંઈ વળ્યું નહિ. પછી થોડા દિવસ તો એ રૂપિયા માટે દુઃખ બહુ લાગ્યું પણ વિચારતાં વિચારતાં જ્ઞાન થયું ત્યારે મંદિરમાં સંતો પાસે આવીને કહેવા લાગ્યો કે હવે હું સુખી થયો; કેમ કે એ રૂપિયા

ફક્ત નજરે જોયા હતા એટલામાં જ આટલું દુઃખ થયું તો એ મારા પાસે રહ્યા હોત તો કેટલું દુઃખ થાત? માટે સમજણ કામની છે. જ્ઞાને કરીને સુખી અને જ્ઞાન ન હોય તો દુઃખી. આ ટંટા બધા અજ્ઞાનના છે. એક ઉમેદો કરીને ખેડુ હતો. તેને કોઈક સાથે ટંટો થયો, પણ વિચારીને વાત પડતી મૂકી. તેને કોઈએ પૂછ્યું કે લડતા લડતા કેમ બંધ રહ્યા? ત્યારે તે કહે કે પહેલાં હું સમજ્યો નહોતો, પણ પછીથી સમજ્યો. તેમ ટંટા માત્ર સમજ્યા વિનાના છે. ॥ ૫૬ ॥

## વાર્તા ૫૭.

પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે બ્રહ્મજ્ઞાની તો જળે પાષાણવત્ લીન છે. તેને તેટલું સુખ ગણાય કે કેમ? ત્યારે સ્વામી બોલ્યા જે અનાદિમુક્તની દૃષ્ટિએ તો એક મહારાજના સુખ વિના બીજું કાંઈ સાચું જ નથી. એટલે બીજા કોઈ માર્ગમાં સુખ છે જ નહિ એમ જાણવું અને એમ સમજે ત્યારે જ એક વૃત્તિ રહે અને મૂર્તિનું સુખ આવે. ॥ ૫૭ ॥

## વાર્તા ૫૮.

વચનામૃતમાં એમ આવ્યું જે માંહી સંતના શબ્દ રહ્યા છે તેને બહારના સંતના શબ્દે કરીને પોષણ થાય છે. એમ કરતાં કરતાં સિદ્ધ થાય, ત્યારે બહારનો ભાવ ટળ્યો, એટલે પોતે માંહીલા સંતરૂપ થયો ત્યારે જ સુખિયો થયો, કેમ કે સંત તો મૂર્તિમાં છે, માટે બહારનો ભાવ ટળ્યો ત્યારે પોતે સિદ્ધ થયો, કહેતાં માંહીલા સંતરૂપ એટલે મૂર્તિરૂપ થયો અને મૂર્તિનો સુખભોક્તા થયો.

જેની પાસે ભગવાન હોય તે કલ્યાણ કરે, પણ જેની

પાસે ભગવાન ન હોય તે શું કલ્યાણ કરે? એમ કહી બાવાના બે ચેલાની વાત કરી જે તેને ગાદીએ બેસાડવાનું થતું હતું ત્યારે મોટે ચેલે તકરાર કરી કે ગાદીનો હકદાર હું ગણાઉં! પછી ગામના માણસોએ એ વાતનો નિર્ણય કરવા તે બેયને એક એક નાળિયેર આપીને કહ્યું કે કોઈ ન હોય ત્યાં આ વધેરી આવો. એ વખતે મોટો ચેલો જે ભગવાનને અંતર્યામી જાણતો નહોતો તે તો થોડેક છેટે જઈને કોઈ માણસ ન દેખે ત્યાં વધેરી આવ્યો. નાનો ચેલો જે એમ જાણતો હતો કે ભગવાન સર્વ ઠેકાણે છે અને અંતર્યામી થકા સર્વમાં છે તેણે તો ભગવાન વિના ક્યાંય ખાલી જગ્યા દેખી નહિ તેથી નાળિયેર લઈ પાછો આવ્યો. ત્યારે ગામના માણસોએ તથા તેના ગુરુએ જાણ્યું કે જેને મતે ભગવાન નથી તે બીજાનું શું ભલું કરશે? અને આને તો ભગવાન છે તેથી કેટલાયના મોક્ષ કરશે; માટે આને ગાદીએ બેસાડો. પછી એને જ ગાદી આપી, અને મોટો ચેલો જે બહુ બોલતો હતો તેને તેના ગુરુએ નાસ્તિક કહ્યો અને ગાદી આપી નહિ. આમ જેને મતે ભગવાન ન હોય તેની કાંઈ કિંમત જ નહિ. માટે ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિનું નિશાન રાખવું.

મહારાજે આપણને પોતાની મૂર્તિ ભેળા રાખ્યા છે, પછી બીજો ઘાટ સંકલ્પ કેમ થાય? મહારાજે કહ્યું છે કે જ્યાં સુધી વર્ણનું અને આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. ત્યાગી અને ગૃહસ્થ એ કાંઈ હાથ, પગ, નાક, કાન આદિથી નથી. એમાં તો અહંપણાની ભાવના છે તે ન રાખવી તો મહારાજ રાજી થાય. ॥ ૫૮ ॥

## વાર્તા ૫૯.

મહારાજ વિના બીજું બધું કાઢી નાખવાનું છે. તેથી જો રોજ રોજ એક એક ઓછું કરતા રહીએ તો ય થોડા દિવસમાં બધું નીકળી જાય. એક દિવસે પૃથ્વી, બીજે દિવસે જળ, એવી જ રીતે તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ એ બધાં કાઢતાં કાઢતાં નીકળી જાય. કરવા માંડીએ તો બધું ય થાય. માટે કામ, ક્રોધ, લોભ, માન, રસાસ્વાદરૂપી કાંટા કાઢવા માંડો તો શું ન થાય? કોઈ કહે કાંટા કેમ નીકળે? તો મહારાજ અને સંતના વચનરૂપ કાંટા કાઢવાના ચીપિયા ઘણા છે, પણ શોધે તો હાથ આવે. કેટલાકને સાઠ-સિત્તેર વર્ષ થઈ ગયાં હોય તો ય કાંટા કાઢ્યા વિના નીકળતા નથી અને એ કાંટા માંહી રહીને પાક્યા કરે છે, એટલે દુઃખ બહુ થાય છે. ત્યારે એ કહે છે કે હવે આ ક્યારે નીકળે? જુઓને! લક્ષ્મણજીને શલ્ય વાગ્યા હતા, તે વિશલ્યકરણી ઔષધિ પાઈ એટલે શલ્ય ઓગળી પાણી થઈને નીકળી ગયા. તેમ આપણે મહારાજ અને મોટા મુક્તના વચનરૂપ વિશલ્યકરણીનું પાન કરવું તો એ કાંટા નીકળી જાય. ॥ ૫૯ ॥

## વાર્તા ૬૦.

સભામાં એક હરિભક્તે કહ્યું કે હજુ બે આંગળ જેટલોય સત્સંગ થયો હશે કે નહિ? ત્યારે સ્વામી બોલ્યા જે એટલોય નથી થયો. જો એટલો થયો હોય તો પછી વધવા માંડે અને વધતાં વધતાં મોટો થઈ જાય, ત્યારે એક મહારાજ વિના બીજું બધું ય ખોટું જણાય. તે કેવડો થયો, તો અનંતકોટી બ્રહ્માંડમાં કોઈનો ભાર ન રહ્યો એવડો થયો. માટે વધતાં

વધતાં તો આવો મોટો થઈ જાય, એમ જાણી દિવસે દિવસે સત્સંગ વૃદ્ધિ પમાડવો. જુઓને! પ્રથમ ખદ્યોત જેવડો જીવ હોય છે પણ તેમાંથી વધતાં વધતાં મહાતેજ જેવો થઈ જાય છે, એમ વધાય. ॥ ૬૦ ॥

## વાર્તા ૬૧.

જીવને ‘હું’રૂપી બિલાડો કોઠલામાં બેઠો છે ત્યાં સુધી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ માલ નહિ રહે, કેમ કે તે તો માંહી બેઠો બેઠો ખાધા જ કરે, પછી શું રહે? માટે ‘હું’રૂપી બિલાડો કાઢવો, તો મહારાજના પ્રસન્નતારૂપ ગુણ જે દૂધ, દહીં, ઘીને ઠેકાણે છે તે રહેશે. અજ્ઞાનીનું તો શું થાય? તેનો તો કોઠલો જ ખાલી છે. જ્ઞાનીને તો ધર્મ જ્ઞાનાદિક માલ છે તે ખાઈ જાય માટે જરૂર કાઢવો. તે ક્યારે જાય? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ મહારાજનું કર્તાપણું મનાય અને પોતાનું કર્તાપણું ટળે, એવા ભક્ત પુણ્ય પાપને ટાળીને ભગવાનના સાધર્મ્યપણાને પામે કે તુરત એ ‘હું’રૂપી બિલાડો ટળી જાય છે, માટે ભગવાનમાં જોડાવું. અને નવધા ભક્તિ કરતાં કરતાં પ્રેમલક્ષણા ભક્તિ આવે ત્યારે મૂર્તિ સિદ્ધ થાય, માટે ખટકો રાખી કરી લેવું. ॥ ૬૧ ॥

## વાર્તા ૬૨.

આપણે સત્સંગ કરીએ પણ જો હૃદય ધખતું હોય તો સંત હરિભક્તોનો અભાવ આવે; તેથી સત્સંગમાં સુખ ન આવે. મચ્છુનો પાણો ઘણા કાળ પાણીમાં રહ્યો હોય પણ ટચકો મારો એટલે દેવતા ખરે. તેમ જીવ જ્યાં સુધી દેહરૂપ મટ્યો નથી અને સત્સંગનું ફળ જે મહારાજની મૂર્તિ તે હાથ

આવી નથી ત્યાં સુધી મચ્છુના પાણા જેવો છે. લાખ વર્ષ સુધી સત્સંગ કરે પણ જ્યાં સુધી મૂર્તિના સાક્ષાત્કારવાળા સંત સાથે હેત નથી થયું ત્યાં સુધી એવો ને એવો રહે. માટે એવા મોટા સંત સાથે હેત કરવું, તો વૃદ્ધિ પમાય. જેનાં મૂળ પાતાળ સુધી ઊંડાં ન પહોંચ્યાં હોય તેને સુકાઈ જવાનું રહે અને એ વંડીનાં તૃણ જેવો ગણાય, માટે પાતાળના પાણી સુધી ઊંડાં મૂળ ઘાલવાં, તો તે ક્યારેય સુકાય નહિ એટલે ઠેઠ મૂર્તિ સુધી પહોંચ્યો, તેનું સત્સંગરૂપ ઝાડ લીલું રહે. ॥ ૬૨ ॥

## વાર્તા ૬૩.

વાણિયા તથા સોની મહાજન કહેવાય છે, પણ બધાય સરખા ન હોય. કેટલાક તો પોલું કરી મેલે એવા પણ હોય. તેમ આપણે સત્સંગી કહેવાઈએ છીએ તેથી જો મહારાજના ગમતા પ્રમાણે રહેવાતું હોય તો ઠીક; પણ જો હું છું, એમ થતું હોય તો કહ્યા તેવા પોલું કરી મેલે તેવા કહેવાય. ॥ ૬૩ ॥

## વાર્તા ૬૪.

એક દિવસ સ્વામીએ સભામાં પૂછ્યું કે ક્યાંય હરતીફરતી દેરીઓ હશે? ત્યારે પુરાણી ધર્મકિશોરદાસજીએ સ્વામી સામો હાથ કરીને કહ્યું જે આ હરતીફરતી દેરીઓ છે. પછી સ્વામી બોલ્યા કે ખરી વાત. જેના ભેળા પ્રત્યક્ષ ભગવાન હોય તે ભેળા ખાય, પીએ, બેસે, ઊઠે, બોલે, ચાલે તથા બીજાને મુક્ત કરે. એવું કામ હરતીફરતી દેરીઓ કરે. ॥ ૬૪ ॥

## વાર્તા ૬૫.

સ્વામી કહે મને બાપાશ્રીએ એવી ભલામણ કરી હતી કે આપણને મહારાજ તથા મોટા મળ્યા છે માટે ક્યાંય પરચા-ચમત્કાર થાય તેમાં ખેંચાવું નહિ. જ્યાં ત્યાં તણાવા કરતાં મહારાજની મૂર્તિમાં જોડાવું તો પરચા-ચમત્કાર બધાય આવી જાય. અને તે અખંડ રહે માટે એ કર્યા કરવું. મહારાજની મૂર્તિમાં મુક્ત રહ્યા છે તેને બીજે શું જોવાનું રહ્યું? ત્યાં પહોંચીને પાછો બીજે ક્યાંય જોવાની ઇચ્છા રાખે તો તે પાછો વળ્યો કહેવાય. જેને મૂર્તિની પ્રાપ્તિ થઈ ન હોય તે તો જ્યાં ત્યાં દોડે, પણ જે મૂર્તિમાં જોડાણો હોય તેને શાની ખેંચ રહે? ન જ રહે. ॥ ૬૫ ॥

## વાર્તા ૬૬.

એક વખત ગઢડામાં મોટા સંતે સભામાં બહુ જ વાતો કરી. પછી સમાપ્તિ વખતે બોલ્યા જે આજ તો બધી કામરાજભાઈની વાત થઈ, હવે આવતી કાલે માનાભાઈની વાત કરશું. પછી માનો નામે પાળો હતો, તેણે વાત કરનાર સંતને આસને જઈને કહ્યું કે સ્વામી! મારો જે કાંઈ વાંક હોય તે અહિ કહેજો પણ સભામાં ફજેત કરશો નહિ. પછી તે સંતે માનાભક્તને સમજાવ્યા ત્યારે ખબર પડી જે આ તો માનખંડનની વાત થવાની છે. એમ ખબર વિના એવું થઈ જાય. ॥ ૬૬ ॥

## વાર્તા ૬૭.

આપણે શ્રી પુરુષોત્તમનારાયણના રાજ્યમાં છીએ પણ વૈરાટના રાજ્યમાં નથી એમ જાણવું, અને નિત્ય પ્રત્યે કથા

વાર્તા કરીએ છીએ તે શું કરવા? તો પોતાના ઠરાવ કાપવા તથા માયાનો નાશ કરવા, પણ કોઈને દેખાડવા સારુ કરતા નથી. મોટા મુક્ત એમ કહે છે કે મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ રાખવું નહિ અને મૂર્તિ જ રાખવી. દુર્વાસા ઋષિને કેટલીય ગોપીઓ વાંસના સૂંડલામાં થાળ ભરી ભરીને જમાડવા ગયેલ, તે સર્વે જમી ગયા અને પ્રસાદી પણ ન મૂકી; તો પણ ઉપવાસી કહેવાણા. તે થાળ જમાડવા જતાં 'શ્રીકૃષ્ણ ભગવાન સદા બ્રહ્મચારી હોય તો માર્ગ દેજો,' એમ જમુનાજીને કહેલ, તેથી માર્ગ થયો હતો. પણ પાછા વળતી વખતે ગોપીઓ કહે, 'હવે અમે ઘેર કેમ કરીને જઈએ?' ત્યારે એ ઋષિ બોલ્યા જે હવે જમુનાજીને એમ કહેજો કે, 'દુર્વાસા સદા ઉપવાસી હોય તો માર્ગ દેજો.' પછી ગોપીઓએ તેમ કહ્યું અને જમુનાજીએ માર્ગ દીધો, ત્યારે આશ્ચર્ય મનાણું! પણ શ્રીકૃષ્ણ ભગવાન તથા એ ઋષિનો મહિમા જેમ છે તેમ જાણી ન શક્યાં. તેમ આજ સત્સંગમાં મુક્ત થાય તેને માયારૂપી નદી માર્ગ દે છે તે કેવી રીતે માર્ગ દીધો કહેવાય? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ જીવમાં હા પડે એટલે માર્ગ દીધો કહેવાય. અત્યારે તો એવું છે કે આંખો મીંચીને બેઠા કે ધામમાં પેઠા. તેમાં જનારને દાખડો નહિ તેમ લઈ જનારને પણ દાખડો નહિ. એ તો જેમ સૂર્યનાં કિરણો જળ ખેંચે છે તેમ મહારાજના તેજે કરીને ચૈતન્ય ખેંચાઈ જાય છે, એટલે ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચે છે. પણ જો મૂર્તિ વિના જીવને બીજે રાગ રહ્યા હોય તો મૂર્તિનું સુખ પ્રાપ્ત ન થાય. ગુજરાતમાં પરદેશી મોટી કેરીઓ આવે છે, તે કેરીઓના ગોટલામાં બગાઈ જેવું જીવડું નીકળે છે; તેને

રસનો અને છોતરાંનો સ્વાદ ન આવ્યો અને ગોટલામાં સુખ મનાણું તેમ  મહારાજને મૂકીને આપણને બીજે સુખ મનાય તો તે એવું છે.

સત્સંગ તો સર્વ કરે છે, પણ જ્યાં સુધી છેડો હાથ ન આવ્યો ત્યાં સુધી સત્સંગ પાર પડે નહિ. માટે છેડો જે મહારાજની મૂર્તિ તે હાથ આવે એમ કરવું, એટલે પૂરું થઈ જાય અને સત્સંગ પાર પડ્યો કહેવાય. ‘સુખ સહેજે અને દુઃખ દાખડે’ એવું છે, પણ જીવને એવો સ્વભાવ પડી ગયો છે કે તે ખરા સુખનો અનુભવ કરતો નથી અને દુઃખમાં સુખ માની બેઠો છે. એટલે દેહાભિમાન મૂકતો નથી ને તેથી સુખ આવતું નથી. ॥ ૬૭ ॥

## વાર્તા ૬૮.

સૂર્યને વાંસે મૂકીને પડછાયાને પાછળ કાઢવો હોય તે કોઈ રીતે ન બને. એ તો સૂર્ય સામો જાય તો જ પડછાયો પાછળ પડે, પણ તે વિના દાખડો કરે એમાં કાંઈ વળે નહિ; તેમ મહારાજને છેટા રાખીને માયાને ટાળવી છે, એ કોઈ કાળે બને તેવું નથી. એ તો જ્યારે મહારાજનો સંબંધ થાય ત્યારે જ માયા છેટી રહે. ॥ ૬૮ ॥

## વાર્તા ૬૯.

મહારાજની મૂર્તિનો સંબંધ ન થયો હોય ત્યાં સુધી કોઈ મહિમાની વાત કરે તો મનમાં એમ થયા કરે જે આમ તે કાંઈ હોય? કોઈ કહે, સમજાવે તો ય ન મનાય, કેમ કે જીવ એવા ઠરાવ કરી બેસે છે કે વનમાં જઈ તપ કરીને સૂકાઈ જઈએ ત્યારે ભગવાન મળે, પણ વિચારતો નથી જે એમ કર્યે શું

થાય? એ તો નજર પુગ્યા વિના એવું સમજે છે. જેમ અભણ હોય તે એમ કહે કે આ કાગળ સામું જોઈને શું ય બોલે છે! પણ ભણેલો હોય તે એમ ન કહે. એ તો એમ સમજે કે આ અભણ છે તેથી અજ્ઞાને કરીને સમજ્યા વિના અવળું-સવળું બોલે છે. આમ તેના બોલનો ભણેલાને ધોખો થાય નહિ. તે ઉપર વાત કરી કે જૂનાગઢના મંદિરમાં એક ભરવાડ ગયો હતો ત્યારે મંદિરમાં દૂધપાકની રસોઈ હતી, તે દૂધપાક પીરસાતો જોઈ ભરવાડે જમવાની ના પાડી ને કહ્યું જે એ દૂધનો ઘૂંટો મને નહિ ભાવે, મને તો ઘેંસ ને દૂધ હોય તો ભાવે. પણ સંતોના આગ્રહથી એ ઘૂંટો ચાખ્યો ત્યારે સારો લાગ્યો; પછી એ સારી રીતે જમ્યો. તેમ વાત સમજાય એટલે શંકા મટી જાય. જેમ ભરવાડે પ્રથમ ના કહી પછી ઘૂંટો જમ્યો, તેમ જે મૂર્તિરૂપી ઘૂંટો એક વાર જમ્યો તેને બીજું ન ભાવે. આ લોકમાં ગળ્યા ઘૂંટાના તો પૈસા બેસે છે તેમ આમાં નથી. મૂર્તિરૂપી ઘૂંટો તો જેને લેવો હોય તેને મળે છે. તેથી મોટા મુક્ત કહે છે કે, 'કોઈ લ્યો! કોઈ લ્યો!' માટે મૂર્તિમાં જોડાવું એટલે બીજેથી વાસના તૂટી જાય અને સુખિયા થવાય. જેણે એ મહારસ ચાખ્યો તેણે સંસારનો કૂચો કરી નાખ્યો. તેમ મહારાજની મૂર્તિમાં જે નિમગ્ન થયો તેને બીજું કાંઈ ન ગમે.

એક વાઘરણને રાજાએ રાણી કરી, પછી તેને એ મોટા વૈભવમાં સુખ ન આવ્યું અને પોતાના પ્રથમના અભ્યાસથી ટાઢા ટુકડા સાંભર્યા. તેથી એક દિવસ ટાઢા રોટલા ગોખમાં મૂકી તેની પાસે દેજો માબાપ, દેજો માબાપ, એમ કહી ટુકડા ખાધા. આ વાતની રાજાને ખબર પડી એટલે તેના પર કુરાજી થઈ તેનો દેહ રહ્યો ત્યાં સુધી તેનું મોઢું જોયું

નહિ. તેમ સત્સંગમાં આવ્યા પછી પોતાના આગળના ઠરાવ મૂકે નહિ તો મહારાજ તેને જન્મ ધરાવીને શુદ્ધ કર્યા પછી જ મોક્ષ કરે છે. ॥ ૬૯ ॥

## વાર્તા ૭૦.

કાણોતરમાં બાપુભાઈ હતા તેમણે બાપાશ્રીને બહુ રાજી કર્યા હતા. તેમને કોઈક સંતે સભામાં પરોક્ષનાં દૃષ્ટાંત દઈને વાતો કરવા માંડી. ત્યારે બાપુભાઈ બોલ્યા કે સ્વામી! આપણા ઘરની વાતો કરજો. બીજા કોઈકનાં બારણાં ઠેલશો નહિ. તે કેવી ચોખ્ખી સમજણ કહેવાય? માટે આપણે પણ મૂર્તિ વિના બીજું કાંઈ સંભારવું નહિ. એ બાપુભાઈના પિતા બોઘાભાઈ પંચાતિયા હતા, પણ આ વાત સમજાણી એટલે પંચાત પડતી મૂકી; પછી તો વગડે ને વગડે રહી ધ્યાન કરતા, તેમ આપણે કરવું. ॥ ૭૦ ॥

## વાર્તા ૭૧.

ભગવાનના ભક્તને આળસ અને પ્રમાદ એ બે નડે છે. તે પ્રમાદ શું? તો કરવાનું ન કરે અને ન કરવાનું થાય. તે માટે આળસ, પ્રમાદ ન રાખવા. અને મૂર્તિમાં રહેવું, એ કરવાનું છે તે કરવું, પણ જીવ એ ન કરે અને ઘાટ સંકલ્પ કર્યા કરે. તેણે કરીને મહારાજ રાજી ન થાય, માટે સાવધાન રહેવું. ॥ ૭૧ ॥

## વાર્તા ૭૨.

મહારાજની મૂર્તિમાં જોડાઈ રહેવાથી બહુ ભારે કામ થાય છે. તે વિષે ચંદ્રકાંત મણિની વાત કરી જે, એ મણિ જેને મળ્યો હતો તેણે શરદપૂનમની રાત્રિએ અગાશીમાં મૂકીને

પૂજ્યો. એ વખતે ચંદ્રનાં કિરણો મણિ ઉપર પડ્યાં કે તરત જ મણિમાંથી સોનાની સેડ્યો છૂટવા માંડી. તે ગામ અને ગામના ફરતા દેશમાં વ્યાપી ગઈ. તે સોનું જેણે જેણે લીધું તે સુખિયા થઈ ગયા. એ ટાણે ખાવા-પીવાનું અને સૂવાનું પણ કોઈ સંભારે નહિ. તેમ આપણે અત્યારે એવો વખત છે, પણ બાળક જેવા જીવને ખબર પડે નહિ. તે તો વચમાં ખાવાનું માગે અને રોયા કરે. તેમ આ વાત ન સમજાણી હોય તેને બાળક જેવા જાણવા. આ પ્રાપ્તિ મહા દાખડે પણ કોઈને મળી શકે તેવી નથી તે આપણને સહેજે મળી છે. આવે વખતે આળસ રહે તો બહુ ખોટ રહી જાય. જેમ કોઈને પીધાની આળસે અમૃત ઢળી ગયું, તેમ આવ્યું સુખ જતું રહે. અત્યારે **'ન ભૂતો ન ભવિષ્યતિ'** એવો વખત જાય છે. આપણને મૂર્તિરૂપ ચિંતામણિ જેવી મહામોંઘી વસ્તુ મળી છે તેથી હવે મળવાનું કે પામવાનું કાંઈ બાકી નથી. ॥ ૭૨ ॥

## વાર્તા ૭૩.

સ્વામીએ દેવરાજભાઈને પૂછ્યું જે, આ વખત કેવો જણાય છે? ત્યારે એ કહે જે, સ્વામી! આ સમય તો બહુ દુર્લભ છે, કદિયે મળે નહિ તેવો છે; પણ આ વાતની અત્યાર સુધી કળ નહોતી પડી એટલે ભૂલ રહી ગઈ. ઓહોહો! આ તે શી વાત! ભારે કામ થઈ ગયું! બાપાશ્રી આવા મોટા છે તે વાત જાણ્યા વિના અત્યાર સુધી બધા દિવસ ખોટમાં કાઢ્યા પણ હવે એ વાતની સમજણ પડી ત્યારથી એમ થાય છે કે ખરેખરો સત્સંગ હાથ આવ્યો. હવે તો આવા સંતના પ્રતાપે કૃતાર્થ થઈ ગયા. ॥ ૭૩ ॥

## વાર્તા ૭૪.

એક હરિભક્તને સદ્. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી વખાણતા, ત્યારે તે ભક્ત એમ જાણતો જે ઓહોહો! સ્વામીશ્રીએ આપણને વખાણ્યા! પણ એમાં તો દેહાભિમાનને લીધે સારું લાગતું હતું. એ વાત તેને સ્વામીના જોગથી પછી સમજાણી. તેમ આપણને આવો જોગ ન મળ્યો હોત અને વહેલો દેહ પડી ગયો હોત તો એ વાતમાં કાચું રહી જાત ખરું! ભલું થયું તે આવો જોગ મળ્યો, નહિ તો આવુ સમજાત નહિ અને સુખ પણ ન મળત. અમારા ગુરુશ્રીએ એક વાર મને કહ્યું જે તમે સત્સંગમાં થોડા વહેલા આવ્યા હોત તો મોટા મોટા નંદોનાં દર્શન થાત. પછી મેં કહ્યું કે સ્વામી! મારે માટે તો શ્રીજીમહારાજે દયા કરી આપશ્રીને રાખ્યા છે, એટલે આપ મને મળ્યા છો; તેથી મારે તો આપની સેવા સમાગમ અને દર્શનમાં બધા નંદો આવી ગયા. આવું સાંભળીને એ બહુ રાજી થયા. ॥ ૭૪ ॥

## વાર્તા ૭૫.

આપણને મહારાજે મોટા મેળવ્યા તે બરોબર જોઈએ તેવા મોટા મેળવ્યા છે. જેવા છે તેવા ઓળખાય તો તુરત કામ કરી દે અને કોઈ વાતની તાણ રહેવા દે નહિ. કેટલાક કહે છે કે આ લૂગડું પ્રસાદીનું છે; આ ચરણારવિંદ પ્રસાદીનાં છે, પણ પ્રસાદી વિના શી વસ્તુ છે? મહારાજ અણુ અણુ પ્રત્યે છે તેથી સર્વત્ર પ્રસાદીમય જ છે; ક્યાંય ન હોય તેમ નહિ. એવો મહિમા જાણી મૂર્તિમાં નિમગ્ન થવાય તો બીજેથી વાસના તૂટી જાય અને સર્વ દિવ્ય ભાસે. ॥ ૭૫ ॥

## વાર્તા ૭૬.

ઝાડીમાં ભવડાં રહેતાં હોય તે માર્ગે જનારનું બધું ય લૂંટે. લૂગડાં જેવી વસ્તુ પણ રહેવા દે નહિ. તેમ કામ, ક્રોધ, લોભ, માન, મોહ, મત્સરાદિ ભવડાં છે તે આ જીવનાં દાન, પુણ્ય, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ આદિ માલ લૂંટી લે છે. તે ભવડાં કેવી રીતે જાય? તો મૂર્તિના પ્રતાપથી જાય. મૂર્તિ વિના એને કોઈ ખસેડે તેમ નથી. આ બધા અંતરશત્રુ ઉપર ઉપરથી હેત બતાવે પણ માંહી તો બધું ય બગાડે અને ખાઈ જાય તેવા છે. માટે બહુ જ સાવચેત રહી મૂર્તિનું મનન કરવું. આપણે મૂર્તિને બહુ જ જતન કરીને સાચવવી, તો બધું ય સચવાણું. પછી એમ બોલ્યા જે તિજોરીનું ગાડું સૂનું રાખ્યું હોય અને થોરિયાના ગાડા ઉપર બસેંહ બખ્તરિયા બેસાર્યા હોય તે કેવું લાગે? તેમ માયિક પદાર્થની રાત્રિ-દિવસ સંભાળ રાખે-જાળવ્યા કરે, અને મહારાજની મૂર્તિરૂપી તિજોરી સૂની મૂકે એટલે તેને તો સંભાળે પણ નહિ, તે એવું કહેવાય! માટે આપણે એમ ન કરવું, ખટકો બહુ રાખવો. ॥ ૭૬ ॥

## વાર્તા ૭૭.

એક સંતે સ્વામીશ્રીને ફૂલનો હાર પહેરાવ્યો. તે હાર હાથમાં લઈને સ્વામી એમ બોલ્યા જે આ હાર ઝાઝા કરવા હોય તો થાય કે નહિ? ત્યારે દેવરાજભાઈ બોલ્યા જે થાય. પછી સ્વામી કહે કેવી રીતે થાય? ત્યારે દેવરાજભાઈ કહે કે જેટલા મુક્ત મૂર્તિને પામ્યા છે તે સર્વે ભેગા જ હોય, તેથી મહારાજે હાર પહેર્યો એમ જાણીએ, એટલે મૂર્તિ ભેગા જેટલા મુક્ત છે તેટલાએ હાર પહેર્યા એમ જણાય; એમ અનંત હાર

થયા, કારણ કે અનંત મુક્ત મૂર્તિમાં રસબસ ભાવે સુખ લીધા જ કરે છે. પછી સ્વામી બોલ્યા કે બરોબર દૃષ્ટિ પુગી. એવી જ રીતે મહારાજને ચાંદલો કરીએ તે ભેળા અનેક મુક્તને પણ ચાંદલા થયા- એવી લટક હાથ આવે તો ભગવાન રાજી થાય, પણ સમજવામાં અટકે તો રાજી ન થાય. ॥ ૭૭ ॥

## વાર્તા ૭૮.

મોટા મુક્ત એમ કહે કે સર્વત્ર મહારાજ દેખાય છે, પણ તેમાં કોઈ ઠેકાણે જમ્યા અને કોઈ ઠેકાણે ભૂખ્યા હોય એમ જણાવે છે, તેનું કેમ સમજવું? પછી સ્વામી બોલ્યા જે એ તો મહારાજમાં હેત થવા માટે એવો ભક્તિમાર્ગ રાખ્યો છે અને ઉપરથી એવું રાખે છે, પણ જ્ઞાને કરીને તો એમ સમજવાનું કે મહારાજ તો સદાય એક જ સ્થિતિમાં દર્શન દે છે. માટે જેટલો મહિમા સમજાય તેટલું સુખ આવે.

પછી પુરાણી ધર્મકિશોરદાસજીએ પૂછ્યું જે શ્રી પુરુષોત્તમનારાયણને એકદેશી કેમ સમજવા અને સર્વદેશી કેમ સમજવા? ત્યારે સ્વામી બોલ્યા જે, શ્રીજીમહારાજ પોતાના અનાદિમુક્તોને મૂર્તિમાં રાખી કેવળ સુખ આપ્યા જ કરે છે એ એકદેશી સમજવા અને સત્સંગમાં જેને જેને જેવી રીતે સમાસ થાય તેમ વિચરે અને સુખ આપે તે સર્વદેશી સમજવા, આપણે તો છેવટની વાતો છે. આ પ્રતિલોમપણાની વાતો કરીએ છીએ તે પણ એ જ માટે. સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના ચરણમાં અડસઠ તીર્થ અને શ્રી પર્વતભાઈના ચરણમાં પણ અડસઠ તીર્થ; તે એના એ, બીજાં નહિ; તેમ મહારાજ એક અને મુક્ત અનેક, પણ આવી રીતે સમજે તે સુખિયા. ॥ ૭૮ ॥

## વાર્તા ૭૯.

શ્રી પુરુષોત્તમનારાયણ અને તેમના સંકલ્પ સ્વરૂપ એમાં ફેર કેમ સમજવો? કેમ કે શ્રી પુરુષોત્તમનારાયણ પણ એ કામ કરે અને સંકલ્પ સ્વરૂપ પણ એ કામ કરે. ત્યારે સ્વામી કહે કે ફેર એટલો કે સંકલ્પ સ્વરૂપ અનેક, અને સંકલ્પના કરનારા એક શ્રીજીમહારાજ; પણ વસ્તુ જુદી નહિ. પછી સોમાભક્તે પૂછ્યું જે, શ્રી પુરુષોત્તમ અને સંકલ્પ સ્વરૂપ તે બેના સમાગમ કરનારાને અધિક-ન્યૂન કહેવાય કે નહિ? અને સમાગમ કરનારાને ખબર પડે જે આ સંકલ્પ મૂર્તિ છે કે મૂળ મૂર્તિ છે? ત્યારે સ્વામી બોલ્યા જે એને સુખ સરખું છે. વસ્તુ એક જ છે પણ એ વાત તો જેને પુરુષોત્તમ ભગવાન સમજાવે તેને જ સમજાય અને જે મુક્ત મૂર્તિના સુખે સુખિયા થયા છે તેને તો મૂળ મહારાજ જ છે, પણ સંકલ્પ છે એવો ભાવ જ નથી.

પછી વળી સોમાભક્તે પૂછ્યું જે, આ મહારાજના સંકલ્પ છે એમ મહારાજ પોતે સમજાવે છે તેનું શું કારણ હશે? ત્યારે સ્વામી કહે એવા ઝાઝા સ્વરૂપે મહારાજ પોતાનો મહિમા સમજાવે તેણે કરીને સાધનદશાવાળાને સમાસ બહુ થાય. પછી ઐશ્વર્ય પ્રતાપ જોઈને આશ્ચર્ય પામે અને મૂર્તિમાં જોડાય ત્યારે એક જ રૂપ ભાસે છે; પછી તો એને એક પુરુષોત્તમ જ છે એમ વર્તે ત્યારે સિદ્ધદશાવાળા જાણવા.

## વાર્તા ૮૦.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે ખરો સાધુ તો હું છું, તે શું? તો જે સાધુ હતો તેનો ચૈતન્ય મહારાજે મૂર્તિમાં લીધો અને દેખાવ પોતાનો કર્યો, તેથી ખરા સાધું તો મહારાજ

પોતે જ થયા, કેમ કે મુક્ત તો કાંઈ કરતા જ નથી. એ તો મહારાજના સુખે સુખિયા છે. મહારાજની મૂર્તિમાંથી મુક્તને નવીન નવીન આનંદ આવે છે. તે તો જેમ ચંદન પુષ્પ અને કેવડા આદિમાંથી નવી નવી ખુશબો આવ્યા જ કરે છે, તેમ મહારાજની મૂર્તિમાં અનાદિમુક્તને નવીન નવીન સુખ આવતું જ જાય છે. એ મૂર્તિને સંભારીને વાતો કરીએ છીએ તેમાં પણ નવીન નવીન રસ ચાલ્યો આવે છે; એવી એ અલૌકિક મૂર્તિ છે. ॥ ૮૦ ॥

## વાર્તા ૮૧.

બ્રહ્માંડમાં યુગયુગ પ્રત્યે એક જ વાર શ્રી પુરુષોત્તમનો અવતાર થાય એમ કહ્યું છે, તે બ્રહ્માંડ અને યુગનું કેમ સમજવું? તો જેના આત્માને મહારાજે મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો, તેના દેહરૂપ બ્રહ્માંડને કાઢી નાખીને શ્રી પુરુષોત્તમ સ્વયં પ્રગટ થયા, એટલે એ બ્રહ્માંડને કાઢી નાખ્યું. પછી એ મુક્તને મતે એક પુરુષોત્તમ વિના બીજું કાંઈ રહેતું જ નથી. અને યુગ યુગ પ્રત્યે કહ્યું છે તે રાત્રિ-દિવસ તે યુગ કહેવાય, માટે જે સમયે તથા જે ઘડીએ સમજાયું તે યુગ થયા. આવી સમજણ થઈ તેને પુરુષોત્તમ છે, છે ને છે જ. પછી એને બીજી વાર પ્રગટ થવાનું બાકી ન રહ્યું. ॥ ૮૧ ॥

## વાર્તા ૮૨.

સ્વામીએ દેવરાજભાઈને પૂછ્યું જે દેહનો અંત ક્યારે કહેવાય? ત્યારે તે બોલ્યા જે ત્રણ દેહથી જુદો પડીને મૂર્તિમાં જોડાઈ ગયો એટલે દેહનો અંત આવ્યો. ત્યારે સ્વામી કહે પછી એ શું કરે? ત્યારે દેવરાજભાઈ બોલ્યા જે, મૂર્તિમાંથી સુખ

લીધા કરે. પછી સ્વામી કહે બરોબર ઉત્તર કર્યો, દેહનો અંત તો ત્યારે જ આવ્યો કહેવાય. તે વિના ગમે તેટલાં ખોળિયાં બદલે, પણ દેહનો અંત ન આવે. પછી બીજો પ્રશ્ન પૂછ્યો જે, અનુમાન વધારે કે અનુભવ? ત્યારે દેવરાજભાઈએ કહ્યું જે, અનુભવ વધારે; અનુમાન તો અટકળે કરીને જણાય તે પણ બરાબર નહિ, અને અનુભવમાં તો સાક્ષાત્કાર દેખાય. પછી કાંઈ બાકી ન રહે. ॥ ૮૨ ॥

## વાર્તા ૮૩.

મહારાજે મધ્યના ૧૩મા વચનામૃતમાં પોતાના ભગવાનપણાની વાત કરી પરમહંસના સમ ખાધા છે, તે સમ એટલે શું? તો લોકમાં કેટલાક પોતાના દીકરાના સમ ખાય છે અને કહે છે કે જો હું જૂઠું બોલતો હોઉં તો મારો દીકરો માર્યાનું પાપ. એમ મહારાજે પાંચસે પરમહંસના સમ ખાધા છે તે શા માટે? તો પોતાનું ભગવાનપણું સમજાવવા તથા અનાદિમુક્તનો મહિમા સમજાવવા. એવા મુક્ત સદાય મૂર્તિ ભેળા છે, છે ને છે જ. તેથી આવી વાત જીવને સમજાવવાનો મહારાજનો આગ્રહ છે. માટે આપણે પણ એવી રહસ્ય વાત સમજવાની તાણ રાખવી. એવામાં સભામાં દેવરાજભાઈ આવ્યા એટલે સ્વામી બોલ્યા, ‘કેમ દેવરાજભાઈ! તમે એકલા આવ્યા કે સભાએ સહિત આવ્યા?’ ત્યારે દેવરાજભાઈ કહે, ‘મહારાજ ભેળા અનંતકોટી મુક્ત છે, તેથી સાજી સભા ભેગી આવી.’ પછી બાપાશ્રીના પુત્ર કાનજીભાઈને સ્વામીએ પૂછ્યું જે, મુક્ત અને મહારાજ ભેળા છે તેમાં મહારાજ દેખાય છે કે મુક્ત? ત્યારે કાનજીભાઈ બોલ્યા જે, મહારાજ દેખાય છે. પછી સ્વામીએ કહ્યું જે, તમે ચાંદલો કરો છો તે

મહારાજને થાય છે કે મુક્તને? પછી કાનજીભાઈ બોલ્યા જે, મહારાજને, અને ભેગા મુક્તને પણ થાય છે. પછી સ્વામીએ રાજી થઈને કહ્યું જે, જેણે બાપાશ્રીને સેવ્યા હોય તેનામાં શાની ભૂલ હોય!

સત્સંગમાં કેટલાક કહે છે કે અમને સુખ નથી આવતું તેનું શું કારણ? તો એ સત્સંગ કરે છે પણ વૃત્તિ અધરપધર રાખે છે, માટે જ્યાં સુધી વૃત્તિ સ્થિર થાય નહિ ત્યાં સુધી સુખ આવે નહિ અને વૃત્તિ જ્યાં ત્યાં ફર્યા કરે; એ તો વાંદરાના સ્વભાવ જેવું છે માટે એવા સ્વભાવ ટાળવા સારુ પોતાને પુરુષપ્રયત્ન કરવો જોઈએ અને મોટા પુરુષને વિષે હેત તથા વિશ્વાસ પણ રાખવો જોઈએ. ॥ ૮૩ ॥

## વાર્તા ૮૪.

શહેરમાં માણસો વસ્તુઓ લેવા જાય છે તેમાં લેનાર હોય તે પૂછી જુએ તો આપનારા તેને ભાવ કરીને આપે. પણ જો લેનાર જુએ નહિ અને કોઈને પૂછે નહિ તો આપનારા એમ જાણે જે આ કાંઈ લેવા નીકળ્યા નથી. આ તો અમથા ફરે છે. એમ મહારાજ તો તૈયાર બેઠા છે અને કહે છે કે મૂર્તિ કોઈ લ્યો! કોઈ લ્યો! પણ લેનાર માગે, તો તેને આપે. જે ખરા ખપવાળા છે તો મૂર્તિ માટે રાત-દિવસ પ્રયત્ન કર્યા કરે છે. એવા ખપવાળાને મહારાજ તત્કાળ સુખિયા કરી મૂકે છે.

જેણે સાકર કોઈ દિવસ જોઈ નથી અને સાકરના જમનારાનો વિશ્વાસ નથી તેને સાકર લેવાનો ખપ શી રીતે થાય? ન જ થાય. કોઈ આપે તો પણ ન લેવાય. જે સાકરના જમનારા છે તે તો એના સુખને જેમ છે તેમ જાણે છે, તેમ મહારાજના સુખભોક્તા મુક્તને મહારાજ સુખ આપે છે.

એવી રીતે, મહારાજ અને મોટાનો વિશ્વાસ હોય તથા તેમની અનુવૃત્તિમાં જે રહેતા હોય તેને મહારાજ સુખ આપે છે; પણ જેને મહારાજ અને મોટાનો વિશ્વાસ નથી અને પોતે પણ સુખ દેખ્યું નથી, તેને તો કોઈ કાળે એ સુખ પ્રાપ્ત થવાનું નથી. અનંતકોટી બ્રહ્માંડમાં મહારાજને કોઈ ઢાંકી શકે તેવું નથી, કારણ કે પોતાનું તેજ જે અધો ઉર્ધ્વ પ્રમાણ રહિત છે તે પણ ઢાંકી શકતું નથી તો પછી બીજા અક્ષરાદિક તો શાના ઢાંકી શકે? ન જ ઢાંકી શકે. ॥ ૮૪ ॥

## વાર્તા ૮૫.

કોઈ જાણે મેં ઉત્તમ પ્રકારના થાળે કરીને તથા સારાં સારાં વસ્ત્રે કરીને મહારાજને સુખિયા કર્યા, પણ તે એમ જાણતો નથી કે મહારાજ તો પોતાના સુખે સુખિયા છે. જેમ કોઈ મોટો શેઠિયો હોય, તેને ઘેર માણસો થાપણ મૂકવા જાય છે; તો શું થાપણે કરીને એ શેઠિયો થયો છે? ના, ના. એ તો પ્રથમથી જ શેઠિયો છે. બીજાની થાપણ રાખી તે તો તેનો એને ભાર જાળવવાનો છે. તેમ મહારાજને તો આપણું બધું ય જાળવવાનું છે. ॥ ૮૫ ॥

## વાર્તા ૮૬.

મહારાજને જેવા છે તેવા સર્વોપરી અને સર્વેના કારણ જાણવા એ મોટામાં મોટી ઘાંટી છે. કેટલાક તો એમ મોઢેથી કહેતા જાય કે મહારાજ સૌના ધણી છે તથા બહુ જ મોટા છે, પણ કામકાજમાં પોતાપણું મૂકે નહિ. તેણે કેવી રીતે મહારાજને મોટા જાણ્યા કહેવાય? અને જેવા છે તેવા મોટા જાણ્યા હોય તો પોતાપણું રહે જ નહિ. કોઈ કહે છે કે

મહારાજ દેહમાં રહ્યા છે, કોઈ કહે છે કે અક્ષરમાં રહ્યા છે અને કોઈ તો વળી ભક્તમાં રહ્યા છે, એમ પણ કહે છે. એમ સૌ સૌની સમજણ પ્રમાણે બોલે છે પણ મહારાજ તો પોતાના તેજને પણ ઢાંકીને રહ્યા છે. એવા સર્વકારણ મહારાજને દેહાદિક શું ઢાંકી શકે? ન જ ઢાંકી શકે, કેમ કે મહારાજ તો સ્વતંત્ર છે, સર્વના નિયામક છે, સર્વના આધાર છે. જે દેહાદિકમાં રહ્યા છે એમ કહે છે તેને તો આ વાત જાણવામાં જ આવી નથી એમ સમજવું.

આ ટાણે સત્સંગમાં સત્સંગ ઓળખીને સુખિયા વર્તે એવા થોડા છે, પણ સગવડિયા અને મહોબતિયા ઘણા છે. તે કોઈ વખત મહારાજને મોટા કહે, કોઈ વખત રામકૃષ્ણાદિકને મોટા કહે, કોઈ વખત સરખા કહે, એમ બીજા પાસે પોતાની સારપ રાખ્યા કરે. એમ કરવાથી મહારાજનો રાજીપો થાય નહિ. માટે સર્વોપરી ઉપાસના સમજીને મહારાજને જ કર્તા જાણવા. એમાં બધું ય આવી ગયું. જો મહારાજ વિના બીજાને કર્તા જાણતો હોય તો બહુ જ મોટી ખોટ કહેવાય. કેમ કે કારિયાણીના ૧૦મા વચનામૃતમાં મહારાજે ભગવાન વિના બીજાને કર્તા જાણનારને પંચમહાપાપીથી વધુ પાપી કહ્યો છે તે વિચારવું. ॥ ૮૬ ॥

## વાર્તા ૮૭.

મહારાજ અણુ અણુમાં રહ્યા છે એ વાતની હા પડે, પણ કેમ હોય તો અણુ અણુમાં રહ્યા કહેવાય? એ વાતની જો ખબર ન હોય તો વાચ્યાર્થ કહેવાય. મહારાજ સ્વામી ને પોતે સેવક, મહારાજ સુખના દાતા ને પોતે ભોક્તા, એમ થાય તો લક્ષ્યાર્થ

કહેવાય. માટે ખટકો બહુ રાખવો ને કરવાનું કરી લેવું. આપણે વર્તમાન ધરાવ્યા ત્યારે તન, મન, ધન અર્પણ કરેલું છે તે પાછું કોઈ દિવસ આપણું માનવું નહિ. તે કેવી રીતે? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે તેથી સર્વ મહારાજનું જ છે, એમ મનાય ત્યારે અર્પણ કર્યું કહેવાય. તે વિના વર્ણાશ્રમ સંબંધી ઉપલા ધર્મ પાળે તેણે કરીને શું થાય? એ તો જેમ બ્રાહ્મણનો ધર્મ છે જે નહાવું, ધોવું ને પવિત્રપણે રહેવું; એ ધર્મે આ લોકમાં કીર્તિ થાય, પણ કલ્યાણ ન થાય. કલ્યાણ તો ભાગવત ધર્મે કરીને જ થાય. ॥ ૮૭ ॥

## વાર્તા ૮૮.

ઘરમાં પેઠા પછી જેમ બહારનું કાંઈ કરવાનું રહેતું નથી, તેમ મૂર્તિમાં રહ્યો તેને બહારનો વ્યવહાર કરવો પડે નહિ, કેમ કે તેની સર્વ ક્રિયા મહારાજ કરે છે. તેનો ખટકો મહારાજને છે. દેહધારીને તો પોતાપણું મટતું નથી તેથી તે એમ જાણે જે હું આમ કરી લઉં. એ તો અમથો ભાર ભરે છે પણ તેનાથી કાંઈએ થવાનું નહિ. એ કરતાં જો મહારાજનું કર્તાપણું મનાય તો પૂરું થાય. જેમ ઝાડને પાણીનો જોગ થાય એટલે પાધરા કોંટા ફૂટે છે, તે જ્યાં સુધી પોતાપણું માને છે ત્યાં સુધી જન્મમરણ ટળતું જ નથી અને હું આમ કરું છું, મેં આમ કર્યું, એમ રહે છે તે જ અજ્ઞાન છે પણ તેની જીવને ખબર પડતી નથી તેથી એમ કર્યા કરે છે. માટે સમાગમ કરીને એવી અણસમજણનો ત્યાગ કરી દેવો. ॥ ૮૮ ॥

## વાર્તા ૮૯.

ઢાંકે તે શરીરી અને ઢંકાય તે શરીર કહેવાય. તેમ

મહારાજ આગળ જીવ, ઈશ્વર, અક્ષરાદિ બધા ય પરતંત્ર છે અને મહારાજનાં અન્વય સ્વરૂપનાં શરીર છે અને મહારાજ તેમના શરીરી છે; આમ સમજાય તેને છેડો આવ્યો. મહારાજની મૂર્તિરૂપી ફળ હાથ આવ્યું એટલે પોતે મહારાજને લઈને દિવ્ય થયો અને મૂર્તિનો સુખભોક્તા થયો. વીજળીનો સંચો ચાલે છે પણ જ્યાં ઢાંકેલી બત્તી હોય ત્યાં અજવાળું થતું નથી અને જ્યાં ઉઘાડી બત્તી હોય ત્યાં પ્રકાશ થાય છે, તે ઉઘાડી અને ઢાંકેલી બત્તી કેમ? તો કહેનારનો વિશ્વાસ હોય તો ઉઘાડી બત્તી જેવું છે અને કહેનારનો વિશ્વાસ ન હોય તો ઢાંકેલી બત્તી જેવું છે. સભામાં વાતો થતી હોય ત્યારે વિશ્વાસવાળો જાણે કે આ આપણી વાત છે અને વિશ્વાસ વિનાનો હોય તે જાણે કે આ બીજાની વાત છે, પણ જેને નાસ્તિકપણું છે તેને તો મહારાજ ઓળખાતા જ નથી, તે નાસ્તિકપણું કાઢે એટલે સર્વે જાય. એ નાસ્તિકપણું શું? તો દેહભાવ છે એ જ નાસ્તિકપણું છે. કોઈ કહે કે એ કેમ જાય? તો જેમ સાધુએ સંસાર મૂક્યો તો ગયો, તેમ જન્મ બદલી નાખે તો જાય. તે જન્મ કેમ બદલાય? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું જ સર્વે ક્રિયામાં અખંડ અનુસંધાન રહે અને દેહ હાલેચાલે છે તે તો બીજાને દેખવા માત્ર છે પણ તેના કર્તા મહારાજ છે, એમ જ્યારે સમજાય ત્યારે જન્મ બદલાણો કહેવાય અને એમ જાણવું જે મહારાજ હોય ત્યાં દેહ ન હોય અને જ્યાં દેહ હોય ત્યાં મહારાજ ન હોય. એ તો જેમ રાત્રિ-દિવસ ભેગા રહેતા નથી તેમ. માટે દેહભાવ મૂકી દેવો, ને મહારાજ રાખવા. ॥ ૮૯ ॥

## વાર્તા ૯૦.

મોક્ષનું કામ તથા વ્યવહારનું કામ બધું શબ્દોથી જ થાય છે, તેથી શબ્દે શબ્દે આગળ ચાલ્યા જવું. તે શબ્દ ક્યાંથી નીકળે છે? શું કરે છે? કરવાનું કરીને પાછો ક્યાં જાય છે? એમ જો શબ્દ ભેગા ચાલે, તો ખબર પડે. માછલાં પાણીની ધારા સામે ચાલે છે તો જ્યાંથી એ ધારા નીકળે છે ત્યાં જઈ શકે છે અને ત્યાં ટકે છે તેમ આપણે પણ કહેનારાના શબ્દ ભેગા ચાલીએ તો તે શબ્દ જ્યાં વિરામ પામે છે ત્યાં જઈ શકાય. તેમ મૂર્તિમાંથી જે શબ્દ નીકળે છે તે શબ્દ તો મૂર્તિમાં જઈને જ વિરામ પામે છે. એ રીતે ત્યાં સહેજે પહોંચી જવાય અને મૂર્તિનું સુખ આવે. માટે શબ્દ ભેગા ચાલવાની લટક મોટા પાસેથી શીખી લેવી.

આપણે બાપાશ્રી જેવા મોટા મુક્તને દેખ્યા છે - ઓળખ્યા છે તો ખબર પડે છે, પણ જેણે જોયા ન હોય તે શું જાણે? આ વાતની ને આ સ્થિતિની મહારાજરૂપ હોય તેને જ પૂરી ખબર પડે. એવા મોટાનો પ્રત્યક્ષ જોગ મળ્યો છે તેને તો સદાય એવો મહામંત્ર જપવો જોઈએ કે મને મહારાજે મૂર્તિમાં રાખ્યો છે. હું બ્રહ્મરૂપ એવો મહારાજનો દાસ છું. હું મૂર્તિનો સુખભોક્તા છું એવું મનન કરતાં કરતાં ભગવાનનું દિવ્ય દર્શન થાય છે. પછી તે દર્શનના કરનારાને ભગવાનથી અણુમાત્ર છેટું રહેતું નથી. જે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવતા હોય, તે તો એમ જાણે જે અહીંથી બીજે બધે ય સુખ અને તેજ જાય છે. અને મૂર્તિમાંથી અખંડ સુખની ધારાઓ તથા તેજ છૂટ્યા કરે છે, તેથી મૂર્તિમાં રહેલા મુક્ત તો મૂર્તિના જાણપણે અને સુખભોક્તાપણે સુખિયા છે. તેને બીજું કાંઈ

ખોળવાનું કે પામવાનું નથી, કેમ કે એને તો સદાય મૂર્તિના સુખનો આનંદ છે. ॥ ૯૦ ॥

## વાર્તા ૯૧.

તેજના મંડળ મધ્યે મહારાજ બિરાજમાન છે. તે મૂર્તિમાંથી તેજ છૂટ્યા કરે છે. અને એ મૂર્તિ ભેળા જે અનાદિમુક્ત રહ્યા છે, તેનાં તેજ પણ ભેગાં ને ભેગાં વાંસે ચાલ્યાં જ જાય છે, પણ આગળ નહિ. એ મુક્તને એવું જોવાની કાંઈ જરૂર રહેતી નથી. તેને તો એટલું અનુસંધાન રહે છે જે મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે, પણ એ તેજ જોવા ન જાય. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં આ વાત સિદ્ધ કરવા મૂર્તિનું જ અનુસંધાન રાખવું, અને એમ જાણવું જે હું મહારાજની તેજોમય મૂર્તિમાં જ છું. એવું દૃઢ થયા પછી તેને પણ મહારાજ વિના બીજું કાંઈ જોવાનો ઠરાવ રહેતો નથી. ॥ ૯૧ ॥

## વાર્તા ૯૨.

મહારાજની મૂર્તિ છે તે સદાય સુખરૂપ છે, રસરૂપ છે, તેમાં જમનારા શું જમે? તો સુખ જમે. તે મહામુક્ત સળંગ મૂર્તિમાં ભેગા રહીને સુખ જમ્યા જ કરે છે, અને એ સળંગ મૂર્તિના સુખભોક્તા છે. જેમ દૂધમાં સાકર નાખી હોય તો સાકર હેઠે, અડખે પડખે એમ હોય નહિ, એ તો સર્વત્ર સાકર કહેવાય, તેમ મુક્ત સર્વત્ર સળંગ મૂર્તિમાં રહી સુખ લીધા જ કરે છે. એને સ્વામી-સેવકપણું કેમ હશે? એમ કેવળ બોલવાથી ખબર ન પડે, પણ એ મૂર્તિમાં જે ભેગા રહી રસબસભાવે સુખ લેતા હોય તેને એ વાતની પૂરી ખબર પડે,

બીજાને ન પડે. જેમ રાજાના ખજાનાની ખજીનો ફેરવતા હોય તેને ખબર પડે. બીજાને તો કહેવા માત્ર અપારપણું જણાય પણ ખજીનાની ખબર પડે નહિ. તેમ મહારાજની મૂર્તિમાં રસબસ રહીને જે સુખ લે છે તેને જ એ સુખની ખબર પડે છે જે, ઓહોહો! આટલું બધું સુખ મહારાજ મને ભોગવાવે છે! તો પણ બીજું નવીન નવીન સુખ તો આપ્યા જ કરે છે. આથી દાસપણું વધતું ને વધતું જ જાય. આ વાતની મહારાજથી છેટા હોય તેને શી ખબર પડે? તેને તો કહેવા માત્ર જ છે. ॥ ૯૨ ॥

## વાર્તા ૯૩.

જેમ શેરડીમાં રસ રહ્યો છે તેમ અનાદિમુક્તો મૂર્તિમાં રસબસ રહેલા છે અને મૂર્તિનું નવીન નવીન સુખ લીધા જ કરે છે, પણ તે સુખ મૂકીને બીજું કાંઈ કરતા જ નથી. મહારાજ મુમુક્ષુઓને આકર્ષણ કરીને મૂર્તિમાં ખેંચે છે. અને જે (મુક્ત) મૂર્તિમાં રહીને અખંડ સુખ લીધા કરે છે તેની અનાદિમુક્ત એવી સંજ્ઞા કહેવાય છે.

જેના રાજ્યમાં જેનું ચલણ હોય તે જ વપરાય પણ બીજાના રાજ્યનું કામ ન આવે. તેમ આપણે પુરુષોત્તમના જ રાજ્યના છીએ તો પુરુષોત્તમના જ શબ્દ વાપરવા. આ કામ શ્રીજીમહારાજ કે અનાદિમુક્ત મળે તો થાય, બીજા કોઈથી થાય નહિ. આત્માને મુક્ત કરી મૂર્તિમાં રાખવો એ કામ મહારાજ કરે. બાપાશ્રી કહેતા કે આ સમે ખંપાળી નાખી છે એટલે મહારાજે અનહદ કૃપા કરી છે તેથી જે જોગમાં આવશે તેને મૂકવો નથી. સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ

ભક્તચિંતામણિમાં 'એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ' કહ્યાં છે તે કેવી રીતે? તો જે આ વાત સમજે તે પોતે મૂર્તિમાં અને દેખાવ મહારાજનો. આવા જેટલા મૂર્તિના સંબંધને પામેલા તે સર્વે તેમાં હોય. તેથી એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ કહેવાય છે. ॥ ૯૩ ॥

## વાર્તા ૯૪.

કથા-વાર્તા ઝાઝી કરે, પણ આવી વાતનો મર્મ ન સમજે તો શું થાય? આપણે આવી વાતો કરીએ છીએ ને સાંભળીએ છીએ, તેણે કરીને શાંતિ કેવી થાય છે! પણ જો આવી વાત મૂકીને બીજામાં જોડાઈએ તો પાછા વળ્યા. જેમ ઘેરથી કોઈ પાછો વળે પછી તેને ક્યાં સુખ મળે? તેમ બીજે ક્યાંય મૂર્તિ વિના સુખ નથી. જ્યાં મહારાજની મૂર્તિ છે ત્યાં જ સુખ છે. સાત સમુદ્રની શાહી કરો ને પૃથ્વીમાં જેટલી વનસ્પતિ છે, તેની કલમો કરો અને લખવા માંડો. પછી તે શાહી ખૂટી જાય. કલમો ઘસાઈ જાય તો પણ મહારાજના મહિમાનો પાર ન આવે. ॥ ૯૪ ॥

## વાર્તા ૯૫.

મહારાજની મૂર્તિમાં રહે તેને પૂર્વ-પશ્ચિમ, આકાશ-પાતાળ આદિ કાંઈ નથી; અને વૈરાજરૂપ મૂર્તિમાં રહે તેને તો સર્વે છે, માટે આપણે મૂર્તિમાં રહેવું. મૂર્તિમાં રહ્યા તે મૂર્તિને સુખે સુખિયા ને મહારાજ પોતાને સુખે સુખિયા. મહારાજની મૂર્તિમાં રહ્યા પછી ખાવુંપીવું તે કોના માટે? તો એ સર્વે ક્રિયા મુમુક્ષુને મૂર્તિમાં જોડવા માટે છે. આવી વાતની મોટાના જોગ વિના ખબર પડે નહિ. ॥ ૯૫ ॥

## વાર્તા ૯૬.

આપણે મહારાજને તથા મોટા મુક્તને અર્પણ કરીએ તો તે આપણને પરભાવમાં મળે પણ દેહરૂપ રહેતા હોય તેને અર્પણ કરીએ તો ન મળે. મહારાજ વિના બીજાની સેવા ને સમાગમ કરે તો નિષ્ફળ થાય. આપણે કયા રસ્તે ચાલ્યા છીએ તે તપાસવું. આપણે પુરુષોત્તમનારાયણની ચુંદડી ઓઢી છે તે લજાવવી નહિ. હવે આપણને ભગવાન કોણ મેળવી આપે? તો જેના ભેળા મહારાજ હોય તે. મહારાજ જેને મુક્ત કરીને મૂર્તિમાં રાખે એને બોલનાર-ચાલનાર મહારાજ પોતે જ થયા. તેથી એને મહારાજનો સમાગમ થયો. એટલે મેળવી આપનાર પણ મહારાજ થયા. જેમ હીરે હીરો વેંધાય તેમ પણ બીજાથી આ કામ ન બને. ॥ ૯૬ ॥

## વાર્તા ૯૭.

મહારાજની મૂર્તિને જે પામ્યા હોય તે તો સત્સંગમાંથી ક્યારેય પાછા વળે જ નહિ. તે પાછા વળ્યા ક્યારે કહેવાય? તો મૂર્તિ વિના બીજામાં માલ રહી જાય તો પાછા વળ્યા કહેવાય અને જે પાછા વળે છે તે તો મૂર્તિને પામ્યા જ નથી. જ્યારે મૂર્તિમાં ટકાય ત્યારે સુખ આવે અને ત્યારે જ ઉપશમ થાય. પછી તેને મૂર્તિ વિના બીજું કાંઈ નજરમાં જ ન આવે અને વર્તમાન પણ ત્યારે જ પળે. તન, મન, ધન, અર્પણ કર્યા પછી પોતાનાં રાખવાં નહિ. જો દેહરૂપે વર્તાય અથવા ભગવાન વિના સંકલ્પ થાય કે ભગવાન વિના બીજી કોઈ જાતની વાસના રહે કે ઐશ્વર્યમાં રાગ રહે તે વર્તમાન પાળ્યાં કહેવાય નહિ. ॥ ૯૭ ॥

## વાર્તા ૯૮.

સત્સંગ કેને કહેવાય ને કુસંગ કેને કહેવાય? તો દેહનો સંગ છે ત્યાં સુધી કુસંગ ને મૂર્તિનો સંગ થાય એટલો સત્સંગ. જ્યારે દેહ નથી ને મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું મનાય એટલે મુક્ત થયો કહેવાય અને દેહરૂપ હોય ત્યાં સુધી તો ભક્ત કહેવાય. હવે આપણે કઈ સ્થિતિમાં છીએ તે જોવું. જેને પોતાની સ્થિતિની ખબર ન હોય તેને સત્સંગની શું ખબર પડે? માણસને હાથ, પગ, નાક, કાન છે તેથી કાંઈ માણસ કહેવાય છે ? ના ના, એ તો જ્ઞાને કરીને સત્ય-અસત્યનો વિવેક સમજે તો જ માણસ; નહિ તો પશુ જેવા જાણવા. ॥ ૯૮ ॥

## વાર્તા ૯૯.

સ્વામીએ વાત કરી જે, અમો કચ્છમાંથી આ તરફ આવતાં ગાંગુદડથી રણમાં ચાલ્યા ત્યારે સાથે ભોમિયો લીધો. તે 'ધ્રુવ' તારાની સુરતે સુરતે ચાલ્યો જાય. તેની વાંસે વાંસે અમો ચાલતા હતા તો કાંઠે અવાણું, પણ જો ભોમિયાનો વિશ્વાસ ન હોય તો શી રીતે રણ ઊતરાય? તેમ જ મૂર્તિના અખંડ સાક્ષાત્કારવાળા હોય તે જેનાં દર્શન સમાગમે સંકલ્પ વિકલ્પ ટળી શાંતિ શાંતિ થતી હોય એવા સત્પુરુષનો સંપૂર્ણ વિશ્વાસ હોય તો આ દેહરૂપ રણમાંથી મૂર્તિરૂપ કાંઠે લઈ જાય. માટે એવાનો વિશ્વાસ રાખીને યોગ કરવો તો પૂરું કરી દે. ॥ ૯૯ ॥

## વાર્તા ૧૦૦.

લોકો વર્તમાન ધરાવે પણ વર્તમાનની પૂરી ખબર જ

નહિ, કેમ કે દારૂ, માટી, ચોરી, અવેરી તે વર્તમાન તો પાળેલાં જ હોય. જો તે ન પાળે તો નાતમાં પણ ન બેસવા દે. આપણે તો તન, મન, ધન અર્પણ કર્યા પછી પાછું પોતાનું ન મનાય ત્યારે વર્તમાન ધાર્યાં કહેવાય. ॥ ૧૦૦ ॥

## વાર્તા ૧૦૧.

શ્રીજીમહારાજ તથા મોટા મુક્તના સંકલ્પથી આ સત્સંગ વધ્યો છે, પણ તે વિના માયામાંથી ઉખેડીને મહારાજમાં જોડવા એવું કામ બીજાથી ન બને. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીના સંકલ્પ સત્સંગ કરાવવા ફરતા તેથી સત્સંગ વૃદ્ધિ પામ્યો. તે સંકલ્પ સર્વેના સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવાં જ રૂપ, તેમ ગુણ સામર્થી પણ તેવી; તેથી તેમના જેવું જ કામ કરે. એ રીતે મહારાજના સંકલ્પ પણ એવું જ કામ કરે છે. ॥ ૧૦૧ ॥

## વાર્તા ૧૦૨.

અનંતકોટી બ્રહ્માંડોમાંથી જેટલા મહારાજને પામેલા મુક્તો તે સર્વે મહારાજ ભેળા છે. તે મૂર્તિ ભેળો આપણો ચૈતન્ય રહ્યો એટલે જેને પામવા હતા તે પમાયા. પણ ઘડીક મૂર્તિમાં રહે ને ઘડીક દેહરૂપ થાય એ તો જીવનમુક્ત કહેવાશે, પણ વિદેહી કે કૈવલ્ય નહિ કહેવાય. માટે મૂર્તિમાં રહે તેને મતે બીજું કાંઈ છે જ નહિ, મૂર્તિ જ છે. 'મેરે તો તુમ એક આધારા.' બીજી વસ્તુ છે તેવો તો સંકલ્પ પણ ન થાય, એ મુક્ત થયો કહેવાય. ॥ ૧૦૨ ॥

## વાર્તા ૧૦૩.

આપણે સત્સંગ કરીએ છીએ તેના ફળરૂપ મૂર્તિ મળી

છે. લોકો ખેતી કરે છે તેને મોલ સામી અને અનાજના ઢગલા સામી દૃષ્ટિ રહે છે, તેમ આપણે સાધન કરીએ પણ ફળ જે મહારાજની મૂર્તિ તે સામી દૃષ્ટિ રાખવી. જો તે ન રહી તો પછી તેને શું પ્રાપ્ત થાય? તેવાને તો પશુ તુલ્ય જાણવો, કારણ કે જેને પામવા છે તેને તો એ જાણતો નથી માટે ફળ સામી દૃષ્ટિ રાખવી, એ કરવાનું છે. ॥ ૧૦૩ ॥

## વાર્તા ૧૦૪.

મહારાજ જીવના કર્મને બાળે તો જ પાર આવે, પણ ભોગવાવે તો પાર ન આવે. જેમ ખેડુ સૂડ કાઢે છે, પછી તેને બાળે ત્યારે જ પાર આવે છે. આવું સમજે ત્યારે જ મહારાજનો મહિમા સમજાણો કહેવાય. જીવના ગુરુ તો પોતાને જ થાવું. આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે અને આ પળમાં ને આ ઘડીમાં મરી જાવું છે એવું જાણપણું રાખવું. તે મહારાજે કહ્યું છે કે અમારે સદાય અંત અવસ્થા જેવું વર્તે છે તેમ એ જાણપણું રાખવું. તેથી મહારાજની મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે ભેગું રહેવાય અને જોવું કે આને આની વાસના ટળી છે કે નથી ટળી. પછી ટળી હોય તેનો સમાગમ કરીએ તો આપણી ટળે. પણ જેને ભરપુર વાસના હોય તે બીજાની શું ટાળે? માટે તપાસીને યોગ કરવો. જેને વાસના ટળી ગઈ હોય તેને તો સત્સંગ બધો પ્રફુલ્લિત જણાય પણ જેને માંહી વાસના હોય તે તો બોલતા ચાલતા એમ કહે કે હવે સત્સંગમાં કાંઈ નથી. જેમ ઝાડ વધતું હોય તેનાં પાંદડાં લીલાં ને શોભિત હોય, ને જે ઘટતું હોય તેનાં પાંદડાં નીચાં લબડી રહે ને સુકાવા માંડે, એમ કેટલાક અનેકનાં કલ્યાણ કરે

એવા હોય ને કેટલાક તો પોતાનું પણ ન કરી શકે તેવા હોય તે જાણી રાખવું. અત્યારે તો સત્સંગમાં બહુ બળ છે તે વધે જ જાય છે ને હજારો મૂર્તિમાં જોડાતા જાય છે, તે બધો મહારાજનો પ્રતાપ છે. ॥ ૧૦૪ ॥

## વાર્તા ૧૦૫.

સત્સંગ કરવો તે કેવળ કલ્યાણને અર્થે કરવો પણ આ લોકના સુખ સારુ ન કરવો, અને દેહ તો પોતાનો માનવો જ નહિ. ગધેડો હોય તે 'હું છું, હું છું' બોલે પણ તેની કિંમત કાંઈ નહિ. એ બોલે ત્યાંથી જ ઓળખાય અને ઘોડું બોલે તે કેવું 'હોય, હોય,' તેથી તેનું મૂલ્ય વધારે હોય છે. માટે ભગવાનના ભક્તને બહુ જ વિચારવું. જેને પુત્ર નબળો પાક્યો હોય તે બાપ જાણે કે આ ક્યારે મરી જાય. એમ દીકરાને દેખીને બાપને દુઃખ થાય તેવા ન થાવું, દેખીને રાજી થાય તેવા થવું. તેમ મહારાજ આપણને જોઈને રાજી થાય તેમ કરવું. તે ક્યારે રાજી થાય? તો પુરુષોત્તમરૂપ થઈ મૂર્તિમાં જોડાઈને સુખભોક્તા થવાય તો રાજી થાય. મનુષ્ય દેહ તો મોક્ષના દરવાજારૂપ છે, પણ અજ્ઞાને કરીને પંચવિષયમાં રાગ રહે છે તેથી દુઃખ પામે છે. જેમ હોલી ને હોલો ઘરને વિષે આસક્ત થઈ રહ્યાં હતાં તો પારધીએ મારી નાખ્યાં, તેમ આપણે દેહરૂપ ઘરને વિષે આસક્ત ન થવું, પણ તેણે કરીને ભગવાન ભજી લેવા. આહાર, નિદ્રા, ભય ને મૈથુન તે તો પશુ, પંખી, મનુષ્ય સર્વમાં છે, તેણે કરીને માણસ ન કહેવાય, પણ દેહથી પોતાનું રૂપ નોખું માની બ્રહ્મરૂપ થઈને મહારાજની મૂર્તિમાં જોડાવારૂપ જ્ઞાન હોય ત્યારે જ માણસ કહેવાય. આવું જ્ઞાન ન

હોય તેને પશુ જાણવો. છ લાખ ને ચોરાશી હજાર નરકના કુંડ છે, તે કરતાં કુંભીપાક નામે નરક બહુ કઠણ છે, તેથી પણ ગર્ભવાસનું દુઃખ બહુ જ કઠણ છે. માટે મનુષ્યનો દેહ મળ્યા પછી ગર્ભવાસ રહે તેને આત્મહત્યારો કહ્યો છે. આ સમે જો ભગવાન ભજવાનું બાકી રહેશે તો પછી મનુષ્ય દેહ આવવો બહુ દુર્લભ છે. આ નાવરૂપ દેહને હાંકનાર સંત ખેવટિયા છે અને અનુકૂળ વાયરાને ઠેકાણે ભગવાન છે. તે ભગવાન અનુકૂળ કેવી રીતે? તો હાથ, પગ, નાક, કાન આદિ સર્વ ઇંદ્રિયો જીવને આપે છે, તો પણ જે ભગવાન ભજતો નથી તેને આત્મહત્યારો થયા પછી તેને મનુષ્યદેહ મળવો દુર્લભ છે. માટે અમથો કોઈને દેહ પડે તેણે કરીને કલ્યાણનો માર્ગ બંધ ન થાય પણ અયોગ્ય આચરણ થઈ જાય ને આત્મઘાત કરે તો કલ્યાણનો માર્ગ બંધ થાય. તે માટે શિક્ષાપત્રીમાં મહારાજે ના પાડી છે એ વિચારવું. આત્મઘાત ન કરવો. દસ મણ દૂધનો દૂધપાક કર્યો હોય ને તેમાં જો સર્પની લાળ પડી તો તે ન પીવાય ને પીવે તેના પ્રાણ જાય. કેમ કે તે દૂધ હતું પણ ઝેર થઈ ગયું. તેમ આ લોકભોગ કલ્યાણના માર્ગમાં વિરોધી છે તે જાણી રાખવું. બાજંદ રાજાની સવારી ચાલી જતી હતી ત્યાં માર્ગમાં મરેલ ઊંટ પડ્યો હતો. તેથી સવારી ઊભી રહી. રાજાએ પૂછ્યું, 'સવારી ક્યું ખડી રહી?' ત્યારે કહે, 'ઊંટ મર ગયા.' પછી તે મરેલા ઊંટને જોઈને રાજાએ પૂછ્યું, 'સબ નાક-કાન તો હૈ, ઇસમેં ક્યા મર ગયા?' તો કહે, 'પવન ચલે ગયા.' રાજા કહે, 'અપને બી એસા?' ત્યારે કહે, 'હા.' પછી રાજા કહે, 'એસા કબ ન હોવે?' તો કહે, 'તપ કરે તો ન હોવે.' આથી રાજાએ ફકીરી લીધી અને રાજપાટનો ત્યાગ

કર્યો. તે આપણે તપાસવું. આ તો સ્વપ્ન જેવું છે. એક ગરીબ હતો. તેને સ્વપ્ન આવ્યું કે હું રાજા થયો છું, પણ સ્વપ્નમાં રાજ્ય ક્યાં સુધી રહે? તેમ આપણે આ મોટું સ્વપ્ન આવ્યું છે. માટે આવું જ્ઞાન જેને હોય તે માણસ; અને આવું જ્ઞાન જેને ન હોય તે પશુ તુલ્ય જાણવો. ॥ ૧૦૫ ॥

## વાર્તા ૧૦૬.

મહારાજ પોતાના સુખે સુખિયા છે ને મુક્ત મહારાજના સુખે સુખિયા છે અને દેહ તો આ લોકની ચણ ખાવાથી સુખી છે, માટે આપણે તો આહાર જોઈને કરવો તો બળિયા થઈએ. આ સંસારરૂપ કડૈયું છે તેમાં માયારૂપી દેહનું વગળ કાઢવું છે તો તે કાઢીને મૂર્તિમાં જોડાવું. જે ઢેડવાડે રહેતા હોય તેને તો ગંધ ન નડે પણ બીજાથી એ ગંધમાં ન રહેવાય. તેમ આપણે દેહરૂપ ગંધમાં પડી ન રહેવું. જેને મહારાજનું સુખ મળ્યું હોય તેનાથી તો એ ગંધમાં રહેવાય જ નહિ. ॥ ૧૦૬ ॥

## વાર્તા ૧૦૭.

જ્યાં ભગવાન હોય ત્યાં સુખશાંતિ હોય. ચોમાસામાં બધે ય લીલું થઈ રહે છે, જેઠ માસમાં એવું ન હોય, તેમ મહારાજ પાસે બધું ય છે. મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી એમ જણાય કે દેહ છે જ નહિ. એક મહારાજ જ છે અને ક્રિયા તો એમની મરજી હોય તો તેમ થાય. એમને જેમ ચલાવવું હોય તે ચલાવે પણ તેનું એને કાંઈ નહિ. તેમ આપણે પણ મૂર્તિમાં જ રહેવું. કેમ કે આ લોકને પાર નહિ આવે. માટે બીજું બધું પડ્યું મૂકીને આ કામ કરી લેવું. ॥ ૧૦૭ ॥

## વાર્તા ૧૦૮.

જેને સત્સંગ થયો છે તેને પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં છે. તે જ્યારથી વર્તમાન ધરાવ્યાં ત્યારથી એ સ્વામિનારાયણનો થયો. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાન કાંઈ હોય તેવો રહેવા દે? ના રહેવા દે. તે તો પોતા જેવો કરી નાખે, તેમને કાંઈ એવું નથી જે આમ દિવ્ય ન કરી શકે. તે તો ધારે તેમ કરે. જેમ ભમરી ઇયળને ઝાલીને ચટકો ભરીને ગુંજારવ કરે છે એટલે ઇયળનું એકે ય અંગ રહેતું નથી, ભમરી જેવી જ ભમરી થઈ જાય છે તેમ એ પણ દિવ્ય થઈ જાય. ॥ ૧૦૮ ॥

## વાર્તા ૧૦૯.

મહારાજ ને મુક્ત બે છે એમ કોણ સમજે? તો એવો થયો હોય તે સમજે. અને વાતના કરનારા કોણ? તો મહારાજ પોતે મુક્ત તો મૂર્તિના સુખમાં લુબ્ધ રહે, એટલે મુમુક્ષુને આ સ્થિતિના ભેદ મહારાજ સમજાવે છે. જેને આવી સમજણ હોય તે સંત. કાંઈ ભગવે લૂગડે સંત ન કહેવાય. મહારાજે કહ્યું છે જે સંત આમ સમજતા હોય તેનાથી ભગવાન અણુમાત્ર છેટે નથી ને તેનું દર્શન ભગવાનનાં દર્શન જેવું થયું. વળી એમ પણ કહ્યું છે કે ખરો સાધુ તો હું છું તે કેમ? તો મુક્ત મૂર્તિમાં રહ્યા તે તો સુખમાં જ લુબ્ધ રહે ને દેખાવ મહારાજનો, તેથી ખરા સંત તો મહારાજ જ થયા. ॥ ૧૦૯ ॥

## વાર્તા ૧૧૦.

આપણે સમાગમ કરવો તે બરાબર તપાસીને કરવો ને મહારાજરૂપ હોય તેની સાથે હેત બાંધવું ને ભેગા રહીને જોવું. પછી તેનો વિશ્વાસ કરવો તો એવી સ્થિતિ થાય. પછી પાટડીવાળા નાગજીભાઈ બેઠા હતા તેમને કહ્યું જે, 'કેમ નાગજીભાઈ, આ વાત બરાબર છે?' ત્યારે તે કહે, 'હા, એમ જ છે.' ॥ ૧૧૦ ॥

## વાર્તા ૧૧૧.

આપણે જીવમાં હા પડે કે મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે. ને મહારાજમાંથી તેજ ફરરર ફરરર છૂટે છે. તે મૂર્તિમાં રહ્યે રહ્યે દેખે ત્યારે આ ભાવ છૂટી જાય, વાર ન લાગે. જેમ સૂર્ય ઊગ્યો એટલે રાત્રિ જતી રહે પણ જ્યાં સુધી સૂર્ય ન ઊગ્યો હોય ત્યાં સુધી રહે. માટે આવું થાય એટલે મૂર્તિને સુખે સુખિયા થઈ ગયા એમ જાણવું. ॥ ૧૧૧ ॥

## વાર્તા ૧૧૨.

સ્વામી કહે પાટડીવાળા લવજીભાઈ મારી પાસે વર્તમાન ધરાવવા આવ્યા. પછી મેં પૂછ્યું કે વર્તમાન ધરાવીને શું કરશો? તો કહે જીવનું કલ્યાણ કરશું. પછી કહ્યું કે તમો અમદાવાદમાં મહારાજની મૂર્તિ છે તેને દેખો છો? ત્યારે કહે હા. પછી મેં કહ્યું કે તે મૂર્તિ તો વડોદરે કારીગર પાસે કરાવી છે તેમ તમારે કોઈ પાસે કરાવવી છે? તો કહે તમે દયા કરીને કરજો. ત્યારે મેં કહ્યું કે લ્યો! એમ ધારો કે એ મૂર્તિ અમદાવાદથી ચાલીને ગાડીમાં બેસીને વિરમગામ થઈને

અહીં આવી, પછી મંદિરમાં આવી, હવે તમારા હૃદયમાં જુઓ. ત્યારે થોડી વાર ધ્યાન ધરીને કહે હા, હવે બરાબર દેખાય છે ને બીજે રૂપે મહારાજ ત્યાં પણ રહ્યા છે. પછી મેં પૂછ્યું કે આંખે દેખો છો? તો કહે હા. પછી કહ્યું માંહી જુઓ. ત્યારે વળી થોડી વાર ધ્યાન કરીને બોલ્યા જે માંહી પણ દેખાય છે ને દેહ તો મંદિર જેવડો થઈ ગયો અને હું હવે મહારાજની સમીપે જ છું. પછી કહે મને તમોએ મૂર્તિ કરી દીધી. એમ કહીને બહારવૃત્તિથી દેખાતા દેખાતા દિવ્ય દૃષ્ટિ થઈ ગઈ. આમ વર્તમાન ધરાવતાં તુરત કામ થઈ ગયું. ॥ ૧૧૨ ॥

## વાર્તા ૧૧૩.

આપણે મૂર્તિમાં જોડાણા એટલે મહારાજ જ છે. પછી કોઈ વિક્ષેપને લઈ મૂર્તિ ભૂલાય તો શું મૂર્તિ જતી રહે? ન જતી રહે. મંદિરમાં ઠાકોરજી પધરાવ્યા પછી ઠાકોરજી શું જતા રહે? ન જતા રહે. તે તો એક જ વાર પધરાવાય. પણ ઘડી ઘડી સ્થાપન ઉત્થાપન ન થાય. જેમ આપણે ઊંઘી ગયા એટલે શું માણસ મટી ગયા? ન મટી ગયા. તેમ ભૂલ પડે તો પછી જાણીને સંભાળી લેવું. આવી સિદ્ધતા થઈ એટલે પૂરું. પછી કાંઈ બાકી નહિ. ॥ ૧૧૩ ॥

## વાર્તા ૧૧૪.

શ્રી રામાનંદ સ્વામી ધામમાં ગયા કેડે મુક્તાનંદ સ્વામી કચ્છમાં ગયા હતા. પછી મહારાજે માંગરોળમાં સમાધિઓ કરાવવા માંડી એટલે તે વિગતના કાગળો સંતોએ મુક્તાનંદ સ્વામી ઉપર મોકલવા માંડ્યા કે અહીં તો બગાડી નાખ્યું છે.

એવા કાગળથી સ્વામીએ કાગળ લખીને કહાવી મોકલ્યું કે સમાધિ તો સોહ્યલી નથી! પછી મહારાજે તો અહીં સમાધિઓનું પ્રકરણ ચલાવ્યું હતું. તે જ્યારે પોતે આવીને પ્રત્યક્ષ દેખ્યું ત્યારે કહે મહારાજ! હું ભૂલ્યો. આ વાતથી આપણે એમ ન જાણવું કે મુક્તાનંદ સ્વામીને ખબર નહોતી. તે તો મહારાજ સાથે જ આવેલા હતા. પણ આ તો આપણને સમજાવવા માટે એવું જણાવ્યું છે. ॥ ૧૧૪ ॥

## વાર્તા ૧૧૫.

મહારાજના મહિમાની સમજણ પાડવી તે તો મહારાજનું જ કામ, બીજાનું નહિ. ભગવાનના ઘરની વાત ભગવાન જ જાણે. જે ત્યાં પહોંચે તે તો અહિ આવે નહિ. પછી તે દ્વારે મહારાજ બોલે. એ ત્યાં પહોંચ્યો એટલે શું ઊંચો ગયો? ના, ના. મહારાજને તો ઊંચું-નીચું કાંઈ છે જ નહિ. એ તો આપણી દૃષ્ટિમાં જ છે. માટે અજ્ઞાન ટાળીને મહારાજને ઓળખ્યા એટલે ત્યાં પહોંચ્યો જાણવો, પછી મહારાજ કર્તા થયા. ॥ ૧૧૫ ॥

## વાર્તા ૧૧૬.

જ્યાં સુધી દેહરૂપ હોય ત્યાં સુધી તેને મહારાજ ન દેખાય, પણ બીજા મુક્તો દેખાય, તે દેખીને મુમુક્ષુને એમ જાણવું કે મહારાજ ન દેખાણા માટે આપણે હજી દેહરૂપ છીએ. પછી મોટા મુક્તના જોગે દેહરૂપ મટીને મહારાજરૂપ થાવું. પછી એક મહારાજ જ દેખાય અને બીજા મુક્તો મહારાજ ભેગા દેખાય ત્યારે જાણવું જે હવે દેહરૂપ મટી જવાણું. દેહરૂપ મટ્યો એટલે તો બધું યે ગયું. સર્પ કોઈને

રાખવો નથી પણ સોડ્યમાં પેસી ગયો છે તેને સાચવીને કાઢવો. તેમ દેહભાવ કોઈને રાખવો નથી પણ રહી ગયો છે, તેને મોટાનો જોગ કરીને કાઢી નાખવો. દેહભાવ ગયો તો પછી કાંઈ ન રહ્યું માટે મોટા સંતનો વિશ્વાસ રાખવો ને જાણવું જે મોટાએ કહ્યું એટલે દેહ છે જ નહિ, એમ નક્કી માનવું. ઢેડને અડ્યા અથવા સ્મશાને ગયા તેથી અભડાણા, પણ નહાયા એટલે આભડછેટ ગઈ. તે પાણીનો વિશ્વાસ છે તેમ વિશ્વાસ રાખવો. માયામાંથી નોખા ક્યારે પડે? તો એવા મોટા મુક્ત મળે તે મહારાજને ઓળખાવે એટલે એ તરત નોખો પડે. તે **'सहजानंदगुरुम् भजे सदा'** તેથી **'गुरु'** તો મહારાજ જ કહેવાય અને માયામાંથી પણ મહારાજ નોખા પાડે. ॥ ૧૧૬ ॥

## વાર્તા ૧૧૭.

લોયાનું ૭મું વચનામૃત વંચાતું હતું તેમાં શાસ્ત્રે જાણે તે નેત્રે દેખે તે વાત આવી. ત્યારે સ્વામી બોલ્યા કે દેહભાવ જાય તો પૂરું ને જ્યાં સુધી દેહભાવ હોય ત્યાં સુધી અધૂરું. તે સમજણે કરીને જાય અથવા લાજે કરીને પણ જાય. આપણે કોઈ વાતનો અરેરાટ તો કરવો જ નહિ. જુઓને! વ્યવહાર તો થયા જ કરે છે. નદીનાં પાણી કોણ ઠેલે છે? એ તો એના સ્વભાવ છે તે ચાલ્યા જ કરે, તેમ વ્યવહાર થયા જ કરે. માટે આપણે તો મહારાજની મૂર્તિમાં જોડાઈ રહેવું. મંદિરમાં બેઠા પછી મંદિર રોજ કરવું ને પાડવું ને ફેરવાફેરવ કરવું એમ હોય? ના જ હોય. એ તો માંહી બેસીને મહારાજનું સુખ લીધા જ કરવું પણ બીજું ઉત્થાન તથા ક્રિયા કરવી એ રહ્યું જ નહિ,

ને એમ જાણવું જે હું અખંડ મૂર્તિમાં જ છું તો સુખ પમાય. જેમ લોકો જવખાર કાઢે છે તેને અપાર દાખડો પડે અને ગાંધીને ત્યાં લેવા જાય તો તરત મળે તેમ કૃપાએ તરત  કામ થાય. ક્રિયાએ તો ઘણો દાખડો પડે માટે જ્ઞાનીને મહારાજ સદાય છે જ. ક્યાંય ગયા આવ્યા નથી. જેમ અમારે તો ત્યાગી થયા એટલે ગામ છે જ નહિ. અમારે તો મંદિર છે, તેમ જ્ઞાનીને તો એક મહારાજ જ છે. તેથી પોતે સુખનો ભોક્તા છે, એમ મનાઈ જાય એટલે થયું. ॥ ૧૧૭ ॥

## વાર્તા ૧૧૮.

આપણને મહારાજ મળ્યા ત્યારથી દિવ્ય થયા છીએ, કેમ કે દિવ્યનો સંગ થયો એટલે દિવ્ય થયા. આપણે કોનો સમાગમ છે અને કોના શિષ્ય છીએ તે તપાસવું. કોઈ રાજાના કારભારીનો દીકરો હતો, તેને ગામનું કારભારું આવ્યું, ત્યાર પછી બીજે દિવસે પોતાના સરખા બધા રમવા જતા હતા ત્યારે તે પણ ભેગો ચાલ્યો. પછી પાણીનો ધોરિયો આવ્યો એટલે બીજા છોકરા તે કૂદીને ચાલ્યા પણ આ છોકરો તો ધીમે રહીને માંહી પગ દઈને ચાલ્યો! ત્યારે બીજાએ કહ્યું કે રોજ કૂદતો હતો ને આજે કેમ માંહી પડીને ચાલ્યો? ત્યારે કહે કારભારું આવ્યું તે હવે કેમ કુદાય? તેમ આપણે કોના છીએ ને કેવા થયા છીએ તે વિચાર કરવો તો તુરત ભાવ બદલાય. ॥ ૧૧૮ ॥

## વાર્તા ૧૧૯.

વચનામૃતમાં તો સર્વે વાત મહારાજે કહિ છે, કાંઈ બાકી રાખ્યું નથી. પછી સંતે કહ્યું કે, કહ્યું તો છે પણ ક્યાં

સમજાય છે? ત્યારે સ્વામી બોલ્યા જે, નાનાં છોકરાં હોય તે ન જમે, પણ આટલા વરા થાય છે તે કોણ જમતું હશે? એ તો સર્વે જમે છે ને કોઈક નહિ જમતું હોય તો પણ બીજા જમનારા ઘણા છે તેમ આ વાતો સમજનારા ઘણા છે ને કોઈ રહી જશે તો પછી સમજશે. પણ એમ ન જાણવું જે કોઈ નથી સમજતા. સૌ સમજે છે, માટે સર્વને દિવ્ય સમજવા.

પછી સાધુ ચૈતન્યદાસજીને પૂછ્યું જે, મહારાજના સ્વરૂપનો યોગ કોને હશે? ત્યારે સ્વામી બોલ્યા જે, મુક્તને અને પંચ વર્તમાને યુક્ત એવા ભક્તને યોગ છે, બીજાને તો અન્વય સ્વરૂપનો યોગ છે. **यद् गत्वा न निवर्तन्ते** એ શ્લોક બોલીને કહ્યું કે ત્યાં જઈને કોઈ પાછો ન આવે. તેમ મહારાજને પામ્યો તે પાછો ન જ આવે. મહારાજ અને મુક્તને ભેળા રહેવાની અલૌકિક રીત છે અને એવી જ કળ ચડાવી છે. તે કોઈને અડચણ ન પડે તેમ કાંઈ દાખડો પણ નહિ. આ રેલગાડીવાળા શું કરે છે? કોઈ દાખડો કરતા નથી. એ તો કળ ચડાવીને ઊભા રહે છે. તેમ મહારાજે આ કળ ચડાવી છે. તે ફરીને કાંઈ દાખડો જ નહિ. અને એક વકીલ એવો કરવો તે આપણને માયારૂપી કેસ જીતાડે. તે વકીલ ખરો હોય તેને કરવો. તે કેવો તો મહારાજરૂપ ને મૂર્તિમાં અખંડ રસબસ હોય તેવો કરવો. તો આપણને પોતા જેવા કરી મૂકે. ॥ ૧૧૯ ॥

## વાર્તા ૧૨૦.

આ સંસારમાં કેટલાંક અણઇચ્છ્યાં દુઃખ આવી પડે છે, માટે અહિ ક્યાંય સુખ નથી. ‘સુરલોક, નરલોક, નાગલોક, એ

તીનમેં સુખ નાહિ; કાં સુખ હરિ કે ચરનમેં, કાં સંતન કે માંહી.' માટે ક્યાંય સુખ નથી. સુરલોકમાં અમૃતપાન કરવાનું પણ શાંતિ નહિ અને બીજાને મારવું તે મરે જ નહિ. એ રીતે મોટા મોટાથી ભગવાન ભજાય તેમ નથી. 'બ્રહ્માથી કીટ લગી જોયું, જૂઠું સુખ જાણીને વગોવ્યું.' માટે મૂર્તિમાં જોડાણા તેની મોટપ ગણો તો પારાવાર છે. બીજાની મોટપ તો કાંઈ કામની નથી. જેમ રાજરજવાડાં કરતાં દેવલોકનું સુખ અધિક તેથી બ્રહ્માનું, તેથી પ્રકૃતિપુરુષનું, તેથી બ્રહ્મનું અને અક્ષરનું અધિક, તેથી પર મુક્તો છે, તે અખંડ મૂર્તિના સુખમાં રહ્યા છે માટે તેનાથી કોઈ મોટા નહિ. આવું વિચારીને જે એવા મોટા હોય તેની સાથે હેત કરીને આ સંસારથી વિરક્ત થાવું. ॥ ૧૨૦ ॥

## વાર્તા ૧૨૧.

માંહીલા મંદવાડવાળા મૂર્તિના સુખને લઈ શકે નહિ, કેમ કે તેને પોતાના ડહાપણનો ડોડ હોય, તેથી મોટા સત્પુરુષના વચનનો વિશ્વાસ આવે નહિ તે મંદવાડ જાણવો. તે મંદવાડ જ્યારે મટે ત્યારે આ દિવ્ય સુખ પમાય. આ લોકની વિદ્યાનો પાર નથી તો મહારાજના મહિમાનો પાર તો ક્યાંથી જ હોય? અને પોતાની બુદ્ધિએ સમજવા જાય તેને તો મહારાજનો મહિમા સંપૂર્ણ સમજાય જ નહિ, કારણ કે ભગવાન તો સદાય નવું ને નવું સુખ આપ્યા જ કરે છે તેનો શી રીતે પાર આવે? ન જ આવે. વળી મહિમા પણ અધિક છે. જુઓને! મહારાજ આ સર્વેને ઘણાં સ્વરૂપ દેખાડે છે તે મહિમા જાણવો. તે શું કરવા, તો બીજાને સુખિયા કરવા માટે છે. તેથી બીજાને એ સ્વરૂપે કરીને મહારાજનું સુખ આવે છે.

તે સ્વરૂપ ક્યાં? તો મહારાજે જેને મૂર્તિમાં રાખ્યો હોય ને દેખાવ પોતાનો કર્યો હોય તે સ્વરૂપ મહારાજનું થયું. બ્રહ્માએ કહ્યું કે ભગવાનનો મહિમા તો જે જાણતા હોય તે જાણે, પણ મારા જેવો શી રીતે જાણે? એવી રીતે મોટા બ્રહ્માદિ દેવ પણ ભગવાનના મહિમાનો પાર પામતા નથી તો બીજા કોણ પામી શકે? ન જ પામે. માટે સુખ તથા મહિમા અપાર છે તે સત્પુરુષના યોગે કરીને જણાય. ॥ ૧૨૧ ॥

## વાર્તા ૧૨૨.

સવારની કથામાં સાધુ ચૈતન્યદાસજી વચનામૃત વાંચતા હતા ત્યારે નાર ગામના સુતાર પરસોત્તમભાઈ દર્શને આવ્યા. તેમણે વાત કરી જે, બાપાશ્રીના જોગે મહારાજ ઓળખાયા, માટે મુક્ત મળે તો જ મહારાજ ઓળખાવે. પછી સ્વામી બોલ્યા કે મહારાજ કે મુક્ત મળે તો જ મહારાજનો નિશ્ચય થાય, પણ સમજનાર પોતે દેહરૂપ હોય ત્યાં સુધી મુક્ત નિશ્ચય કરાવે છે એમ બોલે ને સમજદાર પોતે એમ જાણે કે હું મૂર્તિમાં રહ્યો છું એટલે એ મુક્ત ન દેખે, પછી તો મહારાજ દેખે. આમ મહારાજના જોગે મહારાજ ઓળખાણા એમ જાણવું; એમ દિવ્ય ભાવ રાખવો. પરસોત્તમભાઈએ પીજના હરિભક્તની વાત કરી કે તે ઘણા તપસ્વી ને ધર્મ-નિયમે યુક્ત હતા ને ધ્યાન બહુ કરતા. તે મહારાજનું ધ્યાન કરે ત્યારે બાપાશ્રી સાથે દેખાય ને બાપાશ્રીના ગામમાં કોઈક હરિભક્ત બાપાશ્રીને તેડવા જાય તે સર્વે ત્યાં રહ્યા દેખીને વાત કરે. તેને એક સમયે બાપાશ્રીએ સ્વપ્નમાં આવીને ચરણાર્વિંદ તથા માળા-કંઠી એ આદિ આપ્યાં ને પાછાં લઈ લીધાં. આવું જોઈ

તેણે બાપાશ્રીને કચ્છમાં કાગળ લખ્યો કે આમ કેમ કર્યું? આપીને લઈ લીધું? બાપાશ્રીનો તેમને પ્રત્યક્ષ મેળાપ થયેલ નહિ તો પણ આવું થયું, એમ છતાં પ્રત્યક્ષ દર્શન કરીને સમાગમ ન કરી શક્યા તેથી ધ્યાનમાં જે સુખ આવતું હતું તે જતું રહ્યું. ત્યારે સ્વામી બોલ્યા કે એવું સુખ આવતું હતું તો પણ મહિમા જાણી જોગ ન કરી શક્યા એ કેવું કહેવાય? માટે મહારાજના મુક્તને ઓળખી રાજી કરવા જોઈએ અને જે એવા મોટાને સેવા સમાગમે રાજી કરે છે તેને તો પૂર્વના ભારે બીજબળવાળા જાણવા. ॥ ૧૨૨ ॥

## વાર્તા ૧૨૩.

માયામાંથી તથા ઐશ્વર્યમાંથી રાગ ટાળીને એક મૂર્તિમાં જ જોડાય તેને મહારાજમાં જ સારપ મનાણી. તે સર્વથી મુકાઈ ગયો. પછી પુરુષોત્તમરૂપ થયો એટલે પૂરું થયું. જેમ સાધુ થાય તેને ગૃહસ્થાશ્રમમાંથી નોખા પડ્યા પછી એમ સમજાય કે આપણને મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એટલે મહારાજને પોતાનું સ્વરૂપ મનાણું ત્યારે વર્ણાશ્રમમાંથી નોખા પડ્યા. એટલે પ્રથમ સત્સંગી થયો તે ફેરવ્યા પછી સાધુનો ઠરાવ થયો. પછી પોતે પુરુષોત્તમરૂપ મુક્ત થયો એટલે તેને દેખાવ મહારાજનો રહ્યો. બીજાને તો એમ ને એમ દેખાય, પણ મૂર્તિમાં રહેનારો શું દેખે? એ તો એક મહારાજ જ દેખે. એમ ઠરાવ ફેરવી નાખવા એટલે સત્સંગ પૂરો થયો જાણવો. ॥ ૧૨૩ ॥

## વાર્તા ૧૨૪.

વામનજીએ પૃથ્વી ભરી લીધી તે કોણે દેખી? તો

બળિરાજા વિના બીજા કોઈએ દેખી નહિ. પણ સૌએ હા પાડી. કોઈએ પુરાવો ન માગ્યો. તેમ મહારાજને મૂર્તિમાં રહેતા હોય એ જ દેખે. અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યું તથા માતા યશોદાને દેખાડ્યું, એ આદિ ઘણાને દેખાડ્યું પણ એ દેખનારા જ દેખે, બીજાને ન દેખાય. પરોક્ષ શાસ્ત્રમાં આ બધું લખાણું તેથી સૌને હા પડે અને પ્રત્યક્ષને તો ઘણાય માનતા હોય, મહિમા કહેતા હોય પણ મનુષ્યભાવ દેખાય તેથી હા ન પડે. એ વખતે દિવ્યભાવ આવવો એ તો પર્વત જેવી ઘાંટી છે માટે એવા મનુષ્ય જેવા દેખાતા હોય ને મોટા સમજાય તો પૂરું થયું જાણવું. ॥ ૧૨૪ ॥

## વાર્તા ૧૨૫.

મહારાજે મંદિરોમાં મૂર્તિઓ પધરાવી છે તે મહારાજ પોતે જ છે, તે કેવી રીતે? તો પ્રથમ મહારાજે એવો સંકલ્પ કર્યો જે, જ્ઞાની અજ્ઞાની અમને મનુષ્ય જેવા દેખો ત્યારે પોતે મનુષ્ય જેવા દેખાણા. પછી એ સ્વરૂપ અદૃશ્ય કર્યું ત્યારે બીજો સંકલ્પ કર્યો જે હવે મને પ્રતિમારૂપે દેખો. માટે પ્રતિમા એ તો મહારાજ પોતે જ કહેવાય. મંદિરોમાં બીજા અવતારોની મૂર્તિઓ પધરાવી છે એમ દેખાય છે તે તો પોતાના સંકલ્પની મૂર્તિઓ છે. માટે એ સર્વે મહારાજનાં સ્વરૂપ જાણવાં, પણ ધ્યાન તો મહારાજની મૂર્તિનું જ કરવું. ॥ ૧૨૫ ॥

## વાર્તા ૧૨૬.

વચનામૃતની કથા વંચાતી હતી તેમાં એમ વાત આવી કે કૂવો જળે કરીને પૂર્ણ ભરાઈ ગયો હોય તેમ આત્મસુખવતે પૂર્ણ રહેવું. તે સાંભળીને સ્વામીને પૂછ્યું કે આત્મસુખવતે પૂર્ણ

રહેવું કે મૂર્તિવતે પૂર્ણ રહેવું? પછી પોતે જ બોલ્યા જે મૂર્તિના સુખે પૂર્ણ રહે ત્યારે પૂર્ણ કહેવાય. કેમ કે જીવના જીવન ભગવાન કહેવાય. એકલે આત્મસુખે પૂર્ણ ન થવાય. મૂર્તિના સુખે પૂર્ણ થયો તેને કોઈ દિવસ બહારના વિષયનો પાશ ન લાગે. જો મહારાજ છેટા હોય તો બહારનો પાશ લાગે. વાયુને દુર્ગંધનો પાશ લાગે છે પણ અગ્નિને ન લાગે. તેમ મહારાજે જેને મૂર્તિમાં રાખ્યા હોય તેને પાશ ન લાગે. એવી રીતે રહે તો પૂર્ણ રહ્યા કહેવાય. ભગવાન વિના બીજું કાંઈ ન દેખાય તે કરવાનું. મહારાજે આપણને મૂર્તિમાં રાખ્યા પછી ખાવું-પીવું આદિ જે જે ક્રિયા થાય છે તે સર્વે મહારાજ પોતે કરે છે. મુક્ત તો સુખ લીધા જ કરે છે માટે મહારાજનું અને મુક્તનું કર્તવ્ય આ રીતે સમજવું. મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે એક મહારાજને જ દેખે છે પણ બીજાને દેખતા નથી. ॥ ૧૨૬ ॥

## વાર્તા ૧૨૭.

દેહ બાળી નાખો કે સુકાઈ જાઓ પણ મહારાજને અને મોટા મુક્તને રાજી કર્યા વિના, 'મને મહારાજે મૂર્તિમાં રાખ્યો છે.' એ ભાવ ન આવે. આવી સમજણ જેને હોય તે સાંખ્ય, અને સાંખ્ય તે આંખ્ય કહેવાય. માટે અહિ સાંખ્ય થયો તે મહારાજના ભેગો થયો. પછી મહારાજ જાણે એટલું એ જાણે એટલે મૂર્તિ જેવો દિવ્ય થયો, તે ખરો સાંખ્ય કહેવાય. જેના અંતરમાં ઉછરંગ હોય, તેના ઉપર મોટા મુક્ત રાજી થઈ જાય છે. તેથી એનો સત્સંગ દિવસે દિવસે વધતો જાય છે. જે ખપવાળો હોય તે તો એવા મોટાના જોગ સમાગમે આનંદ

પામે છે, માટે ખપ કરવો. જેને ખપ ન હોય તે તો મોટા મોટાને વિષે ખોટ્યો કાઢે છે તેણે કરીને પોતાને આગળ જવાતું નથી ને બીજાને પણ એ અંતરાયરૂપ થાય છે. માટે મોટાને જોગે સત્સંગ વૃદ્ધિ પમાડવો અને મૂર્તિના સુખનું જાણપણું રાખવું. ॥ ૧૨૭ ॥

## વાર્તા ૧૨૮.

અમારે સાધુ થવું છે એવો ઠરાવ હતો તો થઈ જવાણું. તેમ આપણે મહારાજનો યોગ કરીને મહારાજ પામવા છે એવો ઠરાવ હોય તો પમાય પણ જેને કાંઈ ઠરાવ જ નથી તેનાથી શું પમાય? કાંઈ ન પમાય. ખાખરિયામાં એકલા ખાખરા હતા, પણ ખેડુ મંડ્યા તે કાઢીને ખેતર કર્યાં, તે કેવું પાકે છે? માટે ખરો થાય ને મંડે તો પાર પડી જાય. ॥ ૧૨૮ ॥

## વાર્તા ૧૨૯.

દેવરાજભાઈને અમોએ પૂછ્યું કે તમો મહારાજને મળેલા છો? ત્યારે તે કહે, 'હા, હા, મળેલા છીએ.' એમ છાતી ઠોકીને કહ્યું. આમ જેને પ્રતિમા તથા ધામની મૂર્તિ એક જાણી હોય અને મહારાજ ઓળખાણા હોય તેને કેફ આવે છે. આવા પુરુષ ઓળખીને સમાગમ કરવો, પણ ઓળખ્યા વિના જેના તેના સમાગમ કરવાથી શું પ્રાપ્ત થાય? જે શુષ્ક છે તે તો એમ કહે છે કે મહારાજ હવે જતા રહ્યા. દેહ મેલશું ત્યારે જો તેડવા આવે તો આવે. એમ નિશ્ચય ન મળે તેને શાનો કેફ આવે! તેને તો નપુંસક જેવો જાણવો. ॥ ૧૨૯ ॥

## વાર્તા ૧૩૦.

સ્વામીએ પૂછ્યું કે મહારાજનો જન્મ કઈ સાલમાં છે? પછી પુરાણી ધર્મકિશોરદાસજી કહે કે સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ ૯ના દિવસે. ત્યારે સ્વામી બોલ્યા જે, એ તો ધર્મપિતાને દેખાણા તે એમને માટે કહેવાય, પણ આપણે માટે ક્યારે પ્રગટ થયા કહેવાય? પછી પુરાણી કાંઈ બોલ્યા નહિ. ત્યારે સ્વામી કહે કે જે સમય ને જે વખતે જેને મહારાજનો સાક્ષાત્કાર થયો, તે વખતે તેને માટે પુરુષોત્તમ પ્રગટ થયા કહેવાય. તેની વરસ, તિથિ કે સમય કહેવાય નહિ; એને તો સદાય મહારાજ છે જ, ને તેને એમ જણાય છે જે હું તો અનાદિ કાળનો મૂર્તિમાં જ છું, છું ને છું જ. ॥ ૧૩૦ ॥

## વાર્તા ૧૩૧.

મધ્ય પ્રકરણના ૬ઠ્ઠા વચનામૃતમાં એમ આવ્યું કે ઠાકોરજીની મૂર્તિમાં ને બીજા પ્હાણામાં શો ફેર છે? એમ નાસ્તિક કહે છે. તે સાંભળીને સ્વામી બોલ્યા કે શ્રી ઠાકોરજીની મૂર્તિમાં ને બીજા પ્હાણામાં ફેર છે એમ કહેવાય ત્યાં સુધી તો હજુ વાચ્યાર્થ થયો, પણ લક્ષ્યાર્થ કેવી રીતે? તો જ્યારે પોતે મહારાજના ધ્યાને કરીને દિવ્ય થાય ત્યારે મહારાજને અને સંતને દિવ્ય દેખે. પછી તો એ મહારાજના અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં તદાકાર થઈ જાય ત્યારે જ ખરો લક્ષ્યાર્થ થયો જાણવો. ॥ ૧૩૧ ॥

## વાર્તા ૧૩૨.

વેદ છે તે તો વૈરાટનારાયણનો મહિમા કહે છે, પણ

તેથી પરનો મહિમા કેવી રીતે કહી શકે? કેમ કે વૈરાટથી પ્રધાન પુરુષ, તેથી પર પ્રકૃતિ પુરુષ, તેથી પર વાસુદેવબ્રહ્મ, તેથી પર અક્ષર અને એ સર્વેથી પર મહારાજની મૂર્તિનો પ્રકાશ છે તેમાં મહારાજ બિરાજે છે. માટે એ મૂર્તિનો મહિમા વેદ ક્યાંથી કહી શકે? મહારાજનો મહિમા તો અતિ અપાર છે તે તો શ્રીમુખના વચનરૂપી વેદ તે થકી જ સમજાય છે. આપણે પણ પુરુષોત્તમનો મહિમા એવી જ રીતે જાણીએ છીએ તેથી એ મૂર્તિ જ નજરમાં આવે છે અને બીજા કોઈનો ભાર રહેતો નથી. જ્યાં જોઈએ ત્યાં મહારાજ દેખાય છે. ॥ ૧૩૨ ॥

## વાર્તા ૧૩૩.

જ્ઞાન માર્ગે કરીને અહોનિશ મૂર્તિમાં જ જોડાઈ રહેવું તે શાશ્વત શાંતિ! મહારાજની મૂર્તિમાં રહેવું એટલે બોલનારા મહારાજ, જમનારા મહારાજ ને સેવા મહારાજને થાય; એવું અખંડ તાન રાખવું. એવો ગુણ આપણે પેસી જાય અને એમાં ચોંટી જવાય તો પછી કાંઈ બાકી રહે નહિ, પૂરું થઈ જાય. ત્યારે પુરાણી ધર્મકિશોરદાસજીએ કહ્યું જે, સ્વામી! કૃપા કરીને અમારા ઉપર અનુગ્રહ કરો તો પૂરું થાય. અમારે તો વાતોનું તાન રહે છે ખરું. વાતો તો કરવી પડે છે. પછી સ્વામી બોલ્યા કે અનુગ્રહ તો છે જ. વાતો તો કરવી પડે પણ એમાં ગુણ માની મૂર્તિના સુખથી પાછું વળાય એવું ન કરવું. આ તો ભક્તિમાર્ગ છે, અને જ્ઞાનમાર્ગ તે શું? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ ઘેડ્ય બેઠી તે જ્ઞાનમાર્ગ. એ પ્રકારે સદાય મૂર્તિમાં નિમગ્ન રહેવાય એ જ્ઞાનમાર્ગનું ફળ છે. એ તો નેવાનું પાણી મોભે ચડ્યું

કહેવાય. અનેક પ્રકારના જ્ઞાનોપદેશાદિક મહારાજ કરે છે. તેનું જેટલું અનુસંધાન રહે તેટલી સાધનદશા કહેવાય અને ત્યાં સુધી ભક્તિમાર્ગ કહેવાય. એ ભક્તિમાર્ગનું અનુસંધાન ન રહે અને મૂર્તિમાં જ નિમગ્ન રહેવાય તે સિદ્ધદશા જાણવી અને તે ભક્તિજ્ઞાનાદિકની ફળરૂપ પ્રાપ્તિ કહેવાય. મૂર્તિમાં રહ્યા જે સુખભોક્તા મુક્ત તેને મહારાજ કરે છે એવું અનુસંધાન રહે તો પણ જ્ઞાનનું ફળ જે મહારાજની મૂર્તિમાં સદાય નિમગ્ન રહેવું તે રૂપી ફળમાં ન્યૂનતા ગણાય, કેમ કે મહારાજ કરે છે એવો ભાવ રહે તે પણ વિકલ્પ કહેવાય. માટે નિર્વિકલ્પ થઈને મૂર્તિના સુખમાં લુબ્ધ થઈ જવું. ॥ ૧૩૩ ॥

## વાર્તા ૧૩૪.

સભામાં વચનામૃતની કથા થતી હતી તેમાં એમ આવ્યું જે, જેણે લીંબુ ચૂસ્યાં હોય તેની દાઢ્યો અંબાઈ જાય છે, પછી તેનાથી ચણા ન ચવાય. તેમ ઇંદ્રિયો અંતઃકરણરૂપી દાઢ્યો તે ભગવાનના મહિમારૂપી ખટાઈએ કરીને અંબાઈ જાય તો વિષયરૂપી ચણા ન ચવાય. તે પરથી સ્વામીએ સંતોને પૂછ્યું કે એ લીંબુનો ચૂસનાર કોણ? ત્યારે પુરાણી ધર્મકિશોરદાસજી કહે, મુક્ત. પછી સ્વામી બોલ્યા કે મુક્ત ન ચૂસે. ત્યારે પુરાણીએ પૂછ્યું કે, ત્યારે કોણ ચૂસે? પછી સ્વામી કહે, વિષયનો અભાવ કરવા સારુ ભક્ત ચૂસે છે, કારણ કે દેહભાવ છે તેથી મહારાજને મૂકીને વિષયમાં જોડાય છે; પણ જ્યારે દેહથી વિરક્ત થયો ત્યારે તેને તો વિષય, ઇંદ્રિયો, અંતઃકરણ છે જ નહિ અને સારા-નરસાની જેટલી વાત આવે

તેટલી સમાગમમાં ઘટાડવી, કેમ કે સારા સમાગમથી સારો થાય છે ને નબળા સમાગમથી નબળો થાય છે. કપાસ તો એક જ છે પણ ખાદી, મલમલ, બાસ્તા એવો ભેદ સંગને લઈને થયો છે.

**"ખાદી મલમલ બાસ્તા તીનુકા એક ગોત**
**જીનકુ જેસા ગુરુ મિલા તીનકા એસા પોત"**

માટે સમાગમે કરીને સારા-નરસાપણું થાય છે. ॥ ૧૩૪ ॥

## વાર્તા ૧૩૫.

મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે આ ગઢડું શહેર કે ઓસરી કાંઈ દેખાતું નથી. તમો પણ ત્યાં જ છો અને તે સ્વરૂપને તમે દેખો છો પણ સમજાતું નથી. એ વચન જોતાં સમજણની કસર છે. માટે જેમ છે તેમ સમજે તો જ મહારાજને દેખે છે. અજ્ઞાની તો આંધળા છે ને જ્ઞાની દેખતા છે. અજ્ઞાની ઘુવડ આદિ જેવા છે ને જ્ઞાની મનુષ્ય જેવા છે. તેથી અજ્ઞાનીને મહારાજ દેખાતા નથી ને જ્ઞાનીને દેખાય છે. જીવ અનાદિકાળનો માયાવેષ્ટિત છે પણ મહારાજને ઓળખે તો જુદો પડે. અભણ હોય તે વાંચી શકે નહિ ને ભણેલો હોય તેનાથી વંચાય. તે જો ભણવાનો આગ્રહ કરે તો ભણાય પણ આગ્રહ વિના કોઈ વાત સિદ્ધ ન થાય. તેમ આ સુખ પામવાનો ખપ જોઈએ તો જ પમાય. કુંદનમાં વગળ હોય ત્યાં સુધી નંગ ન બેસે. નંગ બેસાડવું હોય તો તેટલી જગ્યા ચોખ્ખી કરી પછી ચોડે તો જ ચોંટે. કુંદન છે પણ વગળ ભેગું કુટાય છે માટે સોનીરૂપી મોટા અનાદિમુક્તોનો સમાગમ કરે તો મૂર્તિરૂપી અગ્નિએ કરીને માયારૂપી વગળ બળી જાય. જો મૂર્તિનો અખંડ

યોગ રાખે તો દેહરૂપ માયાનું વગળ ટળી જાય અને ચોખ્ખું કુંદન થાય, પછી મૂર્તિરૂપી નંગ ચોંટે. મૂર્તિ આવે એટલે બીજામાંથી વિખૂટા પડાય. મહારાજને પામવું છે તે પામ્યો, પણ વચમાં વગળ ન રહે તો ઠીક. જો વગળ ન હોય તો સંકલ્પ વિકલ્પ ન થાય ને મૂર્તિને સુખે સુખી થવાય. જેટલું વગળ તેટલો ઠરાવ બીજો, અને જેટલું બીજે હેત તેટલો માયામાં બંધાણો. પછી મહારાજને તો લાખો ગાઉનું છેટું થઈ જાય, માટે વિચાર કરવો કે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે? 'અવતાર ધર્યો છે રે, કે તમને ભજવાને' એ કરવાનું છે, પણ વસ્તુ ફેંકી દીધી તેથી જીવ વિષયમાં હેરાન થાય છે અને અઠે દ્વારકા કરી બેઠો છે. તે ઉપર દૃષ્ટાંત દીધું કે ભરવાડનો સંઘ દ્વારકા જતો હતો તે અમદાવાદ આવ્યો. ત્યાં સારું સારું ખાવા-પીવાનું મળ્યું. પછી બીજા કહે ચાલો, દ્વારકા. તો તે કહે કે મારે તો અઠે દ્વારકા છે; તેમ ન કરવું. 'નિષ્કુળાનંદ નિશ્ચે કર્યું સુખ તો સદ્‌ગુરુ પાસ' માટે મૂર્તિમાં નિમગ્ન સંત છે ત્યાં જ સુખ છે એમ જાણી ત્યાં રહી સુખ ભોગવવું તે જ ખરું સુખ જાણવું. ॥ ૧૩૫ ॥

## વાર્તા ૧૩૬.

મહારાજે કહ્યું છે કે, **'धाम्ना स्वेन सदा निरस्त कुहकम्'** તે શું? તો ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ભક્તજનનું માયારૂપી કપટ જેણે ટાળ્યું છે એવા જે મહારાજ તેનો યોગ જેને નથી તે એમ જાણે કે સૌ મારા જેવા જ છે. કેમ જે નિર્ધન હોય તે સૌને નિર્ધન જાણે. પણ પોતે નિર્ધન થયો એટલે સર્વે નિર્ધન થયા એમ નહિ, એ તો એ જ નિર્ધન છે. તેમ મહારાજ

તો છે જ, પણ અજ્ઞાની છે તે મહારાજ જતા રહ્યા એમ કહે છે. માટે આપણે એમ જાણવું જે તેને મહારાજ કે મોટા મળ્યા નથી તેથી એમ બોલે છે. એમ જાણીને તેના સંગનો ત્યાગ કરવો. મહારાજના ભેગા રહેતા હોય તેનો યોગ કરવો. તો તે આપણને યોગ કરાવે. મહારાજની મૂર્તિમાં જોડાય તેને જ મહારાજનો રસ્તો હાથ આવ્યો છે. માટે મૂર્તિ આવી એટલે 'પ્રેમાનંદ ઠરીને બેઠો ઠારણે;' એ પ્રેમાનંદ થઈ બેઠા તે કેવી રીતે, તો પ્રેમ જે મહારાજ તેનો આનંદ તે પ્રેમાનંદ. ॥ ૧૩૬ ॥

## વાર્તા ૧૩૭.

હુંડીવાળા કોઈ કહે કે તમે પૈસા ભરો અને જ્યારે તમે દેહ મૂકશો ત્યારે મળશે, તો એમ કહેનાર જૂઠો થયો; જો સાચો હોય તો એમ ન કહે. તેમ મૂર્તિમાં રહેતા હોય તે તો મહારાજ તુરત બતાવી દે એમ જાણવું. જેમ રૂપિયા ટપાલમાં ભર્યા એટલે જ્યાં જાઓ ત્યાં મળે છે તેમ મહારાજ તો સર્વત્ર છે. માટે ક્યાંય જવું-આવવું નથી. મહારાજ કહે છે કે તમે પણ ત્યાં જ બેઠા છો અને અમે પણ ત્યાં જ છીએ; પણ જ્ઞાને કરીને દેખાય. ઉલૂક પક્ષી સૂર્યને દેખી શકતા નથી તેથી સૂર્ય છે જ નહિ એમ કહે છે, પણ જો એ આંખ ઉઘાડે તો તુરત જ દેખાય છે. તેવી રીતે શ્રી પુરુષોત્તમનારાયણ તો છે, છે ને છે જ. એ સર્વોપરી વર્તે છે તેથી જાણપણાવાળાને તો બીજું કાંઈ દેખાતું જ નથી; એને તો એક મહારાજ જ દેખાય છે. ॥ ૧૩૭ ॥

## વાર્તા ૧૩૮.

પુરાણી ધર્મકિશોરદાસજીએ પ્રશ્ન પૂછ્યો જે, જાતિ, સજાતિ અને વિજાતિ કોને કહેવાય? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, શ્રીજીમહારાજે વર્તમાન ધરાવી જેના ચૈતન્યને મૂર્તિમાં રાખ્યો પછી તેનો જે દેખાવ રહ્યો તે સંકલ્પ સ્વરૂપને જાતિ કહેવાય, અને મૂર્તિમાં રસબસપણે રહેલા અનાદિમુક્તો સર્વે સજાતિ કહેવાય. જેને આવી સમજણ નથી અને દેહરૂપે માને છે તે વિજાતિ કહેવાય. ॥ ૧૩૮ ॥

## વાર્તા ૧૩૯.

લુણાવાડાના હરિભક્ત શુકદેવજીએ વાત કરી કે સ્વામી! મારે બે દીકરા છે; તેમાં એક સત્સંગી છે ને એક કુસંગી છે. કુસંગીને તો મેં શાપ દીધો છે જે મારી જાંઘ ફાટે તો તને દીકરો થાય, અને બીજો જે સત્સંગી છે તેને તો હું સારા આશીર્વાદ આપું છું, તેથી તેને બહુ સારું છે. માટે કુસંગીને અને આપણે શું? પછી સ્વામી બોલ્યા જે એવી સાચી સમજણ હોય તો મહારાજ રાજી રહે. આપણે પણ સત્સંગનો એવો પક્ષ રાખવો. આપણે ઘણા વખતથી સત્સંગ કરીએ છીએ, પણ મહારાજનો સાક્ષાત્કાર કેમ થતો નથી તે વિચારવું. જેમ દોરામાં લગાર ગલફો હોય તો સોયમાં ન આવે, તેમ આપણે ગલફો ન રાખવો. આપણે બહુ ભારે સમય આવ્યો છે તે શું? તો ભગવાન તો હતા, પણ પોતે દયા કરી પ્રગટ કરી આપ્યા એટલે ઓળખાવ્યા. તે માટે પ્રગટ ભગવાનનો જોગ કરવો. **पुण्य पापे विधुय** તે પુણ્ય ને પાપના બેય સંકલ્પ કાઢી નાખવા, નહિતર બેય જન્મ

લેવરાવે, માટે બેયનો ત્યાગ કરવો. પ્રગટના યોગે કરી સુખિયા થઈ જવું. ॥ ૧૩૯ ॥

## વાર્તા ૧૪૦.

મધ્ય પ્રકરણનું ૧૩મું વચનામૃત વંચાતું હતું પછી સ્વામીશ્રીએ પૂછ્યું જે આમાં મૂર્તિ ઘનશ્યામ કહી છે ને તેજ શ્વેત કહ્યું છે તે કેમ સમજવું? ત્યારે પુરાણી ધર્મકિશોરદાસજીએ કહ્યું જે બાપાશ્રીએ એક વાર વાત કરી હતી કે તેજની ઘાટ્યપ છે તેથી મૂર્તિ શ્યામ જણાય છે. પાણી ઝાઝું હોય તો શ્યામ જણાય છે તેમ મહારાજના તેજની બહુ ઘાટ્યપને લીધે મૂર્તિ શ્યામ જણાય છે. પછી સ્વામી બોલ્યા કે વાદળાં શ્યામ જણાય છે પણ કેવાં સુંદર લાગે છે? તેમ મૂર્તિ એવી જ મનોહર છે કે તે જનોનાં મન હરી લે છે. આકાશ શ્વેત છે પણ ઘાટ્યપને લીધે શ્યામ જણાય છે. મૂર્તિ એ રીતે ઘનશ્યામ છે. પછી પુરાણી કહે બાપાશ્રીનો ઉત્તર અને આ ઉત્તર બેય એક જ છે. પછી એમ પૂછ્યું કે શ્રુતિમાં કહ્યું છે કે મૂર્તિ વૃક્ષની પેઠે સ્થિર રહી છે; તે જોતાં તો હાલતી ચાલતી ન હોવી જોઈએ. મહારાજે આ વચનામૃતમાં કહ્યું કે મૂર્તિ ક્યારેક હરતીફરતી અને ક્યારેક બેઠી ઊભી જણાય છે તે કેમ સમજવું? ત્યારે સ્વામી બોલ્યા કે એક સ્થળે અક્ષરધામમાં મહારાજ વૃક્ષસમ છે તે તો સાધન દશાવાળાને સમજાવવા માટે છે અને સિદ્ધદશાવાળાને તો મહારાજ બોલે છે, ચાલે છે તો પણ જેમ છે તેમના તેમ છે. મુક્તને તો મહારાજના જાણપણે જાણપણું; જુદું નહિ. તેને તો જેમ મહારાજની ઇચ્છા હોય તેમ દેખાડે પણ આમ જ મહારાજ રહે એવું નહિ. એને તો સદાય દિવ્ય મૂર્તિ છે અને શ્રુતિમાં

વર્ણન છે તે તો સાધનદશાવાળાને ખેંચવા વાસ્તે સ્થિરભાવનું વર્ણન કરેલ છે. ॥ ૧૪૦ ॥

## વાર્તા ૧૪૧.

ગ. પ્ર. ૪૪મા વચનામૃતમાં મહારાજે પોતાને સાધુ તરીકે કહ્યા છે તેનો શો હેતુ છે? ત્યારે સ્વામી બોલ્યા જે મહારાજ પોતે મુમુક્ષુને સાધુ નામે ઓળખાણ આપે છે તેથી મુમુક્ષુ એમ સમજે છે જે સાધુ છે તે પોતાનું કલ્યાણ કરે ને બીજાનું પણ કલ્યાણ કરે. આ અર્થ સાધનદશાવાળાને સમજાવવા પૂરતો જ છે, પણ મુક્તને મતે તો એક મહારાજ જ છે એટલે મહારાજનો સમાગમ મુમુક્ષુ ભક્ત સાધુ જાણીને કરે, પછી એ મહારાજને ઓળખે એટલે થયો મુક્ત, કેમ કે સાધુપણાની સમજણ હતી તે મહારાજપણાની થઈ. એટલે મહારાજ ઓળખાણા. આ જ્ઞાનની સ્થિતિની વાત છે પણ નકરા જ્ઞાનની વાત નથી. જે મુક્ત છે તેને તો સર્વજ્ઞપણું આવે તે પણ ઐશ્વર્ય માર્ગ છે. એને તો હું મુક્તભાવને પામ્યો છું એવા અનુસંધાનની પણ જરૂર નથી. તેને તો એક મૂર્તિના સુખમાં નિમગ્નપણું રહે એ જ કરવાનું છે. ॥ ૧૪૧ ॥

## વાર્તા ૧૪૨.

જ્યાં સુધી મૂર્તિમાં નથી ચોંટ્યો ત્યાં સુધી દેહાભિમાન જાય નહિ, અને દેહાભિમાન હોય ત્યાં સુધી મહારાજ તથા મોટા પુરુષ ઓળખાય નહિ, માટે મૂર્તિમાં ચોંટવું. મહારાજની મૂર્તિમાં ચોંટવાની રુચિ થઈ અને બીજે પણ રુચિ થાય તેનાથી મહારાજની મૂર્તિમાં ચોંટાશે નહિ. જ્યારે એક મૂર્તિમાં જ ચોંટે અને મન ત્યાં જ અટકે ત્યારે જ મૂર્તિમાં રહેવાય. રેલગાડીઓ

ઊપડે પણ પોતાનું સ્થાન આવે ત્યાં અટકે છે, તેમ મૂર્તિરૂપી સ્થાનમાં જઈને અટકે ત્યારે એક નિશાન થયું જાણવું. પછી બીજા કોઈનો ભાર ન રહે. હું જ્યારે સાધુ થવા આવ્યો ત્યારે મને એક ત્યાગીએ કહ્યું કે અહિ શું કરવા આવ્યા છો? સત્સંગમાં શું છે? પછી મેં જાણ્યું જે આ તો પાછા પડવાના થયા છે એમ જાણીને તેમના સંગનો ત્યાગ કર્યો. માટે આપણે કોઈ વાત કરે ને આપણે તેને ન ઓળખીએ તો પછી જ્યાં ત્યાં વળગી જવાય; એવું ગાફલપણું ન રાખવું. ઉત્તમ સ્થિતિવાળા ભગવાનના મુક્ત હોય તેવા ઓળખીને સમાગમ કરવો તો આગળ વધાય. સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિભક્ત એ સર્વને સમજણ કામ કરે છે. તે જો સમજણ ન હોય તો સત્સંગમાંથી પડી જવાય. રાણપુરમાં એક સત્સંગી હતો તે કુસંગના જોગે સાવ ઊતરી ગયો અને જાતિભ્રષ્ટ થઈ ગયો. એવું સમજણ વિના થઈ જાય માટે આપણે સત્સંગમાં રહી મૂર્તિ સિદ્ધ કરવી હોય તેને બહુ વિચાર કરવો. સત્સંગના વ્યવહારમાં કોઠારુ, ભંડારુ અને મહંતાઈ કરવી એ સેવા છે ખરી, પણ તે તે ક્રિયા મૂર્તિ ભુલાવે છે કે નહિ તે વિચાર અધિકારીઓએ પણ રાખવો જોઈએ. આગળ મોટા મોટા નંદોએ મંદિરો કરવામાં સેવા કરી તથા અધિકાર વગેરે ભક્તિમાર્ગ ચલાવ્યો છે પણ મૂર્તિ ભૂલીને નહિ. અત્યારે એવા વિચારવાળા ને દિવ્યભાવવાળા થોડા જણાય છે. આગળ મોટા સંતો નવા મુમુક્ષુઓને એવી પણ ભલામણ કરતા કે કોઠારી પાસે રહીએ તો જે તે વસ્તુ આપે એટલે સ્વભાવ બગડે. ભંડારી પાસે રહીએ તો સારું સારું ખાવાનું આપી લલચાવી દે. મહંત પાસે રહીએ તો અધિકારમાં લેવરાવી દે. માટે એવા સંગનો ત્યાગ

કરી મહારાજના સુખે સુખિયા હોય તેવાને જોઈને સમાગમ કરવો, તો આપણું અંગ વૃદ્ધિને પામે ને અખંડ મૂર્તિમાં જોડાવાય. ખપવાળાને મહારાજ સારો જોગ મેળવી દે છે, માટે કહ્યા એવા અધિકારીઓમાં લોભાવું નહિ. જે મૂર્તિના સુખે સુખિયા હોય તેના ભેળા રહેવું તો જ મૂર્તિ પમાશે. માટે વિચારીને ગુરુ કરવા તો સત્સંગ પાર પડે. 'હું ડાહ્યો છું', 'હું સમજું છું' એવું રહેતું હોય ત્યાં સુધી અજ્ઞાન જાણવું અને જ્ઞાન થાય ત્યારે તો હું ડાહ્યો છું એમ મટે. એટલે જેમ છે તેમ સમજાય પછી મોટા મુક્ત હોય તેને તુરત ઓળખી લે અને તેની સાથે જ હેત કરે. ॥ ૧૪૨ ॥

## વાર્તા ૧૪૩.

અનાદિમુક્તની સ્થિતિને કોણ સમજે? તો પ્રતિલોમપણે કરીને મહારાજની મૂર્તિમાં રસબસ રહેતા હોય તે સમજે. આમાં જે આશંકા કરે તેને દેહરૂપ જાણવા. જે દેહરૂપે વર્તે છે એની પરભાવમાં નજર પહોંચે નહિ માટે કોઈ દેહભાવવાળા આ વાતમાં શંકા કરે તે સાંભળીને ક્ષોભ ન પામવો. અને જાણવું જે આની નજર પહોંચી નથી માટે આશંકા કરે છે. જે મૂર્તિમાં રસબસ રહ્યા છે તે તો મૂર્તિના સુખમાં ગુલતાન રહે છે; તેને તો દેખાવ મહારાજનો એટલે કર્તા મહારાજ થયા. પોતે તો અકર્તા છે. માટે પુરુષોત્તમની મૂર્તિમાં રહ્યા તે તો પુરુષોત્તમના સુખે સુખિયા. તેને તો બોલવું, ચાલવું, ખાવું, પીવું બધું ય પુરુષોત્તમનું થયું. એમની ક્રિયા તો મુમુક્ષુનાં કલ્યાણ માટે છે, તેની દેહધારીને શી ખબર પડે? દેહધારી તો પોતાના જેવા જાણે. 'મુક્તાનંદ કહે હરિ હરિજનકી ગતિ છે

ન્ચારી, એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી' એવા મહારાજ તથા મોટા સંતનાં ઘણાં ય વચન છે, પણ કોઈ આશંકા કરતા હોય તે વખતે આવું વચન સંભારી આપીએ તો પણ સમજે નહિ, કેમ કે તે દેહરૂપે વર્તે છે. એ તો જ્યારે પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને મૂર્તિના સુખે સુખિયા થશે ત્યારે એને સમજાશે ને શંકા ટળી જશે. જ્યાં સુધી દેહરૂપ હોય ત્યાં સુધી વચનામૃતના અર્થ બધા દેહરૂપમાં જ સમજાય, અને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને મહારાજના સુખે સુખિયા થાય, ત્યારે બધા શબ્દના અર્થ પુરુષોત્તમની મૂર્તિમાં પહોંચે. તે કેવી રીતે? તો વિવાહના ધોળ ગવાય ત્યારે રાજાના માણસ હોય તે રાજાને દેખાડવા ગાય, અને ગરીબ માણસ ધોળ ગાય તેમાં વચન તો બધાં રાજા જેવાં જ બોલે પણ નિશાન એના છોકરા ઉપર હોય એમ સૌ સૌના નિશાન ઉપર નજર હોય તે બોલવાથી ખબર પડે કે આ પુરુષોત્તમરૂપ છે અને આ દેહરૂપ છે. વચનામૃતમાં મહારાજે કેટલુંક તો સાધનદશાવાળાને સમજાવવા કહ્યું હશે, તો પણ અંતે મૂર્તિના સાધર્મ્યપણાને પમાડવા માટે જ હશે; એમ સાધનદશાવાળા અને સિદ્ધદશાવાળાને સમજવામાં શબ્દ તો બરોબર હોય પણ સૌ સૌની સ્થિતિમાં સમજાય. આવી વાત તો મહારાજે જેને મૂર્તિમાં રાખ્યા હોય તે જ બરાબર સમજે. દેહાભિમાનીને તો આ વાતમાં નજર જ ન પહોંચે. ॥ ૧૪૩ ॥

## વાર્તા ૧૪૪.

મહારાજના સાધર્મ્યપણાને પામે તેને તો વચનામૃતમાં સિદ્ધ ભક્તિ કહી છે. તે સિદ્ધ ભક્તિ તો મહારાજની મૂર્તિમાં

રહીને સુખ લેવું તેને જાણવી. સાધનભક્તિ તે શું? તો ભગવાનને રાજી કરવા નવધા ભક્તિ કરે છે તે. એ નવધા ભક્તિ કરતાં કરતાં સિદ્ધભક્તિ થાય અને પ્રેમલક્ષણા કરતાં કરતાં જ્ઞાન પ્રગટ થાય. પછી એ જ્ઞાને કરીને બીજું કાંઈ છે જ નહિ. એક મહારાજ જ છે, એમ સમજાણું એટલે પૂરું થયું જાણવું. ॥ ૧૪૪ ॥

## વાર્તા ૧૪૫.

સભામાં પ્ર. પ્ર. ૨૦મું વચનામૃત વંચાતું હતું ત્યારે સ્વામી કહે, આમાં શુકસ્વામીએ મહારાજને પૂછ્યું કે પોતાના આત્માનું દર્શન શું પોતાના હાથમાં છે? ત્યારે મહારાજ કહે છે કે ક્યારે એણે જોયાનો આદર કર્યો અને ન થયું? આદર કરે તો તરત દેખે. અનાદિમુક્તની સ્થિતિવાળા હોય તેને તો આત્મા મૂર્તિ ભેગો જ દેખાય, પણ જુદો દેખાય નહિ. મૂર્તિ ભેગા અનંતકોટી મુક્તો છે. વચનામૃતમાં જાણપણારૂપ ધામનો દરવાજો કહ્યો છે તે દરવાજે રહેવું અને નામામેળ કરવો કે આપણે કેટલા શ્વાસ મહારાજ સંભારતાં ભરાણા અને કેટલા શ્વાસ જગતવ્યવહાર સંભારતાં ભરાણા, કેટલાં સ્વપ્ન મહારાજનાં આવ્યાં અને કેટલાં જગત સંબંધી આવ્યાં, તે જોયા કરવું, એમ કરતાં કરતાં સિદ્ધતા થઈ જશે. જેમ વૃક્ષ નવાં નવાં પાંદડાં કાઢે છે, માબાપ છોકરાંને ખાવાપીવા આપે છે તે શું કરવા? તો મોટા કરવા. તેમ આપણે પણ મોટા થવું અને આ કામ કરી લેવું. તેમાં પહેલું તો પોતાનું કરવું પછી બીજાને મૂર્તિમાં જોડવા. આમ કરશો તો પૂરું થશે. જો વ્યવહારમાં જોડાણા તો આ અધૂરું રહેશે

અને વ્યવહારનું તો  કોઈનું પૂરું થયું નથી ને થશે પણ નહિ, એ તો અધૂરું જ છે, પણ જો આ કામ પૂરું થયું તો સર્વે કામ પૂરાં થયાં જાણવાં. ॥ ૧૪૫ ॥

## વાર્તા ૧૪૬.

એક સમયને વિષે મેં બાપાશ્રીને પૂછ્યું કે બાપા! કોઈકને મહારાજ તેડવા આવે ત્યારે તેમના ભેગા સાધનદશાવાળા સંતો હોય છે તે શું સમજવું? ત્યારે બાપાશ્રી બોલ્યા જે દેહ મૂકનારને એવા ઉપર હેત હોય એટલા માટે મહારાજે પોતે જ એવે રૂપે દર્શન દીધાં હોય. તે દેહ મૂકનારને તેની સાથે હેત હોય તેથી એ દેખાય એટલે તેની સાથે જોડાઈ જાય. તે માટે મહારાજ પોતે જ એવાં દર્શન આપે અને એવાં દર્શન બીજાને થાય. જોગ સમાગમ કરવો હોય ત્યારે તો સિદ્ધદશાવાળા હોય તેમની સાથે જ હેત બાંધીને કરવો, નહિ તો વાંધો આવે. ॥ ૧૪૬ ॥

## વાર્તા ૧૪૭.

આપણે મહારાજ અને મોટા મુક્ત સાથે હેત બાંધવું તો મહારાજ અને મોટા આપણને સુખિયા કરી મૂકે, અને છાના છાના આશીર્વાદ આપીને આપણું ઘર ભરી દે. જુઓને! સંસારમાં એકબીજા ઉપર હેત હોય છે, તો સગાંસંબંધી કોઈ વાર વઢે, વખાણે પણ હેતવાળાને ધન ધાન્ય આપીને પોતા જેવા કરે છે. એ રીતે મહારાજ અને મોટા સાથે આપણને હેત છે તો તેમણે આપણને પોતાના જેવા દિવ્ય કરી દીધા છે. માટે હેતરૂપ જ ભક્તિ છે એમ જાણી હેત બાંધવું. જો જગત વ્યવહારની પેઠે તેમને સરખા ગણી દે તો પછી તેમની સાથે

જોડાવાય નહિ અને મહારાજ સુખ પણ ન આપે. ઝીણી બુદ્ધિવાળા કેને જાણવા? તો એક મૂર્તિમાં જ જોડાઈ જાય અને દેહ છે જ નહિ એવું કરી નાખે તેને જાણવા. પણ એમ ન જાણવું કે આવી જ વાતો ઘડી ઘડી શું કરવા કરતા હશે. જો વાત કરતા હશે તો કોઈને સમજવા માટે કરતા હશે અને કેટલાક તો એમ સમજી પણ ગયા હશે એમ જાણવું. મહારાજના મહિમાની વાતોમાં તો હદ બાંધવી જ નહિ અને વધતા ને વધતા જવું. ॥ ૧૪૭ ॥

## વાર્તા ૧૪૮.

સભામાં મધ્ય પ્રકરણનું ૫૩મું વચનામૃત વંચાતું હતું ત્યારે સ્વામીશ્રીએ વાત કરી કે જીવને પોતાની ખબર ન હોય કે મારો જીવ કાળો છે, ગોરો છે, લાંબો છે કે ટૂંકો છે તો પણ મોટા પુરુષમાં ખોટ્ય કાઢે છે. એ મોટા પુરુષ તો અલૌકિક દૃષ્ટિએ વર્ત્યા કરે છે તેની જીવને શું ખબર પડે? એ તો જ્યારે એને અલૌકિક દૃષ્ટિએ વર્તાય ત્યારે મોટા પુરુષની ખબર પડે પણ આ લોકની દૃષ્ટિએ વર્તે તેને ખબર ન પડે. ચોર હોય તે બીજાને પણ પોતા જેવો જાણે, તેમ મોટા પુરુષમાં જેને દોષ જણાય છે તે દોષ તો તેના પોતામાં જ છે. એ તો જ્યારે પોતાની અલૌકિક દૃષ્ટિ થાય ત્યારે જ ભગવાન ને ભગવાનના ભક્તની રીત જાણવામાં આવે. માટે જેને એવા સાથે હેત બાંધ્યું હોય તેને એવું થાય. મોટા પુરુષ સાથે હેત બંધાય ત્યારે એ એમ સમજાવે કે તું દેહ નહિ, તું તો બ્રહ્મરૂપ થકો મૂર્તિમાં છું. પછી હેતે કરીને એ વચન મનાય અને હા પડે. ઓળખાણ થઈ એટલે હેત થયું ને એકપણું

મનાણું. તેમ આપણે મોટા સાથે એકતા થાય ત્યારે જ મહારાજ ઓળખાય. આવી ઓળખાણ ને સમજણ થઈ, પછી દેહ સ્વભાવ રાખે તો સમજણ પડી જ નથી ને કહેનારા સાથે હેત બંધાણું જ નથી. માટે ખબર રાખવી કે આપણે કોના થયા છીએ ને કોનો ચાંદલો છે. આપણે દેહનું ધાર્યું તો ઘણાં ય દિવસ કર્યું પણ કાંઈ વળ્યું નહિ. તે માટે હવે તો મહારાજની મૂર્તિમાં જોડાઈ રહીને મહારાજના ઠરાવે ઠરાવ રાખવા એ કરવું. ॥ ૧૪૮ ॥

## વાર્તા ૧૪૯.

મહારાજ અને મુક્ત રસબસ ભાવે ભેળા જ છે. માટે જે મૂર્તિમાં રહ્યા છે તેને તો એક મહારાજ જ છે. મૂર્તિમાં રહેતા હોય તેને કોઈ કહે જે તમે દેહરૂપ છો તેને સારું ન લાગે. એ તો એને કલંક દીધું, માટે તેને દેહરૂપ ન કહેવાય. એ મુક્તને તો એવા વચનનું કાંઈ હોય નહિ, કેમ કે ત્યાં એવી વસ્તુ જ નથી. અને પોતે મહારાજના સુખે સુખિયા છે માટે તે એમ જાણે જે આ દેહરૂપ કહે છે તે તો ખબર વિના બોલે છે, એમ જાણીને ખોટું ન લગાડે પણ કહેનારને ખોટ્ય આવે ખરી. કેમ કે એમના અપરાધે મહારાજનો અપરાધ થાય. દેહભાવ કાઢ્યો એટલે શું રહ્યું? તો એક મહારાજ જ રહ્યા ને કસર ગઈ પછી એક મહારાજ ને પોતાનો આત્મા રહ્યો તે તો છે, છે ને છે જ. એમ ક્યારે મનાય, તો મૂર્તિમાં રહ્યા હોય તેને બોલનાર ચાલનાર મહારાજ જ છે એમ જાણે તો તરત મનાય. એ તો જે ઓળખે તેને જેટલું લેવું હોય એટલું સુખ આપે છે. એ સુખ ખૂટે તેવું નથી તેમ કોઈ લૂંટે તેવું નથી.

મહારાજની મૂર્તિમાં રહ્યા હોય તે એમ જાણે છે જે મહારાજ જ બોલે છે અને મહારાજનો મહિમા કહેવાય છે, અને સાંભળનારા પણ જો એમ જાણે જે આ તો મહારાજ જ બોલે છે અને મહારાજનો મહિમા કહેવાય છે તો બેયને સમાસ. ॥ ૧૪૯ ॥

## વાર્તા ૧૫૦.

મહારાજની ગરમી કસ્તુરી જેવી છે તે જીવને મૂર્તિમાં એકરસ કરી મૂકે છે અને બીજાની ગરમી મરચાં જેવી છે તેથી એ ગરમીએ જીવ એકરસ ચૈતન્ય ન થાય. માટે એવી ખોટી ગરમી સુખદાયી નથી. મહારાજની ગરમીથી તો તુરત જીવ મટીને મુક્ત થઈ જાય છે. માટે આપણે ખરી ગરમીનો જોગ રાખવો તો તરત સુખિયા થવાય. ત્યાગી ધર્મ પાળે છે પણ મૂર્તિમાં રહીને ધર્મ પાળે તો ધર્મ પાળ્યો કહેવાય, પણ એકલા ધર્મે કરીને ધર્મ પાળ્યો ન કહેવાય. ગૃહસ્થને પણ એકલા ધર્મે કરીને ધર્મ પાળ્યો ન કહેવાય. એ તો મૂર્તિ ભેગી રાખે તો ધર્મ પાળ્યો કહેવાય.

ભગવાનને ઓળખ્યા વિના અને જાણ્યા વિના દિવ્ય ભાવ આવે નહિ અને દિવ્ય ભાવ આવ્યા વિના માયિક ભાવ ટળે નહિ. જ્યાં સુધી દિવ્ય ભાવ ન આવે ત્યાં સુધી વાચ્યાર્થ કહેવાય. એ વાચ્યાર્થપણું ક્યારે ટળે? તો ભગવાનને ભગવાન જાણે ત્યારે ટળે. જ્યારે આપણે વર્તમાન ધાર્યા અને તન, મન, ધન ભગવાનને ચરણે મૂક્યાં ત્યારે અનેક જન્મનાં કર્મ બળે છે, કેમ કે ભગવાન પ્રગટ થયા પછી તો કર્મ બળતાં પણ વાર ન લાગે. એ જ્ઞાન સિદ્ધ થવાનું કારણ તો મોટાના આશીર્વાદ.

એ વિના બીજી સેવાયે થાય નહિ અને મહિમા પણ જણાય નહિ. જેને જેવા મળે તેને તેવું જ્ઞાન સિદ્ધ થાય. તે આપણને મહારાજ સર્વોપરી મળ્યા અને તેમને તન, મન, ધન અર્પણ કર્યાં ત્યારે મહારાજ પ્રગટ થયા. જુઓને! દાદાખાચર, પર્વતભાઈ કે મોટા મોટા સંત એમણે બધું યે અર્પણ કર્યું તો કાંઈ બાકી રહ્યું? ત્યારે કોઈ એમ કહે એ સંત બધા જુદા જુદા દેખાય છે તે કેમ સમજવું? તો એ તો દેખાય. એ બધા મહારાજના સંકલ્પ. જેમ સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ આવ્યો ત્યારે બાઈઓને કહે કે મને ઓળખતા નથી? હું સચ્ચિદાનંદ સ્વામીનો સંકલ્પ છું. એ સંકલ્પને વંતાક લાવ્યાનું કામ હતું તેમ મહારાજના સંકલ્પને તો મહારાજનો મહિમા સમજાવવાનો છે. એ મહિમા જાણે તો કામ સિદ્ધ થાય. મહારાજની સભાની રીત નોખી, માટે આપણે તો મહારાજની સભાના છીએ એમ જાણવું. બીજા લોકમાં તો સભાયે જુદી ને કાર્ય જુદાં છે. અહિ પંચ વર્તમાન પાળે છે તે તો મહારાજની આજ્ઞા છે. તે ન પાળે તો સત્સંગી પણ શાનો કહેવાય? એ તો પાળવાં જ જોઈએ. જેણે તન, મન, ધન ભગવાનને અર્પણ કર્યાં છે એવા મોટા મોટા સંતને તો મહારાજ કહે કે, 'એમને દેવ જેવા કે મનુષ્ય જેવા ન કહેવાય' એ કેવડી બધી ઉપમા દીધી છે! મહારાજના મુક્ત તો સદાય મહારાજ ભેળા રહ્યા હોય તેને બીજી ઉપમા કેમ દેવાય? તેથી જ મહારાજે કહ્યું છે કે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તે તો મારો ભક્ત જ નથી. **'आज्ञा भंगी मम द्वेषी'** એમ એ મારો દ્વેષી છે. કેટલાક તો જેમ ફાવે તેમ બોલે છે અને આજ્ઞાનો લોપ કરે છે તે તો ભક્ત જ ક્યાં છે? તે તો મહારાજે

શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, 'અમારી આજ્ઞા પ્રમાણે નહિ વર્તે તે અમારા સંપ્રદાયથી બહાર છે.' ॥ ૧૫૦ ॥

## વાર્તા ૧૫૧.

મહારાજની મૂર્તિમાં રસબસ રહેનારા મુક્ત તો મહારાજને સજાતિ છે, તેમની 'કૈવલ્ય' અથવા 'અનાદિ' એવી સંજ્ઞા છે. વિદેહી તે પરમ એકાંતિક અને જીવનમુક્ત તે સાધનદશાવાળા એકાંતિક જાણવા. હવે આપણે તપાસ કરવો કે આપણે શેનો ઠરાવ કર્યો છે, અનાદિનો કે પરમ એકાંતિકનો? મહારાજના અનાદિમુક્ત તો સદાય સુખભોક્તાપણે મૂર્તિમાં રસબસ રહ્યા છે અને દેખાય છે તે તો મહારાજના સંકલ્પ. સચ્ચિદાનંદ સ્વામી જ્યાં હતા ત્યાં ને ત્યાં હતા પણ સંકલ્પ સ્વરૂપે કામ કર્યું, તેમ મહારાજના સંકલ્પ અહિ દર્શન દઈને સમજાવે જે આવા મુક્ત દ્વારે મહારાજ સુખ આપે છે ત્યારે આવાં સુખ ભોગવાય છે, એ સુખ અપાર છે, એમ કહીને મહારાજનો મહિમા સમજાવે એટલે ઝટ કામ થઈ જાય. નહિતર ઘણે કાળે આ કામ થાય નહિ. આગળ જુઓને! લાખ લાખ વર્ષની આવરદાવાળા તથા તપ વ્રત કે ધર્માદિક સાધનવાળા સૌભરી, ચ્યવન, ઉદ્દાલક એવા એવાના દાખડા પાર વિનાના. લાખો વરસ જીવતા તો ય આ ઘડીમાં મરવું છે એવું માની સાધન કર્યા કરતા તેની વાતો સાંભળી છે, પણ કોઈનાં આવાં કામ થયાં નથી. લોમેશ ઋષિ તો ઇંદ્ર નાશ પામે ત્યારે નાહવાની આળસે છાતીનો એક મોવાળો તોડી નાખે; એમ કરતાં છાતી મોવાળા વિનાની થવા આવી ત્યારે એટલો કાળ વીત્યો; ત્યારે તેને કેવો ખપ હશે? તો પણ મહારાજના

જોગમાં જે જે આવ્યા તેનાં કામ થયાં, માટે મહિમા જાણી પોતાનું પૂરું કરી લેવું. ॥ ૧૫૧ ॥

## વાર્તા ૧૫૨.

ધ્યાનની વાત નીકળી ત્યારે સ્વામી કહે કે, દિવ્યભાવે સમગ્ર મૂર્તિ દેખાય એ જીવ સત્તાએ ધ્યાન થયું જાણવું. ચરણારવિંદ સામું જોવાય અને બીજાં અંગ ન દેખાય ત્યારે દેહભાવથી જોવાણું. સમગ્ર દેહ નેત્રમય હોય તો ક્યાં ન દેખાય? તેમ અનાદિમુક્તને રોમે રોમે જોવાપણું અને સાંભળવાપણું છે, કેમ કે તે મૂર્તિમાં રસબસ છે માટે આપણે તો પુરુષોત્તમરૂપ પોતાને માનીને રસબસભાવે પ્રતિલોમપણે મૂર્તિ ધારવી. એટલે મહારાજનાં હાથે હાથ, ચરણે ચરણ, મસ્તકે મસ્તક, ભાલે ભાલ એમ સળંગ જુએ ત્યારે એને ને મહારાજને છેટાપણું કેટલું? તો એને અણુ જેટલું ય છેટું નહિ. મહારાજ આગળ મુક્તનું પરતંત્રપણું કેટલું? તો મહારાજ દાતા અને મુક્ત સુખના ભોક્તા. સ્વામી-સેવક અને નિયંતા-નિયામ્ય; એમ દાસભાવ સદા રહે. એ જાણે કોણ? તો એવી સ્થિતિવાળા. ચર્મચક્ષુવાળાને એવું ભેગાપણું ન સમજાય તેથી યથાર્થપણે જાણી શકે નહિ. આપણે તો બાપાશ્રીના જોગમાં આવ્યા એટલે એમની કૃપાથી મહારાજ અને મુક્તનું ભેગાપણું જેમ છે તેમ સમજાઈ ગયું અને દેખાઈ પણ ગયું. માટે આપણે મહારાજના સુખે સુખિયા રહેવું અને એ પ્રાપ્તિના સાધનમાં કથા-વાર્તા સાથે મહારાજ અને મોટાના આશીર્વાદ લેવા.

જેમ બાપને દીકરામાં, ગાયને વાછરડીમાં હેત છે તેમ આવા સંત હરિજનમાં હેત બંધાય તે ભક્તિ કહેવાય. માટે

પહેલું તો ભગવાનમાં હેત કરવું. જુઓને! વ્યવહારમાં જ્યારે હેત વધે ત્યારે ખરો સંબંધ થાય છે, તેમ આપણે હેત સાથે પ્રાપ્તિનો વિચાર કરવો જોઈએ. ભક્તિ તો નવ પ્રકારની કીધી છે તેમાં સેવા પણ છે. તો યે નિશાન વિનાના ભડાકા થાય એટલે કલ્યાણની હા ન પડે. તેથી બળ આવતું નથી. આપણે તો મહારાજની મૂર્તિ એ જ નિશાન છે. તે જુઓને, હેતવાળા સાથે મૂર્તિ બોલે છે, જમે છે, એ પ્રગટની ભક્તિ સમજવી. દિવ્યભાવવાળાને તો મહારાજે પ્રગટ, મુક્તે પ્રગટ ને સ્થાન પણ પ્રગટ, તેથી તેને આવી ભક્તિ તુરત આવી જાય. કેટલાક તો એમ કહે છે કે એ તો આગળ વાતો થઈ ગઈ. હવે નહિ. તેને તો તે દહાડે પ્રગટની ભક્તિ નહિ હોય અને આજે ના પાડે છે અને હજી નહિ સમજે ત્યાં સુધી તેનાથી પ્રગટની ભક્તિ થઈ શકે નહિ. ॥ ૧૫૨ ॥

## વાર્તા ૧૫૩.

મહારાજ સંવત ૧૮૩૭માં પ્રગટ થયા ત્યારથી મહારાજનો મહિમા આજ સુધી વધુ ને વધુ સમજનારા સમજ્યા જ કરે છે. પોતે પ્રગટ થયા ત્યારે આ જ્ઞાન તો મહારાજ પાસે હતું જ, પણ બીજાં ધામોમાંથી આવેલા તેમ જ માયાના જીવો આવો સર્વોપરી મહારાજનો મહિમા ક્યાંથી સમજી શકે? માટે એ સૌને જેમ સમાસ થાય તેમ ધીરે ધીરે સમજાવ્યું. એ ટાણે બ્રહ્મજ્ઞાન વધુ હતું, તેથી સંતોને કેટલાક ગ્રંથો ભણાવ્યા. શ્રીજીમહારાજે એક દિવસ બ્રહ્મજ્ઞાનની વાત કાઢી પછી કોઈ સાથે પોતે બોલ્યા નહિ. ફેંટો શિથિલ થયો, નેત્રમાં જળ પડવા લાગ્યાં, એમ ઉદાસી જણાવી. 'તેમાં

કલ્યાણ થાતું નથી’ એમ કહી તેનો સારી રીતે નિષેધ કરી, કોઈને તેનો ભાર આવ્યો હશે તે કઢાવી નાખ્યો. આપણે તો મહારાજ સાકાર અને તેમનું તેજ નિરાકાર. મૂળ માયામાં રહ્યા જે વૈરાજ, પ્રધાનપુરુષાદિ કોટાનકોટી છે તે સર્વે દેહદેહી ભાવવાળા છે ને તેમના ચૈતન્ય સર્વે નિરાકાર છે; અને માયાથી પર જે મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ અને અક્ષર એ સર્વેમા દેહદેહી ભાવ નથી અને સાકાર મૂર્તિ છે તો પણ તેમને નિરાવયવ (નિરાકાર) કરી મહારાજ સત્સંગમાં લાવી પોતાના સ્વરૂપનું જ્ઞાન ઉપાસના કરાવે છે ત્યારે એ સર્વે આત્યંતિક મોક્ષને પામે છે અને અક્ષરાતિત મુક્તની પંક્તિમાં ભળે છે અને સદા સાકાર થાય છે. માટે મહારાજે વચનામૃતમાં પોતાને અને પોતાના મુક્તને સદા સાકાર કહ્યા છે. આત્મનિષ્ઠા કરવાનું કહ્યું તેમાં પણ બીજે અટકવાનું નહિ. તેમાં પણ સર્વના આત્મા મહારાજ એને વિષે નિષ્ઠા એ ખરી આત્મનિષ્ઠા. આમ બહુ જ ચોખવટ કરી છે. ॥ ૧૫૩ ॥

## વાર્તા ૧૫૪.

એક વાર સભામાં હરિભાઈએ પ્રાર્થના કરી કે સ્વામી! બધાયના મેલ કાઢી નાખજો. ત્યારે સ્વામી બોલ્યા જે, વિશલ્યકરણી ઔષધી પીએ એટલે મેલ નીકળે. એ વિશલ્યકરણી ઔષધી તે મહારાજની મૂર્તિ. બીજી ઔષધીથી મેલ ન નીકળે. મેલ તે શું? તો દેહભાવ. માટે દેહભાવવાળાને એ મેલ કાઢી નાખવા મૂર્તિનું મનન કરવું. મહારાજ સત્ય સંકલ્પ છે માટે જે કરે તે થાય. ગામ સુવેરના મહારાજા જગતસંગ હતા; તે શ્રીજીમહારાજનું ધ્યાન બહુ કરતા. તેમનો

દેહ રહ્યો ત્યાં સુધી કોઈ દિવસ ગળ્યું-ચીકણું ખાધું નહોતું એવા એ પૂર્વના સંસ્કારી ત્યાગી જેવા હતા. તે ચરણરજથી બહુ કામ કરતા, જેને કાંઈક દુઃખ થાય તેને માથે એ ચરણરજ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' કહી ભભરાવતા કે દુઃખ તુરત મટી જતું. એ સત્તા એની ન હતી, એ તો મહારાજની હતી. મહારાજની મૂર્તિ સૌને મળી છે તે ચિંતામણિની પેઠે જેવું ચિંતવે તેવું આપે છે. તેમાંથી આપણે મૂર્તિનું સુખ લેવું છે. માટે એમ જાણવું જે એ મૂર્તિ મળી એટલે બધું ય સુખ આવી ગયું. વૈકુંઠ, ગોલોક કે અક્ષરધામમાં ગયા એમ કહે છે પણ આપણે ધામનું નહિ, આપણે તો ધામના ધણીનું કામ માટે ધામ દેખવાની ઇચ્છા રહે તેની પણ ના પાડી છે, જો ભગવાનને ઇચ્છા હોય તો ભલે દેખાડે. ધ્યાન ભજનમાં અખંડ રહે તેને આવી વાતની ખબર પડે, કેમ કે ધ્યાનમાં કાંઈ વિઘ્ન કરે તેને માયા કહી. તે ધ્યાન કરતા હોય તે જાણે કે માયા આ રૂપે નડવા આવી. મહારાજે પ્રથમથી જ આ લોકમાંથી વૃત્તિ ઉખાડી આપણને એમ કરવા શિખવ્યું માટે બધેથી હેત તોડી ભગવાન અને મુક્તમાં હેત કરે તો દેહભાવ ટળે ને દુઃખ જાય. જેમ આપણે સત્સંગી થયા એટલે ગાંજા, ભાંગ આદિનાં વ્યસન મૂક્યાં તો એનાં દુઃખ પણ મુકાણાં, અને સત્સંગનું સુખ પણ આવ્યું. પછી આપણે વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, અક્ષરધામ, એકાંતિક, પરમ એકાંતિક, અનાદિ એ બધી વાતો જાણી તો તેટલા સુખિયા થયા. એ રીતે જેમ જેમ મહારાજ અને મોટાનો સંબંધ રાખે તેમ તેમ સુખ આવતું જાય. જેમ શિવજી હોય ત્યાં કૈલાસ કહેવાય તેમ વૈકુંઠ, ગૌલોક, અક્ષરધામ આદિક એના ધણી હોય ત્યાં બધું ય ભેળું જ હોય.

માટે આપણે જ્યાં મહારાજ, ત્યાં અક્ષરધામ અને અનંત કોટી મુક્ત જાણવા. અને દેહની દૃષ્ટિએ જોઈએ તો ય ખબર પડે. જેમ નેત્ર ઇંદ્રિયના દેવ સૂર્ય અને તેના દેવ કોણ? તો પરમાત્મા. એ હોય ત્યારે ક્રિયા સિદ્ધ થાય છે, તેમ દરેક ઇંદ્રિયનું જાણવું. એ જ રીતે દરેક બ્રહ્માંડનાં કારખાનાં ભગવાન વિના સિદ્ધ થતાં જ નથી, પણ જીવને જ્ઞાન વિના ખબર પડતી નથી. તે ઘણા કાળ થયા અને જ્યાં ત્યાં જન્મ ધર્યા તે એટલા બધા કે સમુદ્રના પાણી જેટલું દૂધ ધાવ્યાનું મહારાજે લખ્યું, એટલો કાળ વિત્યો તો ય જ્ઞાન વિના સુખ ન આવ્યું. માટે મહારાજ અને મોટા મુક્તના જોગે સુખિયા થઈ જવું, કેમ કે આવો જોગ આવવો બહુ દુર્લભ છે. ॥ ૧૫૪ ॥

## વાર્તા ૧૫૫.

ઇંદ્રે અભિમાન ધર્યું તો કાર્ય સિદ્ધ ન કરી શક્યો. પછી ભગવાનને પ્રાર્થના કરીને કહ્યું કે મહારાજ! મારે ઇંદ્રાસન નથી જોઈતું. ઇંદ્રાસનથી મને અભિમાન આવ્યું તેથી ખોટ બહુ આવી. હવે મને વ્રજમાં ગોવાળને ઘેર જન્મ આપો કેમ જે, શ્રીકૃષ્ણ ભગવાન ત્યાં સખા અને મિત્ર ભાવે વર્તે છે તેવો મોટો લાભ છે. વળી બ્રહ્મા તો ચૌદ લોકનો ધણી તો પણ તેણે વ્રજમાં વૃક્ષવેલીનો અવતાર માગ્યો તે બ્રહ્મા તો શતધૃતિ કહેવાય, એટલે સો આપત્કાળે પણ ધીરજ ડગે નહિ એવું એનું અંગ, પણ જ્યારે જાણ્યું ત્યારે આમ માગ્યું. માટે મહિમા જાણ્યા વિના સમજાય નહિ. આપણે તો જ્યારે જ્યારે આવી વાતો થાય ત્યારે સિદ્ધાંતમાં મહારાજ જ લાવવા. જેમ નહેર ખોદીને પાણી લાવવાનું કરે તે પાણી લાવે ત્યારે શાંતિ પામે. તેમ

આપણે મહારાજની મૂર્તિના સુખનો રસ લેવો. આપણને મનુષ્ય દેહ મળ્યો છે તેમાં બુદ્ધિવાનને બુદ્ધિનું ફળ ક્યું? તો અનંતકોટી બ્રહ્માંડના પતિ પુરુષોત્તમનારાયણ તેમના સ્વરૂપમાં વૃત્તિ રાખવી તે. વૃત્તિ રાખનાર અને મૂર્તિ તો જુદી છે. એ રીતે વૃત્તિ રાખે તેને નેત્ર, શ્રોત્ર, ત્વચા આદિ ઇંદ્રિયોની વૃત્તિથી સુખ લેવાય તેટલો દેહભાવ. આપણે તો તે થકી વિલક્ષણ ચૈતન્યરૂપ છીએ. દેહભાવમાં તો નોખી નોખી વૃત્તિ રહે અને આમાં તો બધીએ એક વૃત્તિ થઈ જાય. માટે પહેલાં કહી એ માયિક વૃત્તિ અને પછી કહી તે દિવ્ય વૃત્તિ. એ થયું બુદ્ધિવાનની બુદ્ધિનું ફળ. આવું વિચારે નહિ ને મોટા કહેવાતા હોય તે મોટા તો કહેવાય, પણ વ્યવહારની કોરે મોટા. ભગવાનની કોરે મોટા તો તે જ કે જે સર્વ જગતને તૃણ સમાન જાણી એક મૂર્તિમાં જ જોડાય અને ત્યારે જ બુદ્ધિમાન કહેવાય. જુઓને! લાલા બાબુએ કેટલું દ્રવ્ય ધર્મમાં વાપર્યું હતું પણ ફક્ત સવા રૂપિયાની શીશી મહારાજ પાસે લાવ્યા તેનું ફળ કેટલું થયું! પોતાના સાત કરોડ રૂપિયાનું દાન કરી અભ્યાગતની ભિક્ષામાંથી પોતે જમતા એટલું કરેલું, તો ય મહારાજ કહે, એણે જેટલું કર્યું હોય તેટલું ભલે કર્યું, પણ આટલું લેખે આવ્યું. એમ કહી સંતોની નાસિકાએ અત્તર ચર્ચ્યું અને કહ્યું કે, 'બીજા ભેખ થાશે ધૂળધાણી, રહેશે તમારા મુખનું પાણી.' એમ સંતો પર પ્રસન્નતા જણાવી બોલ્યા જે, સાત કરોડના પુણ્યે કામ ન થયું અને આ સવા રૂપિયો લેખામાં આવ્યો. હવે એ સત્સંગમાં જન્મ ધરશે. તેમ આપણે પણ ઘણા ય જન્મ ધર્યા હશે પણ કલ્યાણને અર્થે બુદ્ધિ કામ ન આવી, નહિ તો શું રાજાના દેહમાં બુદ્ધિ નહિ હોય? હશે, પણ

કલ્યાણના કામમાં ન આવી, માટે ગણાણી નહિ. તેમ આપણને આવો જોગ મળ્યો છે એટલે બુદ્ધિ કામમાં આવી છે, તેથી મહારાજની આજ્ઞા પળાય છે, અને જેટલી આજ્ઞા પાળે છે તેટલું આત્મસત્તાપણું કહેવાય. કેમ કે આજ્ઞા પળાવનાર વિના પળે એવી નથી. હરાયું ઢોર તેને ધણી સાચવે તો જ રહે, નહિ તો ન રહે. તેમ જીવે તો હરાયાવેડા, ચોરીયું અને અનીતિ જ કરી છે તેને શું ખબર પડે? જે આટલું બોલવું - આટલું ખાવું-જોવું! તે તો એના ધણી મહારાજ મળ્યા તેમણે પળાવ્યું તો પળાણું. નહિતર આગલા સ્વભાવ પ્રમાણે તો હરાયાવેડા કર્યા હોય તે બધા સાંભરી આવે એટલે આજ્ઞા ન પળે પણ ભગવાનને ભગવાન જાણ્યા એટલે આજ્ઞા પળે. આગલા ઠરાવ હોય ત્યાં સુધી મૂર્તિનું સુખ આવતું નથી. બહારના સંત અને માંહીલા સંત અને બહારનો કુસંગ અને માંહીલો કુસંગ તેમાં જેની પુષ્ટિ થાય તેનું પ્રધાનપણું થાય. માટે બહારના કુસંગથી છેટે રહેવું અને માંહીલા સંતનો ભેળીસારો રાખવો. જેને માંહીલો કુસંગ કાઢી નાખવો હોય તેને મહારાજ અને મુક્ત વિના બીજું કાંઈ રાખવું નહિ. આપણને મહારાજ મળ્યા તે દિવસનું બધું ય કાઢી તો નાખ્યું છે પણ એ વાતનું આપણે મનન નથી કર્યું તેથી સમજાતું નથી. જુઓને! મહારાજની કેટલી દયા! તે સમજાવી સમજાવીને સત્સંગી કરે છે અને કહે છે કે આ સત્સંગ બધો દિવ્યરૂપ છે. અમે જે જે કર્યું તે લીલારૂપ છે. આ બધું સંભારે તેનાં કલ્યાણ થાય છે. આવાં કારખાનાં ન ઉપાડ્યાં હોય તો આવું સુગમ ક્યાંથી થાય? ન જ થાય. સત્સંગ બધો ય દિવ્ય છે પણ જેને વિશ્વાસ ન હોય અને દેહાભિમાન હોય તે દિવ્ય ન માને. એ

એના સ્થાનનો ફેર છે તેથી એ વાત સમજાતી નથી. એ માટે મહારાજે આટલી બધી મહેનત કરી છે, અને હજી પણ મોટા મોટા મુક્તો રાખ્યા છે તે સત્સંગનું પોષણ કર્યા કરે છે, તેથી સત્સંગ કેવો શોભી રહ્યો છે! તે બધી મહારાજની દયા. આવા મહારાજના સિદ્ધાંત સૌને કબૂલ કરવા પડશે, નહિ મનાય ત્યાં સુધી દુઃખ છે. આ લોકમાં કોઈના ઠરાવ ભેગા નહિ ચાલે. લીલા સોનીને મહારાજ અને બ્રહ્માનંદ સ્વામી તેડવા આવ્યા પણ મહારાજ ભેળો ન ચાલ્યો અને તેનાં સગાંવહાલાં ભૂત થયાં હતાં એ બધાં એ ભેગાં થઈને લીલાને ખેંચી લીધો. પછી એ મહારાજે દયા કરી હશે પણ આવું જોતાં કોઈ સાજ ભેળો નહિ આવે. મહારાજ તો કૃપાએ કલ્યાણ કરે છે ને વળી કઠણતાએ વાપરે છે. એમાં બેય છે. પશુને લઈ જાય અને બીજા રહી જાય તે તો 'કઠણતા વજ્ર થકી ભારી, કોમળતા ત્રિભુવન થકી ન્યારી.' વરસાખેરની દીકરીને દીકરો નહિ એ ઠરાવમાં મહારાજે દીકરીને ઘેર દીકરો થાવા મોકલ્યા. એના દાખડા થોડા નહિ પણ વાંધો પડ્યો. એ તો પાછા ઠેકાણે પડી ગયા. બીજાને સમજાવવા મહારાજ આવું કરે, નહિ તો જીવ જ્યાં ત્યાં ચોંટે તેવા છે. આપણે મહારાજની પ્રાપ્તિનો વિચાર કરીએ તો ખબર પડે કે સાધારણ જીવથી આવા મોટા ભગવાનની ઓળખાણ થાય તેમ નથી! તે આપણને એમની દયાથી થઈ એ શું નાનીસૂની વાત છે? પણ દેહભાવવાળાને આવી ખબર ન પડે તેથી જ્યાં ત્યાં અટકી પડે છે અને બીજાં સાધન કરતાં વાસના ટાળવી તે તો કઠણ કામ છે એ વાસના અનંત પ્રકારે જીવને નડે છે, માટે તન, મન, ધન મહારાજને અર્પણ કરવું. એ આજ્ઞામાં બધું ય આવી જાય. આપણે બધા ય

શબ્દ બોલીએ છીએ પણ તેમાં કેટલું થયું અને કેટલું થાય છે તેની ખબર પોતાને પડે. કામ કરવા મજૂર રાખ્યા હોય તે મજૂરને એમ થાય જે પાંચ દિવસ કામ વધુ ચાલે તો કમાણી ઠીક થાય. તેમ ઇંદ્રિયો અને અંતઃકરણ મજૂર જેવાં છે તે બધા ય સંપીને શેઠને જુક્તિથી ભોળવીને પોતાનું કામ લીધા કરે છે. માટે શેઠ એવો જે જીવ તેણે આવા મજૂરને રજા આપી કામ બંધ કરી દેવું, એટલે દેહભાવ કાઢી નાખવો, અને મજૂર વિના હાથોહાથ કામ લેવું. આ મજૂર તો જરૂર પરાધીન કરી નાખે તેવા છે. માટે સ્વાધીન રહેવું. ॥ ૧૫૫ ॥

## વાર્તા ૧૫૬.

સભામાં સંતો પરસ્પર વાતો કરતા હતા ત્યારે સ્વામી કહે આપણે એક શબ્દ રાખવો; મહારાજ અને મુક્ત. જેમ સૂર્યના તેજમાં અંધારું ન પેસે તેમ મહારાજ અને મુક્ત પાસે બીજું પેસે જ નહિ. આ વાત મહારાજ અને મુક્ત બે જ જાણે. બીજા તો 'દેહદર્શી દેખે પોતા જેવા સંસારી'. આ વિના બીજું બધું ય ભૂલવાનું. **'पुण्यपापे विधूय'** - પુણ્ય અને પાપની સ્મૃતિ જ કાઢી નાખવી. મૂર્તિ વિના બીજું કાંઈ સંભારવું જ નહિ. 'આ કર્યું છે', 'આ કર્યું છે', 'આ કરવું છે' એવું સંભારે તો ય મૂર્તિ ભુલાય. આટલું દાન-પુણ્ય કર્યું, આટલી સેવા પૂજા કરી તે સંભારે તો ય ભગવાન ભુલાવે. નિર્વિકલ્પ થયો તેને તો મૂર્તિનું સુખ જ લેવું. કર્તા મહારાજ છે ત્યારે મહારાજ ઉપદેશ કોના માટે કરે છે? તો નથી સમજ્યા તેને શીખવવા માટે. મુક્ત તો મૂર્તિમાં જ છે અને બીજાને મૂર્તિમાં રાખવા પોતે મહારાજ વાતો કરે છે. તેમ જ એ મુક્ત દ્વારે બીજાને મૂર્તિમાં

લાવવામાં કર્તાપણું પણ મહારાજનું જ છે. આવી અખંડ સ્મૃતિ હાલતાં ચાલતાં, ખાતાં પીતાં રાખવી. ઉપદેશ એ વસ્તુ જુદી છે એનું કારણ મહારાજ ઉપદેશ દેહધારીને કરે છે, પણ એ દેહધારી, મહારાજ ઉપદેશ કરે છે એમ જાણે ત્યારે તેને મૂર્તિમાં રાખે. પછી તો એ ઉપદેશ સાંભળનાર પણ એમ જાણે જે મને ઉપદેશ કરતા હતા તે મહારાજ જ હતા. આ રીતે મહારાજ અનેક પ્રકારે મુક્ત કરે છે, કેમ કે મૂળ કર્તા પોતે છે.

શ્રીજીમહારાજે મનુષ્યરૂપે દર્શન આપ્યા પછી બોધ કર્યો જે આ ભગવાન તેજને મધ્યે છે. રોમ રોમને વિષે કોટી કોટી સૂર્યનો પ્રકાશે છે ત્યારે શું પહેલાં પ્રકાશ નહિ હોય? હોય જ. પણ પોતે વાત કરીને સમજાવ્યું ત્યારે આપણે સમજ્યા. અનંતકોટી મુક્તના પતિ મહારાજ, જેને કોઈની ઉપમા દેવાય નહિ તેવા ભગવાને આ લોકમાં મનુષ્યરૂપે દર્શન આપ્યાં અને કોઈના ભાઈ, પુત્ર, કાકા, મામા એમ થઈ અનેકને જેમ ઘટે તેમ સુખિયા કર્યા. પોતે ઉપદેશને અર્થે તપવ્રતાદિ કરીને પોતાના ભક્તોને ભગવાન પામવાની રીત બતાવી. પોતે તો ઐશ્વર્યને ઢાંકવા ઉપર જ તાન રાખતા ને વળી ભગવાનપણું પણ સમજાવી દેતા. નહિ તો ઇંદ્રિયો અંતઃકરણ માયિક છે તેણે અમાયિક ભગવાન કેમ પમાય! પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, અક્ષર એ અનેકના કારણ અને આધાર એ દૃષ્ટિએ એક જ પુરુષોત્તમ ભગવાન. તેના જેવા બીજા કોઈ નહિ. તો પણ તેમની જીવો પર દયા બહુ. જેમ કોઈ મોટો રાજા હોય તે સાધારણ મનુષ્યની રીતે વર્તે, તેમ મહારાજે મનુષ્યરૂપ ધારણ કરી

જીવોને મનુષ્ય ભાવ ટાળી દિવ્ય ભાવ સમજાવ્યો. તે તો કાંટે કરીને કાંટો કાઢ્યો. મહારાજનું કામ જ એ. બીજાં બ્રહ્માંડરૂપ કારખાના ચલાવવાવાળા તો ઘણા ય છે એ કામ તો તેમની પાસે કરાવે અને ખજીનાને ઠેકાણે પોતાનું સુખ ને એની કૂંચી રાખનારા એ એક જ. એ તો પોતે જ સુખ આપે. એ કામ બીજા કોઈનું નહિ. મોટા મોટાએ પણ આપણા ભેળા મળી જઈને આપણને એ જ શીખવ્યું છે. એ અહીં હોય તો પણ એ જ્યાં છે ત્યાં ને ત્યાં જ છે. સભામાં અનેક પ્રકારના મનુષ્ય હોય તેને સમજાવવા મનુષ્યના જેવી રીતે બોલે, પણ એ તો એના એ ઠેકાણે જ હોય. તેમાં એકદેશી જ્ઞાનવાળાને એવા કોઈ વચને કોઈક વખતે મોટાનો અવગુણ આવી જાય પણ સર્વદેશી જ્ઞાનવાળાને એમ ન થાય. એનો તો મહિમા વધતો જાય, કેમ કે એ તો મહારાજ ને મુક્તનો વિનોદ જાણે, તેથી એને તો બધું યે દિવ્ય લાગે. આવી વાત દિવ્યભાવવાળાને તુરત સમજાઈ જાય. જાણ્યા વિના બધાયને વિષે સરખો ભાવ રાખે તેને દિવ્યભાવ સમજવો રહી જાય. ભગવાનને તો મારું તારું નથી. એ ધારે તો સહેજમાં સુખિયા કરી મૂકે. ॥ ૧૫૬ ॥

## વાર્તા ૧૫૭.

લોકમાં કહેવાય છે કે બાળા ભોળાના તો ભગવાન પહેલા છે તે ખરું છે. તે ઉપર વાત કરી જે એક હરિભક્તને મંદિરમાં આવવા-જવાનું બહુ ઓછું હતું, પણ અંતરમાં હેત બહુ હોવાથી મહારાજ તેને વારે વારે દર્શન આપતા. શ્રાવણ માસમાં એક દિવસ અડધી રાત્રે એ મંદિરમાં આવ્યા અને કહે

ઊઠો, સૌ દર્શન કરો; મહારાજ આવ્યા. પણ બીજા ન દેખે; એક એને જ દેખાય. તેથી સૌને કહે જે હાથ જોડો, શું જોઈ રહ્યા છો? તે દિવસે અમે પણ ત્યાં હતા. બીજાને તો એ વાત સમજાણી નહિ અને કેટલાક તો વઢવા લાગ્યા કે રાતના ઠાકોરજીને તથા સંતોને જગાડ્યા, પણ એ વખતે એમ વાત થઈ જે, તેને મહારાજે કારતક મહિને ધામમાં તેડી જવાનું કહ્યું તેથી તે હરિભક્તના સંબંધી અને બીજા કહે જે જો એ કારતક મહિને ધામમાં જાય તો સાચું. પછી તેને કારતક મહિને એક-બે દિવસ સહેજ તાવ આવ્યો ને મહારાજ દેહ મુકાવીને તેડી ગયા ત્યારે સૌએ જાણ્યું જે વાત ખરી થઈ. એવા હોય તે ભોળા કહેવાય. તેને નહાવા-ધોવાનું, માળા, માનસી પૂજા વગેરે ઉપરથી તો બહુ જણાતું નહોતું પણ માંહી હેત ઘણું, તેથી મહારાજ તેડી ગયા. માટે હેત બરોબર રાખવું. પછી મહાદેવભાઈએ પૂછ્યું જે એને નિશ્ચય બરાબર હશે? ત્યારે સ્વામી કહે, નિશ્ચય તો જાડી બુદ્ધિવાળાને તુરત થઈ જાય. ઝીણી બુદ્ધિવાળાને એમ ન સમજાય, માટે એવી બુદ્ધિવાળા કરતાં તો ઓલ્યો સારો. બીજાને તો પોતાના ઠરાવે મનાય પણ મહારાજ કે મોટા કહે ત્યારે ન મનાય. આવી વાતો પણ મહારાજ અને મુક્ત સર્વત્ર છે એમ મનાય ત્યારે સમજાય. મહારાજ કહે આટલી વાત સમજાય ત્યારે કામ ક્રોધાદિક સહેજે જીતાઈ જાય. એવી વાતનો મર્મ સમજાણો હોય તો આનંદ વર્તે. ॥ ૧૫૭ ॥

## વાર્તા ૧૫૮.

દેહમાં દેવ સર્વે ઘર કરી બેઠા છે એને ઉઠાડી મૂકવા તે

કાંઈ નાની સૂની વાત નથી, કેમ કે સૌના ગરાસમાંથી ખસવું તે કઠણ પડે. મોટા મુક્ત વારે વારે ચેતાવે છે કે દેહ ઇંદ્રિયોવાળા આપણને ભોળવી કુસંગી ન કરી નાખે. એવો ખટકો એ રખાવે છે ત્યારે રહે છે. માટે સત્સંગ વિનાના સાથે આપણે હેત ન રાખવું. આપણને મહારાજે નિયમ બાંધી દીધા છે તેથી મંગળા, શણગાર, માનસી પૂજા, સંધ્યા આરતી, જમાડવું, પોઢાડવું, એમાં નવરાશ ન રહે. એ ચિંતવન મુખ્ય થાય એટલે મહારાજ સદાય સાંભરે. માનસી પૂજા પણ શિયાળા, ઉનાળા, ચોમાસા આદિકની જુદી જુદી તેમ જ પ્રત્યક્ષ પૂજા કરનારને પણ અખંડ ચિંતવન થાય. મંદિરમાં ભગવાન બિરાજે છે ત્યાં જળપાન, ચંદન, પુષ્પહાર, શયન વખતે સેવા, ભેટવું એ આદિક સર્વે પ્રવર્તાવ્યું તે દેહભાવથી નોખા પાડવા માટે આવી કળા કરી. તે વિના આવા કુસંગથી નોખું પડાય તેમ નથી, કેમ કે જીવને વાસિતપણું બીજું ઘણું થયું છે તે કાઢવા મહારાજે આટલા દાખડા આપણા માટે કર્યા છે. એમ જણાય તો કામ તુરત થઈ જાય. ॥ ૧૫૮ ॥

## વાર્તા ૧૫૯.

મહાદેવભાઈએ પ્રશ્ન પૂછ્યો જે, ઇંદ્રિયો અંતઃકરણરૂપ માયા અભક્તને દુઃખ દે છે અને ભક્તને તો સુખ પમાડે છે એ શું? ત્યારે સ્વામીશ્રી કહે જે દેહ અને ઇંદ્રિયોનો ગુણ ન લેવો, એને વિષે શત્રુભાવ રાખવો એમ મહારાજે પણ લખ્યું છે. જેને દેવ અને ઇંદ્રિયોના દેવતા છે તે તો હજી સાધનવાળા કહેવાય. મુક્તના દેવ તો મહારાજ છે; એની તો વાત જ નોખી છે. આ પ્રશ્ન સાધનદશાવાળાને સમજવાનો છે, પણ જેને મહારાજ

આધાર થયા તેના દેવ બીજા કોણ? એના દેવ તો મહારાજ. પછી પૂછ્યું જે દેહમાં નેત્રના સૂર્ય આદિ દેવ આધારપણે રહ્યા છે, તે સત્તારૂપે રહ્યા છે કે સાક્ષાત્? ત્યારે સ્વામીશ્રી કહે કે સત્તા ને દેવતામાં જુદાપણું નહિ એ બધું ભેગું. ત્યારે શંકા કરી જે પુણ્યવાળા જે જે શુભ કાર્ય કરે છે તેનો તેને ભાગ આવે કે કેમ? ત્યારે સ્વામીશ્રી કહે જે, જો પુણ્યના ભાગિયા દેવ થતા હોય તો પાપના ભાગિયા પણ થાય. કેમ જે, આ લોકમાં પુણ્ય કરતાં પાપ ઘણાં થાય છે, માટે પાપ કે પુણ્ય એ કાંઈ એને લાગતું નથી, કેમ કે કર્તાપણું એ કોઈને વિષે નથી. જેમ આપણે આ બારણામાંથી ચાલ્યા જઈએ અને ભીંતમાંથી ન જવાય ત્યારે શું ભીંતનું કલ્યાણ ન થાય ને બારણાનું જ થાય? એમ ઇંદ્રિયોના ગોલક એવા છે. ચૈતન્ય વિના અને ચૈતન્યના આધાર વિના કાંઈ કાર્ય જ ન થાય. એ આધાર અન્વય વ્યતિરેક છે કે કેમ, એ રીત જણાવી. ભગવાનને પામવાની રીત તો અનંત પ્રકારની છે, તેમાં પણ આ રીત સમજવી, જે ગમે તેવાં સુખ-દુઃખ આવે તેમાં મહારાજ કહે અમારા વિના એ સુખ-દુઃખનો દેનારો બીજાને ન જાણે એવો વિશ્વાસ આવે ત્યારે બધું સમજાય. જે કાંઈ છે તે તે આપણને શીખવવા માટે છે એમ સમજવું, પણ જોગ કરવામાં અને મહિમા જાણવામાં અટકવું નહિ; કેમ કે મહારાજના મહિમાનો કોઈ પાર પામતું નથી. સર્વોપરી મહારાજ છે એ તો શબ્દ થયો પણ એનો ઉત્તર કરો. ત્યારે મહાદેવભાઈ કહે મને આવું સમજતાં ન આવડે. ત્યારે સ્વામી કહે શબ્દે ન અટકવું, અર્થ ને ઉત્તર બે નોખા છે એમ કહીને બોલ્યા જે અર્થ તે વસ્તુ જે મહારાજ ને મુક્ત તે સદાય ભેળા રહે અને ઉત્તરમાં તો મુખેથી કહેવાનું જ પણ

રહેવાનું તો થાય ત્યારે. ત્યાં સુધી ઉત્તર, અર્થ નહિ. માટે જે જે શબ્દ કહેવો ત્યારે અર્થમાં નજર પહોંચાડવી, ઉત્તરમાં અટકવું નહિ. જેમ આપણે 'ઘનશ્યામ મહારાજ' બોલ્યા તે મૂર્તિ તદાકાર થાય તો અર્થ, ને અમથા કહીએ તો ઉત્તર. તેમ પોતે મુક્ત થઈને મૂર્તિ ભેળો રહે તે અર્થ. જેમ અમારે કરાંચીએ આવવું હોય ને રેલે બેઠા પછી બીજા કહેશે એ કરાંચી ગયા; તો પણ તે ઉત્તર, ને કરાંચી બેઠા હોઈએ તે અર્થ, એમ સમજણના ભેદ છે. એ સ્થિતિવાળાના વચનથી જ ખબર પડે. એક હરિભક્તની દીકરી દેહ મૂકી ગયેલ તેના વાંસે થાળ કરવાનો કાગળ કોઠારમાં આવેલ હતો તેમાં તે બાઈ ધામમાં ગયાં છે એમ લખેલ નહિ પણ એ 'ધામમાં આવ્યાં' એ લખ્યું હતું. એ સમજણ અર્થવાળી. ॥ ૧૫૯ ॥

## વાર્તા ૧૬૦.

સ્વામીશ્રી કહે કે હું ધોળકે હતો ત્યાં બાપાશ્રીએ મને દિવ્યભાવ સમજાવ્યો. ત્યારથી માંહેલા-બહારનાં બંધન છૂટ્યાં ને હેત થયું. પછી મહારાજનાં અલૌકિક દર્શન થયાં ત્યારથી તો કેવળ મૂર્તિ જ ગમે છે. બીજો વ્યવહાર સારો ન લાગે. મોટા મુક્ત અને મહારાજની કૃપાએ આવાં કામ થાય છે. સદ્. શ્રી હરિનારાયણદાસજી સ્વામી જેવા મોટાની તો વાત જ જુદી. તેમને તો મૂર્તિ વિના બીજું કાંઈ હતું જ નહિ. સ્વામી કહે, એક વાર મને મહંતાઈ લેવાનું કહેવામાં આવ્યું કે વૃંદાવનદાસજી! તમે મહંતાઈ લો. ત્યારે મેં કહ્યું હમણાં તો મારા દેહનું ય ઠેકાણું રહેતું નથી. ત્યારે કારભારી હરિભાઈએ કહ્યું કે હમણાં એવા થઈ ગયા છે ખરા એટલે એ વાત રહી.

વળી બીજી વાર આચાર્ય મહારાજશ્રીએ પોતાની પાસે તેડાવીને મહંતાઈ કરવા કહ્યું. ત્યારે મેં એવી પ્રાર્થના કરી કે, મહારાજ! તમે ભગવાનના પુત્ર છો તે તમારું વચન લોપાય નહિ, પણ મને મૂંઝવણ થાય તેથી હાથ જોડું છું. તમે રાજી રહો ને બીજાને સોંપો તો હું રાજી. એ સમે મહારાજની કૃપાએ આંખોમાં હેતનાં આંસુ આવી ગયાં એ જોઈ આચાર્ય મહારાજશ્રી બહુ રાજી થયા અને આપણું પણ કામ થયું. એમ મહારાજ અને મોટાના રાજીપાથી કામ થાય છે. મારા પર બાપાશ્રી રાજી થયા એ કૃપાની વાત હું જાણું છું ને મહારાજ જાણે, બીજાથી એ જણાય નહિ. આટલું આશીર્વાદથી થાય છે. હવે કોઈ બિચારા મોટાને ઓળખી ન શકતા હોય ત્યારે હું એમ જાણું જે એ બિચારાને મારી પેઠે હશે, પણ કોઈનો અવગુણ ન આવે. એ બધી વાત મહારાજના હાથમાં છે અને એ સૌને જાણે છે. એક ગામમાં કોઈ ડોશી હરિભક્ત હતાં તેની ક્રિયામાં ઠીક જેવું ન જણાય. તે ઘરમાં છોકરાને પણ ગમે નહિ એવું, પણ તેનું હૃદય ભોળું તેથી તેને બીજે ને ત્રીજે દિવસે મહારાજનાં દર્શન થાય. એવાની વાતો મહારાજ જ જાણે. ॥ ૧૬૦ ॥

## વાર્તા ૧૬૧.

આપણે બીજા સામી દૃષ્ટિ ન રાખવી. નિશાન ચૂકવું નહિ ને મુકામ મૂકવું નહિ! નિશાન શું? તો મહારાજ. મુકામ શું તો મૂર્તિમાં રહેવું તે. આ વાતમાં એમ સમજવાનું કે દેખાવ મહારાજનો ને મુક્ત ભેળા રહે. જેને સમજતાં ન આવડે તે ગમે તેમ કહે. એ સુખે રહે ને જેમ સમજાય તેમ સમજે, કારણ

કે મુક્ત કહે તો ય મહારાજ ભેગા છે અને મહારાજ કહે તો ય મુક્ત ભેગા છે, એમાં નોખું પડે તેમ નથી. મહારાજ તથા મોટાનો અભિપ્રાય એવો છે કે સભામાં મરજાદા રાખીને બોલવું, પણ એવા ઠેકાણે બોલવાની મરજાદા રહેતી ન હોય તેને આ વાત ક્યાંથી પમાય? કચેરીમાં બોલવા માટે વકીલ રાખે છે તેથી કોઈ મરજાદા વિના બોલી ન શકે. અહીં તો કેટલાક ન સમજનારા સભામાં આડુંઅવળું બોલે છે તે જોઈને મહારાજ અને મુક્ત હસે છે કે, જુઓને! મને ગોતવા કેવા દાખડા કરે છે! કોઈ ન સમજતા હોય તે વળી ધોખો કરે પણ મહારાજને તથા મોટાને સદાય દયા જ હોય. સુધન્વા ને અર્જુન બે ય લડતા હતા તેમાં ભગવાનપણું નક્કી કરવાની વાત હતી. તે જ્યારે સુધન્વાનું માથું ઊડી ગયું ત્યારે નિર્ણય થયો તેમ જ્યારે સભામાં અહંમમત્વથી પરસ્પર બોલવા જેવું થતું હોય ત્યારે મોટાને તો કાંઈ હોય જ નહિ, પણ તેમાં કેટલાયનાં રૂપ ઉઘાડાં થાય. એવા ટાણે સ્થિતિ ન ફરે ને બહાર ન નીકળી જવાય એ મહારાજની દયા. આપણે તો મહારાજ અને મુક્ત એટલામાં જ રહેવું. ॥ ૧૬૧ ॥

## વાર્તા ૧૬૨.

જેમ ધનવાનને ધનનો કેફ રહે છે તેમ આપણે મૂર્તિનો કેફ રાખવો. કેટલાક કહે છે તમે મૂર્તિની જ વાતો કરો છો પણ તેને આ વાત હાથ નથી આવી તેથી એમ કહે છે. એ તો સૌ સૌના વર્ગ નોખા છે. જેમ એકડિયામાં એકડિયાના ભણાવનાર નોખા, અને બીજી, ત્રીજી ને સાતમી ચોપડીઓવાળાના માસ્તર નોખા ને ભણતર નોખું. તેમ આવું

ભણનારને આ વાત સાચી ને એકડિયાવાળાને એકડિયાની સાચી, કેમ કે ભણાવનારમાં આ બધી વાત રહી છે. જેમ ચાલોચાલ, એકાંતિક, પરમ એકાંતિક, અનાદિ એ સૌ સૌના સિદ્ધાંતમાં સૌને ઠીક પડે તેમ જીવન મુક્ત, વિદેહી ને કૈવલ્ય એવી સ્થિતિ પણ સમજવાની. એ સમજાય તો આ ભણતર કયા વર્ગનું છે તે સમજાય. મહારાજે તો મૂર્તિમાં જોડવા માટે જ બધી રચના કરી છે અને બ્રહ્મરૂપ થવું એટલે બ્રહ્મ કહેતાં મૂર્તિનું તેજ તે રૂપ થવું, એ રસ્તો છે. પછી તો મૂર્તિની સત્તાએ ખેંચાઈ જાય છે. તે જેમ સૂર્ય આઠ મહિના સુધી કિરણો વડે જળ ખેંચે છે અને ચાર મહિના વૃષ્ટિ કરે છે તેમ જીવને મહારાજની મૂર્તિ સુધી જવાની સત્તા નથી, તો પોતાના તેજની કિરણો વડે મહારાજ તેને ખેંચી લે છે ત્યારે એ સાકાર થઈ જાય છે. પછી તો મહારાજ સ્વામી અને ચૈતન્ય સાકારરૂપે થયો એ સેવક. એમાં ખેંચવાની શક્તિ મહારાજની. આ વાત સમજે તો મહારાજનો મહિમા વધુ સમજાય અને જેટલો મહિમા સમજાય તેટલું હેત થાય. પછી તો નાસ્તિકપણું તથા કામ ક્રોધાદિક સર્વે દોષ ટળી જાય છે, અને ત્યારે જ મહારાજ સર્વત્ર રહ્યા છે તથા સર્વમાં કારણપણે રહ્યા છે તેની ખબર પડે છે. મહારાજે જગન્નાથપુરીનું દૃષ્ટાત દઈને કહ્યું છે જે તેમાં રહીને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ જોતાં. એવી વાર્તા મૂર્તિઓનો તથા સંતનો મહિમા સમજાવી નાસ્તિકભાવ ટળાવવા માટે કરી છે. ॥ ૧૬૨ ॥

## વાર્તા ૧૬૩.

એક સમયને વિષે સ્વામીશ્રીએ ગોધાવીના માસ્તર

જગન્નાથભાઈને વાત કરી જે જીવને કાર્યમાં બહુ તાન છે પણ કારણ મૂર્તિ વિના કારણ શરીર ટળે નહિ માટે ધ્યાન ભજનનો આગ્રહ રાખવો. મંદવાડમાં જેમ તણાઈ જવાય છે તેમ સર્વે ક્રિયામાં મૂર્તિમાં વૃત્તિ રાખવી. મોટાને વિષે હેત, વિશ્વાસ અને મહિમા હોય તો બહુ કામ થાય. આ સમય અને આ જોગ બહુ ભારે છે માટે મૂર્તિના સુખમાંથી નવરું થવું નહિ. આપણે તો 'હું અને મારો ઠાકોર, બીજું જગત કાણું; ઠાકોર બેઠા પારણે અને દોરી હું તાણું.' એટલું જ ગમે. હું અને મહારાજ બે જ છીએ. હું મુક્ત અને મહારાજ સ્વામી; એ બે વિના બીજું કાંઈ છે જ નહિ. ॥ ૧૬૩ ॥

## વાર્તા ૧૬૪.

સ્વામીશ્રીએ માસ્તર જગન્નાથભાઈને વાત કરી કે, જેમ વહાણમાં બેસે તેને સમુદ્ર તરવો પડે નહિ, વગર દાખડે સહેજે ઉલ્લંઘી જવાય તેમ મોટા પુરુષનો આશરો કરે તેને કાંઈ કરવું બાકી રહે નહિ. મોટા પુરુષ ઊંચી પદવીને પમાડે છે. જેમ વિલાયતના રાજાને અમલદારો હોય છે, તેમ શ્રી સ્વામિનારાયણ ભગવાન રાજા છે અને બીજા અવતારો એમના અમલદારો છે. એવા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને તેમણે કૃપા કરી અનાદિમુક્તની સ્થિતિ જેમ છે તેમ સમજાવી અનંત જીવોને મૂર્તિમાં રસબસ રાખી સુખિયા કર્યા છે. આવી સર્વોપરી ઉપાસના, મહિમા અને સ્થિતિની વાતો અ. મુ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા મોટા સંતોએ બહુ જ દાખડા કરીને સમજાવી છે, પણ જીવોને અનાદિ કાળના માયાના પાશ લાગ્યા છે અને દેહાભિમાન

મુકાણા નથી એટલે સમજી શક્યા નથી, તેથી બાપાશ્રીએ પણ દયા કરી વચનામૃતમાં બધા ખુલાસા કરી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરી છે તેમ જ પોતાની વાતોમાં પણ એવી જ સર્વોપરી સ્થિતિ, મહિમા, ઉપાસના, દિવ્યભાવ વગેરે વાતો મુખ્યપણે સમજાવી ઘણો જ પરોપકાર કર્યો છે; અને તે પુસ્તકો વાંચનાર, સાંભળનાર અને તેનાં દર્શન કરી રાજી થનાર ઉપર અત્યંત રાજીપો જણાવી આત્યંતિક મોક્ષનો આશીર્વાદ આપ્યો છે. આ વાત બાપાશ્રીએ વઢવાણમાં ડો. મણિલાલભાઈને પણ આવી રીતે જ કરી હતી અને કહ્યું હતું કે આ પુસ્તક વાંચશે તેને અમે તેડવા આવશું અને મૂર્તિના સુખમાં રાખશું. આમ જીવો ઉપર તો મોટાની અનહદ કૃપા છે તેથી જો મહારાજનાં અને મોટાનાં વચન અધ્ધરથી ઝીલે તો બહુ ભારે કામ થઈ જાય. ॥ ૧૬૪ ॥

## વાર્તા ૧૬૫.

મહારાજ કહે અમારી ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ લીલા વિચારે તો મહિમા સમજાય. એમાં તો એ સમજવાનું છે જે કર્તા એક મહારાજ જ છે. એ વિના બીજો કોઈ કરનાર નથી. ઇયળમાંથી ભમરી થઈ તે કાંઈ ભમરી નથી કરતી પણ કરનાર કરે છે. એક વાર વાયુ, અગ્નિ, વરુણ આદિ દેવને મહારાજે કહ્યું જે, તમારું કામ શું? તો કહે ઉડાડીએ, બાળીએ, પલાળીએ, આમ કરીએ, તેમ કરીએ. પછી આજ્ઞા કરી; પણ આકડાના તુરને ઉડાડવા તથા બાળવા, પલાળવાનું ય કોઈ કરી ન શક્યા તેથી સભામાં ભોંઠા પડ્યા. તો ય ફરી વાર મહારાજ કહે, તમે તેમ કરી શકતા હો તો કરો. એવા

વચનથી તો એમને વધુ માન ભરાણું તેથી કહે અમે આ સેવા નહિ કરીએ પણ પછી ખબર પડી કે મહારાજે અમારી ભૂલ ઓળખાવી છે ત્યારે નિર્માની થયા. આ રીતે મહારાજ પાસે બીજા કોઈ પોતાનું ધાર્યું કરી શકે જ નહિ. આવી સમજણ આવે તેને ઘાટ સંકલ્પ ટળી જાય ને મહિમા સમજાય. ભગવાનને રાત્રિ-દિવસ નહિ, મારું તારું નહિ, સુખ દુઃખ નહિ, ક્યાંય ન હોય તેમ નહિ. તેમ જ એમના મુક્ત પણ સર્વત્ર એ મૂર્તિને ભાળે. મહારાજ કર્તા અને મુક્ત અકર્તા એમ સમજાય ત્યારે સ્વામી-સેવકભાવ સિદ્ધ થાય. મહારાજ દાદાખાચરના દરબારમાં ઘણું રહ્યા તેનું કારણ તેમણે સર્વસ્વ અર્પણ કરી પોતાપણું ટાળી નાખ્યું હતું માટે રહ્યા. વળી અમરો ખાચર તો મંદિરમાં આવે ત્યારે આળોટતા આળોટતા આવીને શ્રી ઠાકોરજીનાં દર્શન કરે. એક વખત અમે સભામાં બેઠા હતા ને એવી રીતે આળોટતા આવ્યા. એ કેવો મહિમા! કેવું દાસપણું! નહિ તો રાજાથી એવું ન બને. પણ આમને તો પોતાપણું જ નહિ. મહિમા સમજ્યા હોય તેને મહારાજથી કાંઈ અધિક ન મનાય, નહિ તો વાંસે છોકરાના ઉચાટ કરે જે એ કેમ કરશે? તે ઉપર વાત કરી જે માધવજીએ તેના બાપને કહ્યું જે બાપા! તમે હાથ ઠારજો એટલે સત્સંગમાં જે સેવા કરવી હોય તે કરજો પણ અમારા ઉચાટ કરશો નહિ. આવા ભક્ત દેહરૂપ જણાતા હોય તો ય દેહરૂપ નહિ, નહિ તો બીજા પણ એમની સાથે રહેતા હતા પણ એના ઠરાવ એવા નહિ. આવી વાતો જે દેહ ટાળે તેને કામ આવે એવી છે. દેહભાવમાં દુઃખ ઘણું છે તો ય સુખ મનાણું છે. કદાચ કોઈને દેહને સુખ હોય તો ય એ સુખ નહિ. એ તો દુઃખ કરતાં પણ

વધારે દુઃખ, કેમ કે સુખમાં ભગવાન બહુ ન સાંભરે. એના કરતાં દુઃખમાં વધારે સાંભરે. આ લોકના વ્યવહારમાં પણ ભગવાનને મુખ્ય રાખે તો કામ સારું થાય. કેમ કે અનંતકોટી બ્રહ્માંડમાં ભગવાન એકસરખું અદલ પ્રમાણે કામ કરે છે માટે આપણે જો એને મુખ્ય રાખીએ તો બધો ય વ્યવહાર સરખો ચાલે એ વાત નક્કી છે. સમજણ હોય નહિ તે શંકા કરે કે એમ કેમ થાય? પણ જુઓને! પ્રહ્‌લાદે ભગવાનને માથે વ્યવહાર નાખ્યો તો ભગવાને છેવટ સુધી એમની સહાય કરી. જ્યારે પ્રસન્ન થઈ માગવાનું કહ્યું ત્યારે પ્રાર્થના કરી કે મહારાજ કોઈને માગવાનું ન કહેશો કેમ કે જીવને માગતાં આવડે નહિ તેથી દુઃખ માગશે; માટે તમારે આપવું હોય તે આપવું પણ માગવાનું ન કહેવું એવી પ્રાર્થના કરી તેમ જ કોઈની એવી પરીક્ષા લેવાની પણ ના પાડી. રંતિદેવને પચાસ દિવસે અન્ન મળ્યું પણ ધીરજ ન મૂકી. આવું સમજવા ધીરજ આખ્યાન વાંચવું, ને વચન પાળવા વચનવિધિ વાંચવી. તેમ જ મહારાજને સંભારવા હરિસ્મૃતિ અને પ્રકાશ થાવા હૃદયપ્રકાશ, મન જીતવા મનગંજન, એ સર્વે ગ્રંથ વાંચીને ઉત્તર કરતાં ન શીખવું પણ અર્થ કરતા રહેવું એટલે કેવળ બોલી દેખાડવું નહિ પણ પાળવું તો કામ થાય. ‘બીન વિચારનો બોલતો, જ્યું ભેરીકો નાદ’ માટે જે જે બોલવું તે વિચારીને જ બોલવું. ભગવાન પોતે જ પોતાનો મહિમા સમજાવે છે, એ માટે વચનામૃતમાં પહેલી મૂર્તિ અને સભાધ્યાન છે અને મંગળાચરણ કર્યું તેમાં જ મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની ભલામણ કરી પછી બધા વિવેક શીખવ્યા છે અને જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ભક્તિ, ઉપાસના આદિકની વાતો પોતે શ્રીમુખે

કરી છે. આ રીતે મહારાજ આપણને પાસે બેસાડીને વાતો કરે તો ય પ્રત્યક્ષ છે ને વાતો ન કરે તો ય એમના એમ છે, કેમ જે અખંડ છે. વળી અસલ અને નકલમાં ફેર છે, તેમ સિદ્ધ અને સાધકમાં ફેર છે. ઝવેરીની પેઠે નંગ ઓળખનારનું જેવું ગજું. વચનામૃતમાં મહારાજે ચમત્કારી વાતો બહુ કરી છે પણ જેવા પાત્ર તેવું સમજાય. આપણે કરોડ કામ મૂકીને આ કામ કરવાનું છે તે આજ મહારાજના પ્રતાપે સહેજે થાય છે. આવી પ્રાપ્તિ થઈ છે, વાતો સમજાય છે, તો ય આળસ પ્રમાદ ને ગાફલાઈથી જન્મ ધરવો પડે તો આત્મહત્યા કરી કહેવાય. સમય બહુ ભારે આવ્યો છે તેમ આવા જોગમાં કાંઈ કાચપ રહે એવું નથી પણ ખટકો રાખવો તે પોતાને કરવાનું છે. માટે આળસ પ્રમાદ ટાળી નાખી ખરા ખબડદાર થઈ રહેવું. ॥ ૧૬૫ ॥

## વાર્તા ૧૬૬.

બાપાશ્રી કહેતા કે ખોટાને તો ખોટું સૌ કહે, પણ જે સાચાને પણ પડ્યું મૂકે તો ખરો. તે કેવી રીતે? તો મહારાજનું ધામ સાચું, મુક્ત સાચા પણ મૂર્તિમાં રહેનારને મૂર્તિ વિના કોઈ નહિ એવી રીતે સમજવું; છતાં કેટલાક જુઠાંને સાચું કરી બેઠા છે પણ મહારાજ વિના બીજી વસ્તુ સાચી નથી, માટે મહારાજની મૂર્તિમાં રહ્યો તેને એક મહારાજ જ છે. એની પૂરી ખબર પડે પછી તેને અનાદિ, પરમ એકાંતિક, ધામ એ બધું ય ન હોય તેમ નહિ. પણ તેને એનો સંકલ્પ ન રહે. મૂર્તિવાળાને દિવ્ય દૃષ્ટિ છે તેથી સર્વત્ર મૂર્તિ દેખાય. સર્વત્ર ગતિ કરાય. પછી શું આડું આવે? તેને તો એક ભગવાનના

સુખ સાથે જ અનુસંધાન રહે. આમ જે મહારાજની મૂર્તિને સુખે સુખિયા થયા હોય તેને એ રીતે જાણપણું સહેજે રહે, કાંઈ કઠણ ન પડે. બહેચરભાઈના પિતા શંકરભાઈને સ્વામીએ કહ્યું કે રાજા પોતાનાં ગામડાં નિત્ય ગણે નહિ અને નગરશેઠિયા પોતાનું નાણું હંમેશાં ગણે નહિ, કેમ કે એ તો છે જ એમ જાણે. તેમ મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી મુક્તને કાંઈ સંકલ્પ જ નહિ. મૂર્તિમાં રહ્યા એ તો નિરુત્થાન હોય તેને તો બીજા મુક્ત સુખ લે છે? કે માંહી રહ્યા છે? એવું કંઈ પણ અનુસંધાન રહેતું નથી. જોકે એ તો જેટલું મહારાજ જાણે ને દેખે છે એટલું જાણે ને દેખે છે પણ એ તો સુખમાં જ લુબ્ધ રહે છે એટલે મૂર્તિ વિના બીજું કાંઈ જોતા જ નથી. હું તો અનાદિ કાળથી મૂર્તિમાં જ છું, છું ને છું જ; એમ રહે છે. ॥ ૧૬૬ ॥

## વાર્તા ૧૬૭.

સ્વામીશ્રીએ ચુનીલાલભાઈને પૂછ્યું જે, નિવૃત્તિમાં સુખ છે કે પ્રવૃત્તિમાં? ત્યારે તે બોલ્યા કે સ્વામી, એ તો તમે સમજાવો. પછી સ્વામીએ કહ્યું કે નિવૃત્તિમાં સુખ નથી પણ પ્રવૃત્તિમાં સુખ છે. પ્રવૃત્તિ તે શું? તો મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી તે મૂર્તિનું સુખ ભોગવવું એ પ્રવૃત્તિ છે. તેમાંથી તૂટક થવું તે નિવૃત્તિ છે માટે મૂર્તિના સુખમાંથી પાછા વળી નવરા થઈને બેસી ન રહેવું પણ સુખ લેવા રૂપ અખંડ પ્રવૃત્તિમાં જ રહેવું. જુઓને! અનાદિકાળના માયામાં હતા પણ એમાં શું વળ્યું? માટે આપણે તો આવી પ્રવૃત્તિમાં જ સુખ ને આનંદ છે એમ જાણવું. ॥ ૧૬૭ ॥

## વાર્તા ૧૬૮.

સર્વે સાધનમાં મૂર્તિમાં જોડાવું એ સાધન સર્વોપરી છે એમ કહીને સ્વામીશ્રીએ શંકરભાઈને પૂછ્યું જે, તમને મહારાજનાં દર્શન થાય છે? ત્યારે તે કાંઈ બોલ્યા નહિ. પછી સ્વામીએ કહ્યું જે, મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી તો એક મહારાજ જ છે. ક્યાં દર્શન બાકી રહ્યાં? એ તો છે જ. આપણે તો સુખભોક્તા જ છીએ માટે મહારાજ ક્યાં હશે તે ખોળવાનું નહિ અને દેહ પડ્યા કેડે પ્રાપ્તિ થવી તે વાત જ ખોટી છે. દેહ છતાં જ આ જ્ઞાન થયું ત્યારથી જ દેહ પડ્યો ને મહારાજના ધામમાં પહોંચ્યા માટે સમજણે કરીને દેહભાવ જશે, પણ સ્થૂળ દેહ પડે તેણે કરીને દેહભાવ નહિ જાય, માટે સમજણ દૃઢ કરવી તો સુખ આવે ને દેહભાવ જાય. ॥ ૧૬૮ ॥

## વાર્તા ૧૬૯.

સભામાં લોયાનું ૧૮મું વચનામૃત વંચાતું હતું. પછી સ્વામીશ્રી કહે જે, આમાં એમ આવ્યું જે ભગવાનને ભજનારા હોય તે જેવું આ લોકમાં ભગવાનનું સ્વરૂપ દેખાતું હોય તેવા રૂપને ભજે તે તેવા રૂપને પામે પણ મનુષ્યભાવ તો મૂકવાનો છે; કેમ કે મૂર્તિ દિવ્ય છે. માટે મહારાજમાં મનુષ્યભાવ મૂકીને દિવ્યભાવે ધ્યાન કરે તો મુક્ત થાય. જ્યારે ભગવાનને દિવ્ય તેજોમય મૂર્તિ જાણે ત્યારે પોતે પણ દિવ્ય તેજોમય થાય. મહારાજે કહ્યું છે કે નૃસિંહજીએ દૈત્યને મારીને પોતાનો દેહત્યાગ કર્યો. તે જેમ કાંટે કરીને કાંટો કાઢ્યો ને પછી બેયનો ત્યાગ કર્યો, તેમ આપણને જે દ્વારા મહારાજે આ સમજણ આપીને ઓળખાણ પડાવી એ મૂર્તિ સદાય દિવ્ય છે

તેમ સમજાવીને તેના દેહનો કાંટો કાઢ્યો પછી પોતામાંથી જે મનુષ્યભાવરૂપ કાંટો ભક્તને હતો તે પણ ગયો એટલે બેય કાંટાનો ત્યાગ કર્યો. આ રીતે ભગવાન તો દિવ્ય હતા પણ તે દિવ્ય સ્વરૂપના યોગે ભજનારો પણ દિવ્ય થયો માટે દિવ્ય કહ્યો છે. વળી સારંગપુરના ૧૭મા વચનામૃતમાં કહ્યું છે કે જેમ જેમ ભગવાનનું સમીપપણું થાય છે તેમ તેમ મહિમા ને અપારપણું વધતું જાય છે. તેમ એ મુક્તને પણ અપારપણું થાય. ॥ ૧૬૯ ॥

## વાર્તા ૧૭૦.

મહારાજની મૂર્તિમાંથી તેજની શેડ્યો છૂટે છે. એ ઠેકાણે સુખના ભોક્તા જે મુક્ત તેનું જાણપણું હોય છે તે સંપૂર્ણ સુખભોક્તા થયો. એ સુખ મૂર્તિમાંથી છૂટે છે, ને ક્યાં જાય છે તેનું તેને કાંઈ નહિ. એને તો નવીન નવીન સુખ છૂટે ત્યાં જ એકાગ્રપણું રહે છે અને સુખ તથા તેજ મૂર્તિમાંથી છૂટ્યા જ કરે છે. ક્યારેય બંધ રહેતું નથી. જેમ વાયુ હંમેશાં વાયા જ કરે છે તેમ અખંડ તેજ તથા સુખ છૂટ્યા જ કરે છે. ॥ ૧૭૦ ॥

## વાર્તા ૧૭૧.

**'त्यजधर्ममधर्मंच'** એ શ્લોકનો અર્થ કર્યો જે હું આમ ધર્મ પાળું છું, આમ વર્તું છું, એવો અહંપણાનો ભાવ તે ધર્મ અને મેં આ પાપ કર્યું, આમ કર્યું, તેવા ભાવે યુક્તપણું તે અધર્મ. તથા અસત્ય જે માયાના કાર્યમાંથી થયું તેનો ત્યાગ કરવો અને સત્ય જે પુરુષકોટી, બ્રહ્મકોટી, અક્ષરકોટી આદિ મહારાજના મુક્તથી ઓરી જે અચળ સૃષ્ટિ એ

સર્વનો ત્યાગ કરવો. પછી જે વિચારે કરીને એ સર્વનો ત્યાગ કર્યો તે વિચારનો પણ ત્યાગ કરવો, તે શું કરવા ત્યાગ કરવો? તો તેમાં બે વૃત્તિ થાય છે માટે તે સર્વેનો ત્યાગ કરે ત્યારે એકવૃત્તિ થાય અને ત્યારે જ મહારાજનો મુક્ત થયો. ॥ ૧૭૧ ॥

## વાર્તા ૧૭૨.

આપણે મહારાજ મળ્યા પછી એકલા ન ચાલવું, કેમ કે તેમાં વિઘ્ન છે. મહારાજ ભેળા તો અનંતકોટી મુક્ત હોય તેથી એ મૂર્તિ સાથે રાખવી તો કાંઈ બીક રહે નહિ. પછી કેળાની પ્રસાદી વહેંચીને બોલ્યા જે જુઓને! કેળામાં ગળપણ રહેલું છે તેમ મહારાજની મૂર્તિમાં તેજ રહેલું છે. પછી અધ્ધર વચન ઝીલવા વિષે કહ્યું કે મહારાજના મુખમાંથી વચન નીકળે અને મહારાજને શ્રોત્રે સાંભળે તે અધ્ધર વચન ઝીલ્યું કહેવાય. જેમ છીપ શ્વાંતના બિંદુ અધ્ધર ઝીલે છે તેનાં સાચાં મોતી થાય છે તેમ આવી વાત અધ્ધરથી ઝીલે તો સાક્ષાત્કાર થાય. મહારાજે કહ્યું છે કે ક્યારે કરવા માંડ્યું ને ન થયું? જુઓને! આપણે આ કરવા માંડ્યું તો થયું, તે શું? તો મહારાજની મૂર્તિમાંથી તેજ છૂટે છે તે દેખાણું. પ્રથમ ના કહેતા હતા તે પણ સત્ય થયું. બહેચરભાઈ કહેતા કે તેજે સહિત મૂર્તિ દેખાય ત્યારે પૂરું સુખ કહેવાય તે હવે બરોબર થયું. માટે કરવા માંડે તો થાય પણ આળસ રાખે તો ન બને. સ્વામી કહે બાપાશ્રીએ મને કહ્યું જે, મહારાજના ચરણકમળના જમણા અંગુઠામાંથી તેજ છૂટે છે. તેનો શબ્દ કેવો થાય છે? તો પૃથ્વી જેવડી ઝાલર હોય, મેરુ જેવડો ડંકો

હોય ને વૈરાટ જેવા અનંત વગાડનારા હોય તેવો શબ્દ શ્રી પુરુષોત્તમનારાયણના જમણા ચરણાર્વિંદમાંથી નીકળે છે. પછી મેં કહ્યું જે, એ કેમ ખમાય? ત્યારે બાપાશ્રી કહે કે એવો શબ્દ સાંભળે ત્યારે તે સાંભળનારો પણ તેવો મોટો પાત્ર થયો. તેને તો જેમ આપણે અહિ આરતી થાય છે ને શબ્દ થાય છે તેવો શબ્દ લાગે, માટે પાત્ર પ્રમાણે દેખાય ને પછી ખમાય. ॥ ૧૭૨ ॥

## વાર્તા ૧૭૩.

એક દિવસ શંકરભાઈ સ્વામીશ્રીના આસને આવીને બોલ્યા જે, મને આજ પરસેવો બહુ વળ્યો ને થાક લાગ્યો. તે સાંભળીને સ્વામીએ કહ્યું જે, હાથી હોય તે ઉનાળાના તાપમાં રસ્તે ચાલે ત્યારે તાપ લાગે એટલે પોતે પાણી પીધું હોય તે પછી સૂંઢ દ્વારે કાઢીને રસ્તે છાંટે તથા અડખે પડખે પોતાને પેટે છાંટે એટલે સર્વત્ર ટાઢું થાય; પછી ચાલે. તેમ આપણે મૂર્તિમાં અખંડ છીએ એમ જાણપણું રહ્યા કરે એટલે સર્વત્ર તાપની શાંતિ થઈ જાય. એવાં વચન સાંભળીને શકંરભાઈ બોલ્યા જે, સ્વામી! આપે આ વાત કરી તે પ્રમાણે તો સર્વત્ર તાપની શાંતિ થઈ ગઈ ને ફરીને તાપ લાગે એવો વખત પણ જતો રહ્યો. એવું ટાઢું થયું. ॥ ૧૭૩ ॥

## વાર્તા ૧૭૪.

ગામ કેસરડીમાં સ્વામીશ્રી પધાર્યા હતા ત્યાં સભામાં વાત કરી જે, પોતાને મળી જે મૂર્તિ તેમાં આપોપું કરી તે જ પોતાનું સ્વરૂપ માનવું, પછી તેનું મનન કરતાં કરતાં તે મૂર્તિ દિવ્ય તેજોમય છે એવો ભાવ આવે ત્યારે એ દિવ્ય મૂર્તિના

યોગે કરીને પોતાનો દેહભાવ પણ જાય. પછી મહારાજ એ મુક્તને જેટલું સુખ આપવું હોય તેટલું આપે.

પછી વળી  સ્વામી બોલ્યા જે, જેમ બાપનું કમાયેલું જે ખાય તે ટાઢું ખાધું કહેવાય અને પોતે કમાઈને ખાય તે ઊનું ખાધું કહેવાય. તેમ મહારાજ તથા મોટા મુક્તોએ ચમત્કાર જણાવી દર્શન સુખ આપ્યાં હોય તેની વાતો કરવી એ ટાઢું જમ્યા જેવું કહેવાય અને મહારાજનું ધ્યાન કરતાં મૂર્તિમાંથી નવાં નવાં સુખ આવે તે ઊનું જમ્યા જેવું કહેવાય. કદાપિ મોટા મુક્ત બીજાના સમાસને અર્થે થઈ ગયેલા ચમત્કાર પ્રતાપની વાતો કરતા જણાતા હોય તો પણ તેમને મૂર્તિના દિવ્ય સુખમાં જ આનંદ હોય.

આપણે મહારાજ તથા મુક્ત એ બેનું જ વર્ણન કરવું, કેમ કે એ વિના બીજા કોઈ પાસે આત્યંતિક મોક્ષ નથી. આ બેયને સદાય ભેળીસારો છે એટલે બે નામ લેવાય છે પણ કર્તા તો એક મહારાજ છે, માટે મુક્તભાવ આવ્યા પછી તો એક મૂર્તિ જ છે; એમ જાણી મહારાજે મને મૂર્તિમાં નખશિખ પર્યંત સળંગ દિવ્ય તેજોમય કરીને રાખ્યો છે એ ભાવ આવે ત્યારે શાશ્વત શાંતિ; એટલો જ સત્સંગ કરવાનો છે. તે થાય છે કે કેમ? તે તપાસવું, તે વિના બાકી રહેતું હોય તો ખબડદાર થઈને કરી લેવું ને ત્યારે મહારાજ અને મોટા રાજી થાય. ॥ ૧૭૪ ॥

## વાર્તા ૧૭૫.

સ્વામીશ્રી કહે વચનામૃતમાં મહારાજે પોતાની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની આજ્ઞા કરી છે તે માટે એ મૂર્તિનું મનન

કરવું, મૂર્તિરૂપ ચિંતામણિનું ચિંતવન કરવું એ પહેલો પાઠ જાણવો અને મ. પ્ર. ૧૩મા વચનામૃતમાં તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજ સદાય બિરાજે છે. એ મૂર્તિને ફરતા મુક્ત મંડળ ભરાઈને બેઠા છે. તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ મહારાજે કહ્યું છે. તે પ્રમાણે અખંડ અનુસંધાન રાખવું અને સર્વે વાતમાં એ વાતનું બીજ લાવવું તથા દેહ રહે ત્યાં સુધી એ વાત કરવી અને ભાગવતીતનું એ એટલે મૂર્તિરૂપ થયા પછી પણ એ જ વાત કરવાની છે એમ વર્તવાનું તાન રાખવું એ બીજો પાઠ જાણવો અને છે. પ્ર. ૩૯મા વચનામૃતમાં આત્મા પરમાત્માનો વેગ લગાડી દેવાનું કહ્યું છે એ વાતનો વેગ લગાડવો. આ વાત રગરગમાં ઉતારવી, આ ત્રીજો પાઠ જાણવો. આવું ભણતર ભણે તેને શ્રીજીમહારાજ દયા કરી પોતાની મૂર્તિમાં રાખે છે. શ્રીજીમહારાજના આશ્રિત સર્વને આવું ભણતર ભણી મોક્ષ માર્ગ સિદ્ધ કરી લેવો. ॥ ૧૭૫ ॥

## વાર્તા ૧૭૬.

વિરમગામમાં સાધુ ચૈતન્યદાસજીને તાવ આવતો હતો ત્યારે સ્વામીશ્રીએ તેમને ભલામણ કરી કે હવે મહારાજની મૂર્તિમાં જોડાઈ જજો, કાંઈ વાસના રાખશો નહિ. તે વખતે તેમણે કહ્યું જે સ્વામી! મારે બીજો તો એકે સંકલ્પ નથી, પણ તમારી સેવા કરવાનું મનમાં રહે છે. ત્યારે સ્વામી કહે હરજી ઠક્કરની માને શ્રીજીમહારાજને થાળ કરીને જમાડવાનો શુભ સંકલ્પ રહ્યો હતો પણ તેમાંથી જન્મ ધરવો પડ્યો, માટે આવો સંકલ્પ કાઢી નાખજો. મહારાજ દિવ્ય તેજોમય છે અને મુક્ત એ મૂર્તિમાં રહ્યા છે. એ મૂર્તિમાં મહારાજે દયા

કરી મને પણ રાખ્યો છે એવું અનુસંધાન રાખો. આમ વાત કરી એટલામાં તો અંતર્વૃત્તિ થઈ ગયા પછી થોડીક વાર કાંઈ બોલ્યા નહિ પણ પછી જાગૃત થઈ કહેવા લાગ્યા જે, મહારાજ આ રહ્યા! બાપાશ્રી આ રહ્યા! હવે મને કોઈ બોલાવશો નહિ, હું તો મૂર્તિમાં જ છું. તેજોમય દિવ્ય મૂર્તિ શ્રીજીમહારાજ સુખ આપે છે; એમ કહી મૂર્તિમાં જોડાઈ ગયા. ॥ ૧૭૬ ॥

**સમાપ્ત**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે--

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્તની વાણી આત્મસાત્ કરી પાત્ર થઈએ
તો ધ્યાન સિદ્ધ થાય.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com